
ગુજરાતી

# યુગ શક્તિ ગાયત્રી

યુગ ઋષિ પરમ પૂજ્ય ગુરુદેવ વિશેષાંક



શત્-શત્ વંદન હે યુગ દૃષ્ટા, યોગેશ્વર, ત્રિપુરારી ।
तुम्हें जन्म दे, धन्य हुई मां भारत भूमि हमारी ॥

**જુલાઈ ૧૯૯૭**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અનુક્રમણિકા


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | કઠિન પરીક્ષા | ૧ | ૯. | પૂજ્ય ગુરુદેવનું માર્ગદર્શન અને સલાહ | ૨૧ |
| ૨. | અનુભવનું મહત્વ | ૨ | ૧૦. | યા દેવિ સર્વભૂતેષુ | ૨૭ |
| ૩. | દિવ્યં દદામિ તે ચક્ષુ: પશ્ય મે | ૪ | ૧૧. | દેવપૂજાનું તત્ત્વદર્શન | ૩૧ |
| ૪. | અર્જુન કૂતુહલ દ્વારા ભયભીત થયો | ૭ | ૧૨. | આટલી તો નૈષ્ઠિક સાધના કરીએ જ | ૩૪ |
| ૫. | ધર્મનું રહસ્ય સમજાવવાની મનમોહક શૈલી | ૧૦ | ૧૩. | પ્રતિભા મેળવી શકાતી નથી, કમાઈ શકાય છે | ૩૮ |
| ૬. | અંધવિશ્વાસનો પુલ તોડ્યા સિવાય આધ્યાત્મિક લક્ષ્ય અસંભવ | ૧૨ | ૧૪. | આત્મીય અનુરોધ | ૪૧ |
| ૭. | વાનપ્રસ્થીનો અર્થ | ૧૬ | ૧૫. | યુગ નિર્માણ સમાચાર | ૪૭ |
| ૮. | મહાપુરુષોની દૃષ્ટિમાં પૂજ્ય ગુરુદેવ | ૧૭ | ૧૬. | ઉજ્જવળ ભવિષ્યના પ્રવક્તા...... | |


વર્તમાનમાં માનવ નાની મોટી જ્વલંત સમસ્યાઓથી કોઈ ને કોઈ રીતે ઘેરાયેલો છે. આ સમસ્યાના ઉકેલ માટે માનવ ધર્મ-આધ્યાત્મનો સહારો લે છે. યુગ દૃષ્ટા પૂજ્ય ગુરુદેવ શ્રીરામ શર્મા આચાર્યજીએ માનવ જીવનની અનેક સમસ્યાના નિરાકરણ માટે પોતાની લેખનીથી ઘણું જ ઉત્તમ માર્ગદર્શન આપેલ છે. જેને **શક્તિ ગાયત્રી** જૂન ૧૯૯૭ના ક્રાંતિ વિશેષાંકમાં પ્રસ્તુત કરેલ છે.

આ વિશેષાંકની ખુબજ માંગ આવી રહી છે. આપના પરિજનોને વિશેષાંક સરળતાથી મળી રહે એ માટે ગાયત્રી જ્ઞાનપીઠ- પોસ્ટ-જુનાવાડજ, અમદાવાદથી પણ આ વિશેષાંક વિતરણની વ્યવસ્થા કરવામાં આવી છે. ૧૦ અંકના રૂા. ૩૭-૫૦ના હિસાબે એડવાંસ રકમ મોકલી વિશેષાંક પ્રાપ્ત કરી લેવા. આ અંક ૧૦, ૨૦, ૫૦, ૧૦૦ ના ગુણાંકમાં મંગાવા.

ગાયત્રી જયંતીના પાવન પર્વે ગાયત્રી તપોભૂમિ, મથુરામાં આયોજિત પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રદ્ધાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ શ્રદ્ધામય વાતાવરણમાં સંપન્ન થયો. આ બે દિવસીય આયોજનની ઓડિઓ કેસેટો તૈયાર કરવામાં આવી છે. તારીખ ૧૪ના દસ-સ્નાનનો કાર્યક્રમ હતો જેની ૯૦ મિનટની એક કેસેટ તૈયાર કરેલ છે. જેની કિંમત રૂા. ૨૫ ( પોસ્ટેજ ખર્ચ અલગ ) છે. તારીખ ૧૫નો વિશેષ ક્રાંતિકારી સૈનિકો માટેનો શપથ કાર્યક્રમ થયો જેની ૬૦ મિનટ વાળી બે કેસેટો તૈયાર કરવામાં આવી છે. જેની કિંમત રૂા. ૪૦-૦૦ ( પોસ્ટેજ ખર્ચ અલગ ) છે. આ ઉપરાંત આ સંપૂર્ણ કાર્યક્રમના ઉદ્દેશ્ય માટે શ્રી ચૈતન્યજીના ઉદ્‌બોધનની ૬૦ મિનટની એક કેસેટ તૈયાર કરવામાં આવી છે. જેની કિંમત રૂા. ૨૦-૦૦ ( પોસ્ટેજ ખર્ચ અલગ ) છે.

આ કેસેટો પણ ગાયત્રી તપોભૂમિ-મથુરા, ગાયત્રી જ્ઞાનપીઠ-અમદાવાદ તેમજ નજીકની શક્તિપીઠ, પ્રજ્ઞાપીઠ, શાખાથી પ્રાપ્ત કરી લેશો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી


: સંસ્થાપક/સંરક્ષક :

વેદમૂર્તિ તપોનિષ્ઠ યુગદૃષ્ટા

**પં. શ્રીરામ શર્મા આચાર્ય**

અને

**માતા ભગવતી દેવી શર્મા**

સંપાદક :

**પં. લીલાપત શર્મા**

: કાર્યાલય :

**ગાયત્રી તપોભૂમિ,**

**મથુરા-૨૮૧ ૦૦૩**

: ટેલિફોન :

(૦૫૬૫)૪૦૪૦૦૦,૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા

આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા

વિદેશનું લવાજમ

વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડોલર/ ૪૦૦ રૂપિયા

આજીવન : ૧૦૦ પાઉન્ડ/ ૧૫૦ ડોલર/ ૪૫૦૦ રૂપિયા

વર્ષ - ૨૭ અંક - ૭

**જુલાઈ - ૧૯૯૭**


## કઠિન પરીક્ષા

નૈમિષારણ્ય તીર્થમાં ભગવાન વ્યાસદેવે મહાભારતની રચના કરી હતી. તેઓ આ મહાગ્રંથની વિશેષતાઓનું ઋષિમુનિઓ સમક્ષ વર્ણન કરી રહ્યા હતા. તે વેળા પરમેષ્ઠિ શ્રી બ્રહ્માજી ત્યાં પધાર્યા. સત્યવતી નંદન શ્રી વ્યાસજીએ સ્વયં ઊઠીને તેમના માટે આસન પાથર્યું અને તેમને સન્માનપૂર્વક વિરાજમાન કર્યા. વ્યાસજી સાથે બધા ઋષિગણો તેમને ઘેરીને બેસી ગયા.

**ઉવાચ સ મહાતેજા બ્રહ્મણં પરમેષ્ઠિનમ્ ।**
**કૃતં મયેદં ભગવન કાવ્યં પરમ પૂજિતમ્ ॥**

**- આદિ પર્વણિ - ૬૧**

તેજસ્વી વ્યાસ દેવે બ્રહ્માજીને નિવેદન કર્યું - ભગવાન ! મેં અતિ પૂજનીય મહાકાવ્યની રચના કરી છે. એની સંપૂર્ણ વિશેષતાઓનું તેમણે આગળ વર્ણન કરતાં કહ્યું -

**યચ્ચાપિ સર્વગં વસ્તુતચ્ચૈવ પ્રતિપાદિતમ્ પરં**
**ન લેખકઃ કશ્ચિદેતસ્ય ભુવિ વિદ્યતે ॥ - આદિ પર્વણિ - ૭૦**

જેટલા પણ લોકોપયોગી પદાર્થ હોઈ શકે છે, લોકવ્યવહારની સિદ્ધિ માટે જે કંઈ આવશ્યક છે, તે બધાની રજૂઆત આમાં કરવામાં આવી છે. મને ચિંતા એ છે કે આ ગ્રંથને લખી શકે એવો કોઈ પૃથ્વીમાં દેખાતો નથી.

બ્રહ્માજીએ સલાહ આપી. આ કાર્યને કરવામાં કેવળ ગણેશજી જ સમર્થ છે, તમે તેમનું સ્મરણ કરો. ભગવાન વ્યાસજીએ તેમને યાદ કર્યા. શ્રી ગણેશજી હાજર થયા. વ્યાસજીની માગણી સમજ્યા. તેઓએ કહ્યું મારી કલમ એક પળ માટે પણ અટકે નહીં તો હું આપના આ મહાકાવ્યનો લેખક બની શકું છું. શ્રી વ્યાસજીએ આગ્રહ કર્યો, આપને કેવળ એટલી જ પ્રાર્થના છે કે સમજ્યા વિના એક શબ્દ પણ ન લખવામાં આવે. આ રીતે લેખન માટેની વ્યવસ્થા થઈ ગઈ.

શ્રી વ્યાસ દેવજીએ ૮૮૦૦ શ્લોક લખાવ્યા. તેમને કેવળ શુકદેવ સમજી શકતા હતા અને અપૂર્ણ સંજ્યજી તે શ્લોકોના અર્થ એટલા ગંભીર અને ગૂઢ હતા કે તેમને સમજવામાં જ્યાં સુધી શ્રી ગણેશજીને થોડો સમય જતો ત્યાં સુધી શ્રી વ્યાસજી નવા શ્લોકોની રચના કરી લેતા. આ એક કઠિન પરીક્ષા હતી. જેમાં ગુરુ-શિષ્ય બંનેની પ્રતિષ્ઠાની હરીફાઈ હતી. આત્મસંયમ શ્રી વ્યાસજીનો અને વાણીસંયમ શ્રીગણેશજીનો હોવાથી મહાભારત જેવા અદ્ભુત ગ્રંથની રચના થઈ, જેના પ્રકાશથી આજે સમગ્ર દુનિયાનું કલ્યાણ થઈ રહ્યું છે.




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અનુભવનું મહત્ત્વ

## પરમપૂજ્ય ગુરુદેવ દ્વારા ઑગષ્ટ ૧૯૪૨માં લખાયેલ લેખ

અમારા ગામમાં એક હુબ્બલાલ નામના તલાટી હતા. ગામમાં જમીનદારની પાસે ન હોય તેવી એક ઘોડી તેમની પાસે હતી. તે ઘોડી જોઈને નાની ઉંમરમાં મને આશ્ચર્ય થતું. આ વાત કહેવાનું તાત્પર્ય એ છે કે તેર કે ચૌદ રૂપિયાના પગારમાં આવી ઘોડી રાખવી અશક્ય હતી. પરંતુ તેમણે ગામની તલાટીની કામગીરીમાં હજારો રૂપિયાની કમાણી કરી હતી, તેમનો ઠાઠમાટ મોટામોટા જમીનદારો કરતાં મોટો હતો. તેમનો આતંક એવો હતો કે જેની તરફ લાલાજીની ત્રાંસી નજર થઈ જતી, તો તે ભયથી સૂકાઈ જતો. પરંતુ જેની તરફ કૃપાદૃષ્ટિ થતી તે નિર્ભીક બની જતો. કોર્ટ-કચેરીમાં, ફસાવવામાં, પરસ્પર લડાવવામાં અને સરકારી કારોબારમાં તેમની પહોંચ સારી હતી. જે કોઈ બાબતનો ઈરાદો કરતા તેને ખટપટથી પૂરો કરીને જ અટકતા. તેમના ગુસ્સાએ કેટલાંય ખાતાંપીતાં ઘરોને ઉજાડી મૂક્યાં હતાં અને કેટલાંય શિયાળો સિંહ બની ગયાં હતાં. લાલા હુબ્બલાલજી આ પ્રકારના તલાટી હતા.

હું મોટો થતાં ગામની પ્રાથમિક પરીક્ષા પાસ કરીને આગ્રા ગયો. ત્યાં અભ્યાસની સાથે થોડું સેવાકાર્ય પણ કરતો હતો. અમારી સેવા-સમિતિએ ક્રાંતિના દિવસોમાં અપંગોને ધાબળા અને રજાઈઓ વહેંચવાની વ્યવસ્થા કરી હતી. આ વ્યવસ્થામાં હું જિલ્લામાં ભ્રમણ કરતો. અપંગોની યાદી તૈયાર થઈ રહી હતી. હરતો-ફરતો મારા ગામ પર પહોંચ્યો. આ કામ અર્થે પૂછપરછ કરતાં તલાટીનું નામ સૌથી પહેલાં લખાવવામાં આવ્યું. હું આશ્ચર્યથી ગૂમસૂમ થઈ ગયો. જે તલાટી છ-સાત વર્ષ પહેલાં ગામના બેતાજ બાદશાહ હતા, તેના આજે આ હાલ છે કે અપંગો માટેના ધાબળા આપવા પડે. એમની નોકરી છૂટી જવાની અને બીમાર પડી જવાની તો મને ખબર હતી, પરંતુ આજે આવી દશા થઈ ગઈ છે તેની જાણકારી ન હતી.

હું ઊભો થઈને તેમની સંપૂર્ણ જાણકારી મેળવવા તેમની પાસે દોડી ગયો. લાલાજીને લકવો થઈ ગયો હતો. તેઓ તૂટેલા ખાટલા પર ફાટેલાં વસ્ત્રોમાં પડ્યા હતા. તેમના હાથપગ પણ હાલીચાલી શકતા ન હતા. શૌચક્રિયા માટે ઊભા થઈ શકાતું ન હતું. સ્નેહી અને સંબંધીઓ તેમને છોડીને ચાલી ગયા હતા. તેમનું કોઈ સહાયક ન હતું. ખાટલામાં એક છિદ્ર પાડી રાખ્યું હતું, જેમાંથી સંડાસ કરી લેતા. તેમના માટે સ્નાનાદિની કોઈ વ્યવસ્થા ન હતી. ભોજનની વ્યવસ્થા તો ઈશ્વરને આધીન હતી. તેમનો સ્વભાવ એવો બેબાકળો થઈ ગયો હતો કે કોઈ પણ પરિચિત વ્યક્તિને જોતાંવેંત જ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડતા હતા. હું તેમની પાસે જેવો પહોંચ્યો કે તુરત જ લલ્લુ લલ્લુ કહીને ધ્રુસકે ધ્રુસકે તેઓ રડવા લાગ્યા. હું પણ સ્વસ્થ ન રહી શક્યો અને તેમના ખાટલા પાસે બેસીને રડવા લાગ્યો.

અમે બંને એકાંતમાં રોઈ રહ્યા હતા. ત્રીજું કોઈ જોનાર ન હતું. અમારા બેમાંથી કોઈના મોમાંથી એક શબ્દ પણ નીકળ્યો હતો. પરંતુ પરસ્પર વાર્તાલાપ ચાલુ હતો. પરંતુ પરસ્પર વાર્તાલાપ ચાલુ હતો. તેમનાં આંસુ કહી રહ્યાં હતાં, ''ચાર દિવસની ચાંદનીમાં ફુલાઈ જવું વ્યર્થ છે''. મેં લાલાજીની દશાના એક એક દર્દનો અનુભવ કર્યો. આ અનુભવ મારા મગજમાં ખીલા ઠોકીને સમજાવી રહ્યો હતો કે, ''જીવન જેવી અમૂલ્ય વસ્તુનો સદુપયોગ થવો જોઈએ. તે પળોએ જીવનમાં ક્રાંતિ પેદા કરી દીધી. હું પણ જીવનમાં ધન, ઐશ્વર્ય, વૈભવ, કીર્તિ આદિનાં જે સ્વપ્નો જોતો હતો, તે તત્કાળ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છિન્નભિન્ન થઈ ગયાં. લાલાજીએ મૌન શબ્દોમાં કહ્યું, ''લલ્લુ મારી તરફ જો.'' મેં ધ્યાનપૂર્વક જોયું અને અનુભવ કર્યો કે તે અજ્ઞાન, અવિવેક, પાપ અને પતન જેના લીધે અમારા લાલાજીની આ દશા થઈ રહી છે, તેને અમોએ દુનિયામાંથી દૂર કરવા પડશે અને પીડિત માનવજાતિને જગાડીને બતાવવું પડશે કે પાપની ભયંકરતાને જુઓ અને તેનાથી સાવધાન રહીને બચો. મારાથી જે સહાયતા લાલાજીને થઈ શકતી હતી તે કરી અને નમસ્કાર કરીને ચાલી નીકળ્યો.

આ અડધા કલાકનો મૂક અને મૌન સત્સંગ ઘણો ઓછો હતો, પરંતુ તે મારા માટે હજારો ગીતો અને પાઠો કરતાં વધુ શિક્ષણપ્રદ નીવડ્યો. તે સમયથી પ્રભાવિત થઈને હું ધર્મપ્રચારમાં જોડાઈ ગયો અને આજે ધર્મપ્રચારના રૂપમાં, અખંડ જ્યોતિના સંપાદકના રૂપમાં હું દુનિયાની સામે મોજૂદ છું.

જે અનુભવ પ્રસંગોના આધાર પર થાય છે તે નિઃશંક નક્કર, ગંભીર, પ્રભાવશાળી અને મહત્ત્વપૂર્ણ હોય છે. આ અનુભવ લેખમાં અમારો પોતાનો સાચો અનુભવ રજૂ કર્યો છે. આ અનુભવ અનેક કહેલા ઉપદેશો કરતાં વધુ શિક્ષણપ્રદ નીવડશે એવો અમારો અભિપ્રાય છે. આ લેખમાંથી વાચકો યોગ્ય માર્ગ પર ચાલવાનો અને પાપથી દૂર રહેવાનું શિક્ષણ ગ્રહણ કરશે એવી અમારી આશા છે.

સૃષ્ટિકર્તા બ્રહ્માજી જેના પર બિરાજમાન છે, તે સહસ્રદલ કમલ છે. વિષ્ણુ ભગવાન જે શેષનાગ શયન કરે છે, તે સહસ્ર ફેણવાળા છે. શંકરજીના શરીરને સહસ્ર સર્પ લપેટાયેલા રહે છે અને તેટલા જ વીરભદ્રો અને ભૂતપ્રેતોનો સમુદાય સાથે રહે છે. આ સહસ્રશીર્ષો સમર્થનનું અલંકારિક વર્ણન છે. આનું તાત્પર્ય અવતારની સાથે જોડાયેલા રહેનારા વરિષ્ઠોનું અને જાગૃત આત્માઓનું સમર્થન અને સહયોગ જ કહી શકાય છે.

ભગવાન બુદ્ધનું ધર્મચક્ર પ્રવર્તન સહસ્રો જીવનધારી પરિવ્રાજકોની સાથે જ સંભવ થઈ શક્યું. ગાંધીજીનું સ્વતંત્રતા-સંગ્રામ આંદોલન અગણિત સત્યાગ્રહીઓની સેના દ્વારા લડાયું અને જીતાયું. એના પહેલા રામ ભગવાન રીંછવાનરોની વિશાળ સેનાની સહાયથી પુલ બાંધવાનું, લંકા જીતવાનું અને રામરાજયની સતયુગી સ્થાપનાનું કાર્ય સફળ થયું. કૃષ્ણએ ગોપબાળકોની સહાયથી ગોવર્ધન ઉઠાવ્યો અને પાંડવોની સાથે અસંખ્ય સહયોગીઓ સામેલ કરીને મહાભારતનું યુદ્ધ સફળ કરી બતાવ્યું. નિરાકાર ભગવાનની યોજના અને પ્રેરણા તો કામ કરે છે, પરંતુ તેનો અમલ કરાવવાની જવાબદારી શરીરધારીઓ પર જ આવે છે. મહારાસમાં અસંખ્ય ગોપ-ગોપીઓના તાલનો સમન્વય થયો હતો.

અવતાર પ્રવાહનું નેતૃત્વ હંમેશાં મૂર્ધન્ય સ્તરની પ્રતિભાઓ અને જાગૃત આત્માઓ કરતી હોય છે. તેમણે જ યુગ પરિવર્તન-યુગ સર્જનનું આક્રમણ સંભાળ્યું છે અને એના માટે જનતાનું સમર્થન મેળવ્યું છે.

સૂર્યોદયનો પ્રાથમિક પરિચય ઊંચા પર્વતનાં શિખરો આપે છે. જહાજોનું પ્રથમ દર્શન તેમના મુખ્ય સ્તંભ કરાવે છે. સૈન્યની આગળની હરોળમાં ધ્વજાધારી ચાલે છે. તેમનો સહયોગ અસંખ્ય લોકોમાં ઉત્સાહ પેદા કરે છે. આ પરંપરા યુગોથી ચાલતી આવી છે. આદર્શવાદી પ્રમાણો આપનારા અગ્રેસરોને મહામાનવ, યુગપુરુષ આદિ નામોથી સન્માનિત કરવામાં આવે છે. યુગ પરિવર્તનની આ પુણ્ય વેળામાં તેઓ જ અનુકરણીય ઉદાહરણ રજૂ કરશે. આ ક્રમ જેટલી ઝડપથી અને વિસ્તારથી ચાલશે તેના પ્રમાણમાં યુગ નિર્માણ અભિયાનમાં પ્રાણપ્રવાહ રેડાશે. જાગૃત આત્માઓનો સમુદાય જે પ્રમાણમાં વધશે અને પોતાની પ્રવૃત્તિઓને જેટલા પ્રમાણમાં આદર્શોને અપનાવવાનું સાહસ કરશે તેના પ્રમાણમાં સફળતાઓની સંભાવનાઓ નજીક કે દૂર જણાશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દિવ્યં દદામિ તે ચક્ષુ: પશ્ય મે

''જસોદા તેરો જાયો ને માટી ખાયો'' પડોશની કોઈ ગોવાળણે યશોદાને બાળક શ્રીકૃષ્ણજીની ફરિયાદ કરી કે જસુમતિ તમારા પુત્રએ માટી ખાધી છે. યશોદાએ કનૈયાના કાન પકડ્યા અને મો ખોલીને બતાવવા કહ્યુ. શ્રીકૃષ્ણએ મોં ખોલીને જે માને બતાવ્યુ તે એટલું વિરાટ હતુ કે તેમનું હૃદય કપી ગયુ. મોંમાં વિરાટ બ્રહ્માંડ સમાયેલુ હતુ. અનેક બ્રહ્માડો અને પ્રત્યેક બ્રહ્માડમા પોતાની જ મંદાકિનીઓ, સૂર્ય, ચદ્ર, અગ્નિની જ્વાળાઓ, વિશાળ ઉછાળા મારતો સમુદ્ર, આમ એવું કઈ પણ બાકી ન હતું જે બ્રહ્માડમાં તો હોય પરતુ તેમના મોંમાં ન દેખાતું હોય. તે તો સારું હતું કે શ્રીકૃષ્ણે સહજ રૂપ ધારણ કરી લીધું, નહીંતર યશોદા તેમનુ વિરાટ સ્વરૂપ જોઈને બેભાન થઈ હોત

એવું કહેવાય છે કે એક વખત શ્રીરામચંદ્રએ કાકભુશુન્ડિ કે જેઓ પોતે પોતાને ગુણવાન માનતા હતા તેમને આવું જ વિરાટ રૂપ બતાવીને તેમની હાલત બગાડી દીધી હતી. મહાભારતના યુદ્ધમા કૌરવ તથા પાંડવોની સેનાઓ મેદાનમા આવીને ઊભી થઈ ગઈ હતી. ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને વારંવાર સમજાવવાનો પ્રયત્ન કર્યો અર્જુન ! ધર્મયુદ્ધ આ સંસારની અનિવાર્યતા છ જો સન્માર્ગગામી, સત્પ્રવૃત્તિઓના પક્ષકાર યુદ્ધને છોડીને ભાગી જાય છે તો એનો સીધો અર્થ છે દુષ્ટતાને છવાઈ જવાનો માર્ગ મોકળો કરી આપવો. અર્જુન કહેતો હતો, ''જાનામિ ધર્મ ન ચ મે પ્રવૃત્તિ'' ભગવાન મને એ વાતનું જ્ઞાન છે કે મનુષ્યનુ મૃત્યુ ચોક્કસ થનાર છે. પરંતુ તે તરફ હુ રતીભાર જોડાઈ શકતો નથી તે વેળા ભગવાને તેને પણ પોતાનું વિરાટ રૂપ બતાવીને ધમકાવ્યો અને તેને હૃદયથી કર્મયોગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ પૈકી કોઈ પણ માર્ગ પર ચાલીને આત્મોદ્ધાર કરવા માટે સમત કર્યો.

પરમ પૂજ્ય ગુરુદેવે આ યુગની પરિસ્થિતિઓને અનુરૂપ એકલા એક યશોદા, કાકભુશુન્ડિ અથવા અર્જુનને વિરાટ રૂપ બતાવ્યુ નહીં, બલ્કે લાખો લોકોને જીવનના વિરાટ રૂપની સમજ આપીને તેમને ઢઢોળ્યા. ધર્મના માર્ગ પર ચાલવું અનિવાર્ય છે તેમ સમજાવીને તેના પર ચાલવા લાચાર બનાવ્યા. તે વેળા એક અર્જુન જ યુદ્ધ ભૂમિમાં કૂદી પડ્યો અને મહાભારત જીત્યો હતો. આજે તો હજારો અર્જુન, પાડવો અને તેમના પુત્રો સહિત અનેક યોદ્ધાઓ પોતાનાં શસ્ત્રો લઈને સમરાગણમા કૂદી પડ્યા છે. ધર્મતંત્રની આ પ્રચંડ લહેરને રોકવી કોઈના કાબૂની વાત નથી. સત્ય તો એ છે કે જ્યારે સન ૧૯૪૨મા 'કરો યા મરો' ના નારાની સાથે એક પ્રચંડ આદોલન સર્જાયું હતુ ત્યારે તે આદોલનકારીઓના સંગઠન પર કૉંગ્રેસનુ પણ સ્વયં નિયત્રણ રહ્યુ ન હતુ ઠીક, આજે તેવી જ સ્થિતિ બની છે. આજે નિયંત્રણ ન તો ગાયત્રી પરિવારના હાથમાં રહ્યુ છે કે ન તો યુગ નિર્માણ યોજનાના કાબૂમા રહ્યું છે. આદોલનની કમાન સીધી મહાકાળે સભાળી લીધી છે અને તેથી ગુરુદેવના શબ્દોમા પ્રત્યેક મોરચે લડવામા આવનાર આ મહાભારત તો સફળ થઈને જ રહેશે

પરમ પૂજ્ય ગુરુદેવે પ્રારંભમાં ધર્મનો યથાર્થ સમજાવ્યો. લોકોને અધશ્રદ્ધા, પરપરાવાદ, ભાગ્યવાદ, જ્યોતિષના ચમત્કારની ભ્રામક માયાજાળમાથી બહાર કાઢવાનો અને ધર્મનુ યથાર્થ રૂપ સમજાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ લોકોને ચમત્કારથી બહાર કાઢવાનુ અને બાધાઓથી છોડાવવાનુ કામ ઘણુ મુશ્કેલ જણાતુ હતુ. તેમણે જેમનુ કામ હાથમાં લીધુ હતું તેને પૂરુ કર્યુ અને વરદાન-સહાય આપવામા કજૂસાઈ કરી નહીં. એટલું જ નહીં, તેમણે લોકોને કામનાઓની પૂર્તિમા કલ્પવૃક્ષ ગાયત્રી સુધી પહોંચાડીને સમગ્ર માનવજાતિના સુખ-શાતિ, સમૃદ્ધિ અને કીર્તિનો માર્ગ મોકળો કર્યો. પરંતુ મનુષ્યની વક્ર દૃષ્ટિ બદલાઈ નહીં જે અધ્યાત્મ, ધર્મ અને બ્રહ્મવર્ચસ્‌ના ચરણોમા અષ્ટ સિદ્ધિઓ આળોટતી રહી છે, તેના પર દૂરથી બે ફૂલ ચઢાવીને ધર્મની ઇતિશ્રી સમજવાનો દભ તો થઈ રહ્યો હતો, પરતુ તેને વાસ્તવિક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જીવનમાં ઉતારવાની ઉત્કંઠા જણાતી ન હતી. સ્થિતિ અર્જુનના, ''જાનામિ ધર્મ ન ચ મે પ્રવૃત્તિ'' જેવી હતી

આવી પરિસ્થિતિમાં પૂજ્ય ગુરુદેવે અભિનવ ગીતા-વૈજ્ઞાનિકવાદનું ઉચ્ચારણ કરીને નપુસક અર્જુનમા આધ્યાત્મિક ચેતનાનો સચાર કર્યો. તેમણે ઓક્ટોબર ૧૯૬૮માં સર્વપ્રથમ પોતાના શંખ પાંચજન્યને વગાડ્યો, ''અમે અધ્યાત્મવાદને બુદ્ધિસંગત અને વૈજ્ઞાનિક સ્તર પર રજૂ કરીશુ. સ્પષ્ટીકરણ આગળ વધારતા તેમણે લખ્યું.

પાછળના દિવસોમાં વિજ્ઞાન અને બુદ્ધિવાદે એક હદ સુધી સારી પ્રગતિ કરી છે. તેના સારાં પરિણામો મળ્યાં છે. વૈજ્ઞાનિક શોધખોળોને લીધે મનુષ્યની સગવડો અને સુખનાં સાધનો વધ્યાં છે પરતુ આ સમુદ્રમંથનથી પ્રાપ્ત અમૃતની સાથે દારૂ અને ભયંકર ઝેર પણ નીકળ્યુ છે. તર્ક અને વિજ્ઞાને કેટલીક એવી માન્યતાઓ ઊભી કરી છે કે જેનાથી માનવીય આદર્શવાદિતા અને ધાર્મિકતાને ભારે આઘાત લાગ્યો છે. ચેતનાની માત્ર જડ પરમાણુઓની રાસાયણિક ક્રિયા માની લેવાથી અજરઅમર જીવાત્માનું અસ્તિત્વ જ અમાન્ય થઈ ગયુ. સ્પષ્ટ છે કે જે બની રહ્યુ છે તે માત્ર પરમાણુઓનો સયોગ માત્ર છે. કોઈ નિયામક સત્તા (ઈશ્વરનુ અસ્તિત્વ)ની માન્યતા સમાપ્ત થઈ ગઈ. તેથી દડ પુરસ્કાર રૂપ કર્મફળનો નિયમ પણ સમાપ્ત થઈ ગયો. જે ઇચ્છા કરીએ તે જ યથાર્થ હોય. અર્થાત્ શક્તિશાળી માછલી નાની માછલીને ખાવાની અધિકારી બની ગઈ જમીનદાર દલિતને સતાવવાનો પ્રકૃતિનો સિદ્ધાત સમજી બેઠો. ઉદ્દંડ કામુકતાને ઇષ્ટ ગણીને તેને પ્રાપ્ત કરવાના સઘળા ઉપાયો સામાજિકતાનુ અંગ બની ગયા. આજે જે સર્વત્ર ઉદ્દંડતા, અરાજકતા, અપરાધો અને અસામાજિકતા વધી છે, તે નાસ્તિકતાની ભેટ છે આ સામ્યવાદી તત્ત્વજ્ઞાન ખૂબ જ ઘાતક અને ભયકર છે, કારણ કે તેનાથી માનવીય ઉદ્ધતાઈને મોકળો માર્ગ મળ્યો છે.

આ ભયાનક પરિસ્થિતિઓમા માનવીય આદર્શો પ્રત્યે શ્રદ્ધા રાખનાર, આસ્તિક અને ધાર્મિક ભાવનાયુક્ત મનીષીઓએ કેટલાક વિશેષ પ્રયત્નો કરવાની આવશ્યકતા છે. બુદ્ધિજીવીઓને શાસ્ત્રીય કે પુરાની ઢંગની રજૂઆતો સ્વીકાર્ય નથી. આજે કાંટાને કાંટાથી કાઢવાની આવશ્યકતા છે. લોકો જે ભાષાને સમજી શકે તે ભાષા સમજાવવી જરૂરી છે. તર્કો અને માન્યતાઓને બદલી દેવામાં આવે. આધ્યાત્મિક અને ધાર્મિક સિદ્ધાંતો કાચી માટીના બન્યા નથી કે જેમને ઇચ્છીએ ત્યારે તોડી શકાય છે તે ઘણા મજબૂત પાયા પર રચાયા છે પરતુ મુશ્કેલી માત્ર એટલી જ છે કે પ્રાચીન સમયમા લોકો શાસ્ત્રો અને આપ્ત પુરુષોને પ્રમાણ માનીને ધર્મ અને અધ્યાત્મની સમજ આપતા હતા. આજે તર્ક, પ્રમાણ, ઉદાહરણ અને વૈજ્ઞાનિક સમજને યોગ્ય ગણવામાં આવે છે. એ કસોટીઓ પર પણ ધર્મના સિદ્ધાંતો સંપૂર્ણપણે સાચા સાબિત થાય છે. પરતુ જરૂરિયાત કેવળ સમર્થનની છે. પરમપૂજ્ય ગુરુદેવે આ જ કામ કર્યું. તેમણે સૌથી પહેલા મનુષ્ય શરીરના વિરાટને બતાવીને બુદ્ધિજીવીઓને ચેતવ્યા અને એ બતાવ્યુ કે જેમ એક સારું મશીન કેવળ સારો વૈજ્ઞાનિક કે એન્જિનીયર બનાવી શકે છે, તેમ શરીર રૂપી મશીન કે જેમા સપૂર્ણ સૃષ્ટિનુ વિરાટ ''યત બ્રહ્માડે તત્પિંડે'' ઉતારીને મૂકી દીધું છે, તે કામ કોઈ સામાન્ય વૈજ્ઞાનિક અથવા એન્જિનીયરની રમત હોઈ ન શકે તે તો નિશ્ચિત તે પરમાત્મા ''ગોડ'' ની રચના માત્ર છે જેના માટે ગેલિલીયોએ કહ્યુ, ''ગોડ ઇઝ ડુઈંગ મેથેમેટિક્સ'' અર્થાત્ દુનિયામાં રહેલું ગણિત જ તે પરમાત્માના અસ્તિત્વ રૂપ બૌદ્ધિક ક્ષમતાથી હાથ લાગ્યાનુ પ્રમાણ છે

સર્વપ્રથમ બ્રહ્માડના વિરાટ પર નજર નાખીએ. આપણે જે પૃથ્વી પર નિવાસ કરીએ છીએ તે અંતરિક્ષમા એન નૌકાની માફક પાંચ અબજ લોકોને બેસાડીને ફરી રહી છે તેના આદિ અતની કોઈ ખબર પડતી નથી રશિયાના અતરિક્ષ યાત્રી યૂરી ગૈગરિને મૃત્યુ પહેલાં પોતાની પ્રથમ અંતરિક્ષ યાત્રાનાં સંસ્મરણોમાં લખ્યું છે, મને પૃથ્વી પીળા રંગના ચદ્રમા જેવી દેખાઈ હતી. જે ગ્રહ પર આટલા બધા પહાડો, ખેતરો, નદીઓ, વૃક્ષો હયાત છે તે આકારમાં આટલી નાની હશે તેની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કલ્પના પણ ન હતી. મેં એક દિવસમાં સત્તર વખત સૂર્યોદય અને સૂર્યાસ્ત થતો જોયો.

આ દૃશ્ય તો પૃથ્વીથી માત્ર ૪૭૪ કિ.મી. દૂરનું છે. હવે થોડી બ્રહ્માંડની તુલનામાં પૃથ્વીની કલ્પના કરો કે આપણે જે સૂર્યમંડળના સભ્યો છીએ તેના બધા ગ્રહ-નક્ષત્રો સૂર્યની પરિક્રમા કરે છે. સૂર્યની સૌથી નજીક બુધ ગ્રહ છે, તે ૩૬૦૦૦૦૦ માઈલના અંતરે છે. શુક્ર ૬૭૦૦૦૦૦ માઈલ, પૃથ્વી ૭૯૦૦ લાખ, મંગળ ૪૨૦૦ લાખ, ગુરુ ૮૭૦૦૦ લાખ અને શનિ ૭૧૫૦૦ લાખ માઈલ દૂર છે. આ સૂર્યમંડળ કેટલુ બધું વિરાટ છે. ન જાણે આવાં કેટલાય સૌરમંડળ મંદાકિનીઓ આ બ્રહ્માંડમાં સમાયેલ હશે. સૂર્યમંડળમાં કેટલાંય અબજ ગ્રહ-નક્ષત્રો છે. આ સૂર્યના પરિવારની સાથે ધીરે ધીરે પોતાના સૂર્યમંડળને લઈને અભિજિત (એક નક્ષત્ર)ની તરફ આગળ વધી રહેલ છે. એ વિરાટ હલચલની કલ્પનાને આંજી દેનાર છે.

આપણે રાત્રે નરી આંખે તારાને જોઈએ તો દસહજારથી વધુ તારા જોઈ શકતા નથી. આ બધા સર્પાકાર નિહારિકાના બાહ્ય પ્રદેશમાં રહેલા છે. ઘણો જ પ્રયત્ન કરવા છતાં પણ જે તારા આકાશગંગામાં દેખાતા નથી તે તારાઓની જાણ્યા મુજબની સંખ્યા એક ખરબ પચાસ અબજ છે. આ વિરાટ બ્રહ્માંડને કિલોમીટરમાં માપી શકાય નહીં. પ્રકાશવર્ષ એક મોટો એકમ છે. પ્રકાશ એક સેકન્ડમાં જેટલું અંતર કાપે છે તેના હિસાબે એક વર્ષમાં જે અંતર કપાય તેનો હિસાબ કરતાં એક પ્રકાશવર્ષ લગભગ ૫૮૪૦૦૦૦૦૦૦૦૦ માઈલ છે. આજ સુધીમાં જાણવા મળેલ વિસ્તારનું અનુમાન વૈજ્ઞાનિકો તેર કરોડ પ્રકાશવર્ષ માને છે.

ડૉ. વિકી નામના ખગોળવિજ્ઞાનીને એક પત્રકારે પૂછ્યું કે પૃથ્વીને એકમ ગણીએ તો વિરાટ કેટલું મોટું હશે ? ડૉ. વિકીએ ચોક લઈને એક બોર્ડ પર એકની પાસે ૪૧ શૂન્ય લખીને બતાવ્યું - અનુમાન મુજબ આટલા ગણું અર્થાત્ કલ્પનાતીત નેતિ નેતિ.

હવે જો કોઈ કહે કે આટલો મોટો વિસ્તાર અને આ વિરાટ શક્તિઓ સરાસરી સાડાપાંચ ફૂટના મનુષ્ય શરીરમાં યથાવત્ સમાયેલ છે, તો કદાચ કોઈ એ બાબતને રન પણ સ્વીકારે. પરંતુ જેણે વડનુ બીજ અને વડનું વિશાળ કદનું વૃક્ષ પણ જોયું હશે, તેને કદાચ વિદ્વાનોનું આ તથ્ય સ્વીકારવામાં રતીભાર અવિશ્વાસ અને મુશ્કેલી નહીં હોય. કૃષિ વૈજ્ઞાનિકો તો એટલે સુધી કહે છે કે જો બીજના કોર્ટેક્સવાળા ભાગની કૂટભાષાનું અધ્યયન કરી શકાય તો વૃક્ષની કઈ ડાળી કેટલી મોટી કેવી રીતે થશે ? કેટલા દિવસ પછી ક્યાં બીમારી થશે અને વૃક્ષ ક્યારે સૂકાઈ જશે ? એ બધું તેમાં અંકિત છે. મનુષ્યના શરીર રૂપી કમ્પ્યૂટરમાં તો પરમાત્માએ પોતાની સંપૂર્ણ શક્તિઓ ઉતારીને મૂકી દીધી છે.

શરીરના સૌથી નાના એકમને કોષ કહેવામાં આવે છે. અંદાજમુજબ એની સૂક્ષ્મતા સમજવા માટે એક ઈંચના ૨૦ કરોડ ભાગ કરવા પડશે. આ સૌથી નાના એકમને વૈજ્ઞાનિકોએ ૨૦૦૦ ગણો મોટો કરીને સૂક્ષ્મદર્શક યંત્રથી જોયો તો વૈજ્ઞાનિકો આશ્ચર્યચકિત થઈ ગયા કે તેનો સાઈટોપ્લાઝમાવાળો ભાગ સંપૂર્ણ પૃથ્વીના જેવો છે. તેમાં ગંગા, યમુના, કૃષ્ણા, કાવેરી જેવી નદીઓ વહી રહી છે. હિમાલય, અરવલ્લી અને આલ્પ્સ જેવા પર્વતો, સહારા જેવા રણ અને આફ્રિકા જેવા લીલાં ગાઢ જંગલો સમાયેલાં છે. પ્રોટોપ્લાઝમાના આકાશમાં ઉપરોક્ત ગ્રહ-નક્ષત્રોનો વિરાટ સંસાર છે. સૂર્ય જેવાં શક્તિકેન્દ્રો સમાયેલાં છે. હવે તે શરીરમાં સો વર્ષ સુધી બંધ ન થનારી મોટર લાગેલી છે તેની કલ્પના કરો. આર્ડિસ વિહટમેને એક લેખ રીડર્સ ડાઈજેસ્ટમાં પ્રકાશિત કર્યો, ''વોટ ઈઝ ધી લિમિટ ઓફ યોર માઈન્ડ''. તમારા મગજની હદ શી છે, તે લેખમાં સ્પષ્ટ કર્યું છે કે સમગ્ર પૃથ્વીમાં આ સમયે જેટલી વીજળી પેદા થાય છે અને જેટલી વીજ સંભવિત છે તે મગજના ત્રણ પિન્ટ (એક પિન્ટ-દોઢ પાશેર) ભાગમાં સમાયેલી છે. આ તીક્ષ્ણ પ્રકાશને અર્જુને જોયો હશે તો તેની શી ગતિ થઈ હશે તેની કલ્પના કરો. પરમ પૂજ્ય ગુરુદેવે જ્ઞાન દ્વારા અને પ્રાપ્ત સિદ્ધિઓ દ્વારા આજના લાખો અર્જુનોને આશ્ચર્યમાં ડૂબાડી દીધા. યુગ પરિવર્તનનો આ સૌથી મોટો આધાર છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અર્જુન કુતૂહલ દ્વારા ભયભીત થયો

''ન તુ માં શક્યતે દ્રષ્ટુમનૈવ સ્વચક્ષુષા'' અર્જુન તું મને પોતાની આ નાની આંખોથી જોઈ શક્તો ન હતો, તોથી દિવ્ય નેત્રોથી તને આ વિરાટ બોધ કરાવ્યો. મારી સૃષ્ટિ ઘણી અનંત છે, અદ્‌ભુત છે, અવર્ણનીય છે. મારી જ ઇચ્છાથી આ સંસાર બન્યો છે, તેથી તું મારી આજ્ઞાને સર્વોપરી માનીને સ્વીકારી લે.''

તે સમયે અર્જુનની સ્થિતિ તે પ્રહ્‌લાદ જેવી બેચેન હતી. જેના પિતાને નૃસિંહ ભગવાને નખ વડે ચીરી નાખ્યાં હતા. શરીર એક બાજુ હતુ અને તેની કરુણાલક્ષી શ્રદ્ધા બીજી બાજુ હતી. પિતા ગમે તેવા હોય, પરંતુ તે તો જન્મદાતા હોય છે. તેમની સદ્‌ગતિની ચિંતા એક તરફ હતી અને બીજી બાજુ સામે રહેલા ઈષ્ટ આરાધ્ય હતા. તે કંઈ સમજી શકે ત્યાં સુધીમાં ભગવાન નૃસિંહે સ્વયં જ બાળક પ્રહ્‌લાદને ખોળામાં લઈ લીધો. સમગ્ર ચિંતા કરુણામાં બદલાઈ ગઈ. આ જ રીતે ભગવાન કૃષ્ણએ પણ પ્રસંગ બદલીને અર્જુનને પોતાની અદ્‌ભુત સૃષ્ટિ અને ગીતાના રૂપમાં યોગત્રયીનું જ્ઞાન આપ્યું. પરમ પૂજ્ય ગુરુદેવે પણ પોતાના ભટકેલા ભક્તોને હવે બીજી રીતે સમજાવવાનું શરૂ કર્યું.

સર્વપ્રથમ ભગવાને પોતાનું ચતુર્ભુજ વિષ્ણુરૂપ બતાવ્યું. આ સર્વવ્યાપક સ્વરૂપ છે. ચાર ભુજાધારી શંખ, ચક્ર, ગદા અને પદમ ધારણ કરનારા છે અથવા નહીંવત્ તે સર્વવ્યાપી, સર્વજ્ઞ, સર્વશક્તિમાન, ન્યાયરૂપ, નિયંતા, મહાકાલ આદિ સર્વ કંઈ છે આ ઉપરાંત તેમનું જે અલંકારિક સ્વરૂપ શાસ્ત્રોમાં વર્ણવામાં આવ્યું છે તે પણ કંઈ ઓછું મહત્ત્વપૂર્ણ નથી. તેને સમજવું ખૂબ જ જરૂરી છે. પરમ પૂજ્ય ગુરુદેવે તે સમગ્ર અલૌકિકતાઓને પણ રાખી જે પ્રકૃતિના સામાન્ય સિદ્ધાંતો સાથે રતીભાર મેળ ખાતી નથી. બલ્કે કોઈ એવી મહાન સત્તાના અસ્તિત્વની સાબિતી આપે છે, જે પોતાની ઇચ્છા પોતાની મરજી મુજબ નિર્મિત કરવામાં સમર્થ છે. આવાં ઉદાહરણો તેઓ ભૂતકાળનાં રહસ્યોમાંથી શોધી શોધીને લાવ્યાં.

ચીનના ચિહલી નગરમાં એક યૂનાની પરિવાર રહેતું હતું. આ પરિવારમાં ૧૩૮૯માં એક બાળકનો જન્મ થયો. બાળકનું નામ સી-શ્વાન રાખવામાં આવ્યું. બાળકનું સંપૂર્ણ શરીર અન્ય મનુષ્યો જેવું જ હતું. પરંતુ તેની ત્વચા પારદર્શક હતી. એક્ષરેની છબી જોઈને અંદરનુ અનુમાન કરીએ છીએ, પરંતુ તેના ગળામાં કઈ વસ્તુ જઈ રહી છે, તે કોઈ પણ કાચની માફક જોઈ શકતું હતું. શરીરનાં અન્ય બધા અંગો હૃદય, પિત્તાશય, યકૃત, મૂત્રપિંડો, હાડકાં આદિને કોઈ પણ સ્પષ્ટ જોઈ શકતું હતું. શ્વાન પંચોતેર વર્ષ જીવીને ૧૪૬૪માં મરી ગયા. પરંતુ પોતાની આ અલૌકિકતાને લીધે તેમને કદી રતીભાર પણ મુશ્કેલી ન પડી. તેમને જોવા માટે દરરોજ સો-બસો વ્યક્તિઓ આવતા હતા. તેના માટે ચોક્કસ સમય નિશ્ચિત કરવામાં આવ્યો હતો.

ચીનમાં જ એક લૂ મિન નામના રાજયમંત્રી થઈ ગયા. તેઓ શાસી રાજ્યના નિવાસી હતા. તેમની બંને આંખોમાં બબ્બે પૂતળીઓ હતી. આવા તેઓ સંસારમાં એક જ વ્યક્તિ થઈ ગયા. સમય જતાં લૂમિન ગવર્નર બની ગયા હતા. તેમને મળવા આવનારા વાતો કરતાં કરતાં ભૂલી જતા હતા, કારણ કે તેમનું ધ્યાન તેમની આંખોની એ અલૌકિકતા તરફ દોરાઈ જતું. આવી જ રીતે ફ્રાંસમાં એક દૂરના કોહંગ સ્થાનમાં એક બાળકીએ ૧૭૧૩માં જન્મ લીધો. બાળકીનું નામ ક્લીમેન્ટ રાખવામાં આવ્યું. આ બાળકીને જે કોઈએ જોઈ હશે તેમને ભગવાન શંકરનું ત્રિનેત્રધારી હોવામાં રતીભાર પણ અવિશ્વાસ થયો હશે નહીં. વાત એવી હતી કે તેને એક જ આંખ હતી, તે પણ શિવ નેત્રની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માફક બને ભંવરોની વચ્ચે રહેલી હતી. તેથી ક્લીમેન્ટ સામાન્ય આંખોવાળી વ્યક્તિની જેમ જ જોતી હતી. ક્લીમેન્ટ પંદર વર્ષ સુધી આજ અવસ્થામા જીવિત રહી. પરંતુ વૈજ્ઞાનિક કોઈ સામાન્ય સિદ્ધાંત સાબિત કરી શક્યા નહીં.

ફ્રેંક ફુર્ટમાં એક ગ્રેટલ મેયર નામની મહિલા જન્મી હતી જેમને બે જીભ હતી. કદાચ તેને આગળના જન્મમાં વધુ પડતું બોલવાની સજા મળી હોય. એ ખબર નથી કે તે આ જન્મમાં બે જીભ મેળવીને પણ કદી બોલી શકી નહીં. તેને સમગ્ર જીવન મૌન અને ઈશારાની ભાષામાં જીવવુ પડ્યું. આ જ રીતે મેજિરે આફ્રિકામાં જન્મેલી ફ્રૈંક્વિસ ટ્રાવિલો નામની મહિલાના માથા પર જન્મજાત બે શિંગડાં હતાં, જે મોટા થઈને નવ ઇંચના થઈ ગયા હતા. ટ્રાવિલોનું મૃત્યુ ૧૬૧૮મા થયું. આ સમયગાળામા તેને આશ્ચર્યથી જીવિત રૂપમા જોવા માટે લાખો લોકો આવતા રહ્યા પરંતુ તેઓ પ્રકૃતિ અને પરમાત્માના આ અનોખા રહસ્યને સમજી શક્યા નહીં.

સ્પેનના મૈડ્રિક રાજ્યમાં એક ''સરવેરા ડી. બ્યુટ્રેગો'' નામનું ગામ છે. આ ગામમાં કેટલીય પેઢીઓ સુધી એક જ એવો બાળક જન્મ્યો કે જેના હાથમાં છ-છ આંગળીઓ હતી. જેને સામાન્ય પાંચ આંગળીઓ હોય એવો એક પણ વ્યક્તિ એ ગામમાં થયો નથી. અલબત્ત બંને હાથોમાં આઠ-આઠ, નવ-નવ તથા દસ-દસ આંગળીઓવાળા અનેક વ્યક્તિઓ જોવા મળશે. સામાન્ય રીતે બધા વ્યક્તિઓ સાત-સાત આંગળીઓવાળા હોય છે. આના કારણ વિશે અનુમાન કરતાં જણાયું છે કે ત્યાં ખૂબ નજીકના સગામા પરસ્પર લગ્નો થતાં હતાં. જોકે મુસલમાનોમાં તો આ સામાન્ય પ્રથા છે. એનો ઉકેલ કોણ કરે ?

આવી વિલક્ષણતાઓ મનુષ્યો સુધી મર્યાદિત હોય તેવું નથી. ગ્રીન્સવર્ગમાં વૉલ્ટર રિડિલ મોન નામનો એક ભરવાડ છે. તેની પાસે એક એવુ ઘેટું હતુ કે જેમા સપૂર્ણ શરીર પર ઊન ઊગતુ હતું, પરતુ પીઠનો એક દોઢ ઇંચ ભાગ એવો હતો જેમા નિયમિત રૂપથી ઘાસ ઊગતુ હતું. આ ક્રમ જ્યાં સુધી ઘેટુ જીવિત રહ્યું ત્યાં સુધી ચાલતો રહ્યો. આવી જ રીતે એલી- ઇંગ્લેન્ડમાં એચ.જી.બાવડેન નામનો વ્યક્તિ હતો કે જેની પાસે એક મરઘીનું બચ્ચું એવુ હતું કે જેને ચાર પગ હતા. કદાચ આ ગુણને લીધે તે કોઈનો ખોરાક બનતુ બચી ગયું. નહીંતર આ માંસાહારી સંસાર તેને પણ ખાઈ જઈને ખલાસ કરી દેત.

મશીનોનો એક ખાસ નિયમ હાય છે. જે વસ્તુ બનાવવાની હોય છે તેની ડાઈ વાપરવામા આવે છે. બસ, એક જ ડાઈમાથી ઘણી બધી વસ્તુઓ બનતી જાય છે. વૈજ્ઞાનિક સિદ્ધાંતો પણ આવા જ હોય છે. બે ભાગ હાઈડ્રોજન અને એક ભાગ ઑક્સિજન ભેળવી દેવામાં આવે તો તેમાથી પાણી જ બનશે. ભલે તે ભારતવર્ષ હોય કે બ્રિટન. વંશ અને વારસાનો સિદ્ધાત છે, ''ધી ચાઈલ્ડ ઇઝ એઝ ઓલ્ડ એઝ હિઝ એનસેસ્ટાર્સ'' અર્થાત્ પુરુષોના ગુણ, શારીરિક લક્ષણો, વિશેષતાઓ કે બીમારીઓ ભલે ગમે તેટલી પુરાણી કેમ ન હોય, તે પોતાના પૂર્વજોની વારસાગત્ત ભેટ હશે. આ પ્રકારનાં ઉદાહરણો આપીને પરમ પૂજ્ય ગુરુદેવે બુદ્ધિજીવીઓ અને વૈજ્ઞાનિકોને પ્રશ્ન પૂછ્યો કે એવું કયું કારણ છે કે આજ સુધી પ્રજાપતિ બ્રહ્માની સૃષ્ટિમા બ્રહ્માજીની માફક ચાર મુખવાળો બાળક થયો નથી, તો પછી ઉપરાક્ત વિલક્ષણતાઓનો આધાર કઈ વારસાગત ભેટ હોઈ શકે છે. એને પુરુષ પુરાતન પરમાત્માનો જ ખેલ કહી શકાય છે. તેથી આપણે કઈ બીજું કરીએ કે નહીં, પરંતુ તે એક અક્ષર પરમાત્માને ન ભૂલીએ.

પરમ પૂજ્ય ગુરુદેવે ઈશ્વરની મહામાયા-પ્રકૃતિને પણ તેટલી જ સચેતન ગણાવીને તેમાં પણ એવાં જ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉદાહરણો શોધ્યા અને ભારતીય અધ્યાત્મનું બુદ્ધિસંગત અને વિજ્ઞાનસંમત સમર્થન કર્યું. છોડ-વૃક્ષ મોટેભાગે મૌન હોય છે. તે હરતાં-ફરતાં નથી. પરંતુ સુદાનમાં ફુજી-બુજી નામના સ્થળ પર એકાસિયા નામનું વૃક્ષ ન માત્ર અવાજ કાઢે છે, બલ્કે લયબદ્ધ કર્ણપ્રિય અવાજ પેદા કરે છે. આ સંગીતની લહેરો વાંસળીના ધ્વનિને હળતી-ભળતી છે અને તે નજીક આવનારાને ભાવવિભોર બનાવી દે છે. અહીં સેંકડો લોકો માનસિક શાંતિ અને આત્મિક ધ્યાનની દૃષ્ટિથી આવે છે અને જે રીતે બાળક માતાના ખોળામાં વિશ્રાંતિ મેળવે છે તે જ રીતે લોકો આત્મિક પ્રસન્નતા મેળવીને પાછા ફરે છે. આપણે ભગવાનને દરરોજ ભોગ ધરાવીએ છીએ, પરંતુ કદાચ આપણું અંતઃકરણ જ તેનો સ્વીકાર કરતું ન હોય. જોકે ભગવાન રામકૃષ્ણ પરમહંસ પોતાની માતા કાલીને હાથથી ભોગ ખવડાવતા હતાં. માતા તેનો સ્વીકાર કરતી હતી. ગાયત્રી સ્વીકાર કરતી હતી. ગાયત્રી ઉપાસના માની, પ્રકૃતિ-પરમેશ્વરની, વિશ્વ સંચાલિકા અને શક્તિની ઉપાસના છે. જો આપણી ભાવનાઓ ગાઢ હોય તો પ્રકૃતિને કેટલી બધી દ્રવિત કરી શકાય છે. આનું એક ખૂબ રહસ્યભર્યું ઉદાહરણ પરમ પૂજ્ય ગુરુદેવે સમજાવ્યું. આ ઘટનાને પ્રકૃતિનાં રહસ્યોની સૌથી અદ્ભુત અને દુર્લભ ઘટના માનવામાં આવે છે.

સને ૬૬૦માં ચીને કોરિયા પર આક્રમણ કર્યું. કોરિયાના રાજા પાકજે, તેમના પુત્રો, સેનાપતિ, ઉચ્ચ મંત્રીઓ સૌ કોઈને કેદી બનાવીને ચીનમાં લઈ જવાયા. સૈનિકોએ આ મહાન દેશભક્ત રાજાની રાણી અને અન્ય મંત્રીઓની પત્નીઓને પણ કેદી બનાવવાનો પ્રયાસ કર્યો તો રાણીઓએ પોતાની ઈકોતેર સહેલીઓ સાથે નદીમાં કૂદીને પ્રાણત્યાગી દીધા. આ ઘટના નાક વાહક પર્વત પર બની. આ ઘટનાને થયે તેરસોથી વધુ વર્ષો વીતી ગયાં છે.

આને પ્રકૃતિનો સૌથી મોટો ચમત્કાર અને માની સર્વોપરી સંવેદના માનવામાં આવે છે. તે સમયથી આ સ્થળ પર દરેક વર્ષે ઈકોતેર છોડ ઊગે છે અને જે દિવસે આ ઘટના બની હતી તે દિવસે બધા ઈકોતેર ફૂલ તૂટીને નદીમાં પડી જાય છે. આવું જંગલીપણું કેવળ મનુષ્ય જ ભૂલી શકે છે, પરંતુ ન તો આપણા પિતા પરમાત્મા અને ન તો પ્રકૃતિ પરમેશ્વરી તેને ભૂલી જાય છે. તે આ શહીદોને દરેક વર્ષે યાદ કરે છે.

ભલા, પરમ પૂજ્ય ગુરુદેવનાં આ સમર્થનોને કોણ ભૂલશે ? એમના જ માધ્યમથી પૂજ્ય ગુરુદેવે ભક્તિમાર્ગી, જ્ઞાનમાર્ગી અને કર્મયોગી અર્જુનોની તે સેના ઊભી કરી દીધી જે આજે નવયુગનું મહાભારત લડવા માટે ઉત્સુક થઈને માત્ર ઊભી જ નથી, પરંતુ દુષ્ટ દુર્યોધન અને તેની સેનાને ઠેકાણે લાવવા જોડાઈ ગઈ છે.

ઈંગ્લેન્ડના સમ્રાટ જેમ્સ પોતાના ધનભંડારમાં વધુને વધુ ધન એકત્ર કરવા માટે ધન લઈને ઉપાધિઓ વહેંચતા હતા. તે જાણતા હતા તો હતા કે માત્ર ઉપાધિ મેળવી લેવાથી કોઈ વ્યક્તિ મહાન બની જતી નથી, પરંતુ મૂર્ખાઓના તુચ્છ અહંકારને પોષવા માટે તે એવું કરીને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરતા રહ્યા. એક દિવસે એક વ્યક્તિએ તેને કહ્યું, ''મહારાજ, મને સજ્જનની ઉપાધિ આપી દો.'' જેમ્સે ઉત્તર આપ્યો, ''હું તમને લોર્ડ, ડ્યૂક, તત્ત્વજ્ઞાની, વિચારક તો બનાવી શકું છું. પરંતુ સજ્જન બનાવી શકતો નથી.'' એ સત્ય છે કે સજ્જનતા સારા સંસ્કારોથી પેદા થાય છે, તેને ખરીદી શકાય નહીં.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ધર્મનું રહસ્ય સમજાવવાની મનમોહક શૈલી

ધર્મ અને અધ્યાત્મ દર્શનના મૂળભૂત સિદ્ધાંતો, માન્યતાઓ, પરંપરાઓ, ઉપાસના પદ્ધતિઓ, સમજ, વ્રત, પર્વ, તહેવારોથી લઈને વ્યક્તિગત આચરણ સંદર્ભમાં જેટલી જાળજંજાળ હિન્દુ ધર્મશાસ્ત્રોમાં વણાયેલ છે, તેટલી કદાચ જ દુનિયામાં કોઈ અન્ય ધર્મમાં વણાયેલ હોય. આને લીધે આજના કહેવાતા ધર્મજીવીઓ તેના રહસ્યને ઓળખી શકતા નથી અને તેની વિસંગતતાઓ જોઈને બુદ્ધિજીવી વર્ગ તેને દૂરથી જ સલામ કરી લે છે.

પરમ પૂજ્ય ગુરુદેવે ન કેવળ ધર્મતંત્રને વ્યવસ્થિત કર્યું, બલ્કે એક એવી મનમોહક શૈલી અર્પણ કરી કે જેથી દૂર ભાગનારા નજદીક આવ્યા અને પહેલેથી નજીક બેઠેલા તેના રહસ્યને ઓળખી શક્યા. આને લીધે પૂજ્ય ગુરુદેવનો અધ્યાત્મ ન કેવળ લોકપ્રિય બન્યો, બલ્કે દસ હજાર વર્ષ સુધી જીવિત અને જાગૃત બની રહેવાનું કાયમી સ્થાન મેળવી લીધું.

એક સમય એવો હતો જ્યારે આશ્રમોના સાધુ-સંતો અને સંચાલકોએ ઇન્દ્રિય-સંયમના નામ પર કઠોર બ્રહ્મચર્યની અનિવાર્યતા બતાવી હતી. તેમાંથી આ દેશના માતૃત્વમાં એવો ભય ફેલાઈ ગયો કે ક્યાંય અમારાં બાળકો પણ બાવા ન બની જાય. આથી શરૂઆતથી જ બાળકોમાં આશ્રમો પ્રત્યે નફરત પેદા કરવામાં આવી અને આશ્રમોમાં ઇન્દ્રિય-સંયમનો આધાર આહાર-શુદ્ધિને ભુલાવી દઈને પાકા અને ઉત્તેજક પ્રસાદ (કેટલાક જાહેરમાં કેટલાક છાનામાના) સ્વીકારવા લાગ્યા. પરિણામે ત્યાં ભ્રષ્ટાચાર વિકસ્યો. પરમ પૂજ્ય ગુરુદેવે શરૂઆતથી જ ઋષિપરંપરાનું પાલન કર્યું. પત્ની સાથે અધ્યાત્મ સાધના પ્રત્યે જ્યારે કેટલાક લોકોએ વિરોધ કર્યો ત્યારે તેમણે ૧૯૬૧ની જાન્યુઆરીના અખંડ જ્યોતિમાં ખૂબ સંપર્કમાં રહેલા શીખ ધર્મનું ઉદાહરણ આપતાં કહ્યું, આઠમા ગુરુ હરકિશન દેવ સિવાયના બધા ગુરુ ગૃહસ્થ હતા. તે બધા ન કેવળ અધ્યાત્મવાદી હતા, બલ્કે પ્રતાપી અને પ્રખર બુદ્ધિશાળી હતા.

ગુરુ નાનક દેવ વિરક્ત અને ગૃહસ્થ પણ હતા. તેમના શ્રીચંદ અને લક્ષ્મીદાસ નામના બે પુત્રો હતા. ગુરુ અંગદદેવને બે પુત્રો અને બે પુત્રીઓ તરીકે ચાર સંતાનો હતાં. એમની જ એક પુત્રી ભાનીકુંવર ચોથા ગુરુ રામદાસને પરણી હતી, જેમના પૃથ્વીચંદ, મહાદેવ તથા અર્જુન દેવ નામના ત્રણ પુત્રો થયા. અંતિમ પુત્ર શ્રી અર્જુન દેવ પાંચમા ગુરુ તરીકે સ્થાપિત થયા. તેમણે બે લગ્ન કર્યાં. પહેલી પત્ની રામદેવીથી કોઈ સંતાન ન થયું તો બીજું લગ્ન ગંગા દેવીની સાથે થયું. છઠ્ઠા ગુરુ શ્રી હરગોવિંદસિંહજી તેમનું સંતાન હતા. શ્રી હરગોવિંદસિંહજીનાં ચાર લગ્ન થયાં, ત્રણ હિન્દુ કન્યાઓ સાથે અને ચોથું મુસલમાન કન્યા કૌલા સાથે લગ્ન થયું. અમૃતસર સુવર્ણ મંદિરની નજીક બનેલું કૌલાસર સરોવર એમની જ સ્મૃતિમાં બન્યું. એમના બે પુત્રો થયા. બાકીના ત્રણ ક્રમશઃ દામોદરીનાં બે સંતાનો ગુરુદિત્તા અને બીરોજી હતી, નાનકી દેવીના શ્રી તેગબહાદુર જે નવમા ગુરુ થયા, ત્રીજી મહાદેવીના ત્રણ પુત્ર સૂરજમલ, હરરાય તથા અટલજી થયા. સાતમા ગુરુ હરરાયની ધર્મપત્ની કૃષ્ણ કૌરના બે પુત્ર રામરાય અને હરકિશનજી થયા. હરકિશનજી આઠમા ગુરુ થયા. તેમનું આઠ વર્ષની ઉંમરે જ મૃત્યુ થવાને કારણે અપરિણિત રહ્યા. નવમા ગુરુ તેગબહાદુરની ધર્મપત્ની ગુજરીજીકે મહાપ્રતાપી પુત્ર ગુરુ ગોવિંદસિંહજી દસમા અને અંતિમ ગુરુ બન્યા, જેમના ચાર પુત્રો અજીતસિંહ, જુઝારસિંહ, જોરાવરસિંહ તથા ફતેહસિંહે પોતાનાં નામ સુવર્ણ અક્ષરોમાં અંકિત કર્યાં. તેમના બલિદાની જીવનના મૂળમાં તેમની માતાઓના શિક્ષણનું સૌથી મોટું યોગદાન હતું.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આજે શીખ જાતિ પ્રબળ પુરુષાર્થી અને પ્રતાપી આ જ કારણને લીધે છે.

પરમ પૂજ્ય ગુરુદેવના આ દૃષ્ટાંતે ગાયત્રી પરિવારને અંધવિશ્વાસથી બચાવ્યો એ કહેવું પડશે નહીં. આજે જ્યારે મિશનમાં મહિલાઓ જે નિષ્ઠાપૂર્વક સાધનાથી લઈને સંગઠનના કાર્યમાં ભાગ લઈ રહી છે ત્યારે તે હિન્દુ જાતિની ભાવિ તેજસ્વિતાનો આધાર બની રહી છે. આપણે આ ગૃહસ્થ તપોવનની આધારશિલાને મૂઢ માન્યતાઓથી દુર્બળ નહીં, સુદૃઢ બનાવવું જોઈએ, જેથી સમગ્ર હિન્દુ જાતિ શીખોની જેમ સર્વસમર્થ બને.

પુરાણો અને કલાકારોએ મનુષ્ય શરીરને પાપનો ઘડો, માટીનું પૂતળું આદિ કહીને તેની નિંદા કરી તેથી શિક્ષિત સમુદાય અધ્યાત્મવાદથી દૂર ભાગતો ગયો. પરમ પૂજ્ય ગુરુદેવે પણ માનવશરીરની નશ્વરતાને સમર્થન આપ્યું, પરંતુ શિક્ષિત સમુદાયે એ સત્યનો સ્વીકાર કર્યો અને સાથે વધુમાં તેની તરફ નિષ્ઠાપૂર્વક આગળ વધ્યો. આને લીધે તો આજે ગાયત્રી પરિવાર સુશિક્ષિતોનો ભંડાર છે. આજનો ગાયત્રી પરિવાર તેનું સમર્થન જ છે. પરમ પૂજ્ય ગુરૂદેવે નવેમ્બર ૧૯૪૦માં આ વાતને નીચે મુજબ વર્ણવી.

સમગ્ર જીવનપર્યંત સેવાઓ આપનારાં પશુઓના મૃત્યુ પછી તેમના હાડકાં, ચામડું, શિંગડાં આદિની એટલી બધી કિંમત ઊપજે છે કે જેટલી કિંમત સો મનુષ્યોના શરીરની પ્રાપ્ત સામગ્રીથી મળતી નથી. એક વ્યક્તિના શરીરમાંથી પ્રાપ્ત નાઇટ્રોજનથી એક બૅટરીનો સેલ બની શકે છે. હાઇડ્રોજનથી એક ફુગ્ગો ફુલાવી શકાય છે, લોખંડથી એક નાનું પાકીટ પીન બની શકે છે. ફૉસ્ફરસથી એક માચીસ, ચરબીથી છ સાબુ, કાર્બનથી સાઠ પેન્સિલો, મીઠાથી ત્રણ દિવસની દાળ બની શકે, ચૂનાથી એક દીવાલનું ચણતર થઈ જાય. એક બાલ્ટી પાણી અને ગંધક કે જેનાથી કૂતરાની જૂ મારી શકાય. આ મોંઘવારીનો જમાનો (સન્ ૧૯૪૦માં પણ મોંઘવારી હતી, જ્યારે હિન્દુસ્તાનમાં સોનું લગભગ દસ રૂપિયે તોલો મળતું હતું) એ વેળા ચૌદ આના ત્રણ પૈસા અર્થાત્ એક રૂપિયાથી પણ ઓછી કિંમત થાય છે એ સ્વાભાવિક છે કે જેમણે આ વાંચ્યું તેને પોતાની ભૌતિક કિંમતની ખબર પડી ગઈ. આ રીતે પૂજ્ય ગુરુદેવે ભણેલા-ગણેલા લોકોને આસ્થાવાદી બનાવ્યા.

મૃત્યુની બાબતમાં આપણા પરંપરાગત ધર્મગુરુઓએ જે વર્ણન કર્યું છે, તે ઘણું બિહામણું છે. એક પૌરાણિક કથા છે, જેમાં યમરાજે પોતાના દૂત મોકલીને સો લોકોને મારી લાવવાનું કહ્યું. સાંજના જોયું તો ત્યાં લગભગ પાંચસો આત્માઓ એકઠા કર્યા. યમરાજ નારાજ થયા અને પોતાના દૂતોને ધમકાવતાં કહ્યું, અમે કુલ એક સો લોકને મારવાનું કહ્યું હતું. પાંચસો લોક કેવી રીતે આવી ગયા ? યમદૂત બોલ્યા, ભગવાન એમાં અમારો કોઈ દોષ નથી. અમે તો સો લોક જ માર્યા હતા, બાકીના તો પોતાનું મૃત્યુ જોઈને ડરના માર્યા મરી ગયા.

એક દિવસે કંઈ આવા જ ભય સાથે એક સજ્જન પૂજ્ય ગુરુદેવની પાસે ગયા. તો પૂજ્ય ગુરુદેવે સમાધાન કર્યું. બેટા જ્યારે તમે પૃથ્વી પર આવ્યા ત્યારે તમને કંઈ ખબર હતી કે અહીં કોણ મળશે, કોઈ દેખભાળ કરશે કે નહીં ? તે વેળા તમારા સ્વાગતમાં ઘરમાં ગીત-સંગીત થયું, હવન-પૂજન સાથે નામકરણ થયું, ભોજન માટે મીઠું અને ગરમ દૂધ લઈને મા તૈયાર રહેતી, પ્રેમ એટલો બધો કે હરકોઈ ખોળામાં લેવા તત્પર રહેતું. આ તો તે વેળા હતું જ્યારે અહીંની બાબતમાં કંઈ ખબર ન હતી. હવે મરતાં પહેલાં એટલી તો ખબર છે કે આપણા બાપા, દાદા, નાના, પિતા, માતા, મોટાભાઈ જ્યાં ગયા છે ત્યાં પણ આપણે જવાનું છે, તો પછી ડરવા જેવી શી વાત ? જે સજ્જન આશ્વાસન લેવા આવ્યા હતા એમના કરતાં કેટલાય વધુ લોકો જેઓ પૂજ્ય ગુરુદેવની પાસે દર્શન માટે બેઠા હતા તેઓ સંતુષ્ટ થયા.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અંધવિશ્વાસનો પુલ તોડ્યા સિવાય આધ્યાત્મિક લક્ષ્ય અસંભવ

હું નિર્ધારિત સમય પર રેલગાડીમાંથી સ્ટેશન પર ઊતર્યો. ત્યાંથી મારે મનની વાત બતાવી આપનારા બાબાની પાસે જવાનું હતું. ભરતપુર મથુરાની નજીકનું શહેર છે. હું મારી સાથે ભોજન લઈને ગયો હતો. વિચાર્યું કે સાધારણ ગરમી છે ત્યાં સુધીમાં ભોજન કરી લઉં અને સાંજ સુધીમાં તો આશ્રમ પર પહોંચી જઈશ. આશ્રમ ૫-૬ કિલોમીટરના અંતર પર હતો.

હું જેવો ભોજન કરવા બેઠો કે એક કદાવર શરીર અને બિહામણા ચહેરાવાળો આધેડ ઉંમરનો વ્યક્તિ મારી પાસે આવ્યો. તે દેખાવમાં પંડા જેવો જણાતો હતો. તે દોરી લોટો કાઢતા મને પૂછવા લાગ્યો શું આશ્રમમાં જશો ? મેં હા પાડતા તે ખૂબ પ્રસન્ન થયો, તે બોલ્યો અરે ભાઈ ! અમે પણ ત્યાં જઈ રહ્યા છીએ. ત્યાંના બાબાજી ઘણા ચમત્કારી છે. એક વર્ષ પહેલા આવ્યો હતો. તેમણે સ્વયં જાણીને બતાવી દીધું - ઘરમાં પૂર્વજોનું ધન દાટેલું છે, જે સ્થાન પણ બતાવ્યું હતું ત્યાંથી જ બે ચાંદીના રૂપિયાથી ભરેલા ઘડા મળ્યા. આ વેળા બાબાને પ્રસાદ ચઢાવવા જઈ રહ્યો છું. ત્યારબાદ તે મને બધી વાતો પૂછવા લાગ્યો. નામ શું છે ? ક્યાંથી કયા ઉદ્દેશ માટે આવ્યા છો ? વગેરે વગેરે. અધવચમાં તે બાબાજીનાં ગુણગાન પણ ગાતો હતો.

તેની બે ઘડા ચાંદીના રૂપિયાની વાત અને સ્થિતિ ચીંથરેહાલ જેવી જોઈને મને શંકા થઈ ગઈ. મેં મારી બધી જ વાત પોકળ અને જૂઠી કહી. નામ રામગોપાલ, નિવાસી અલીગઢ, ઉદ્દેશ કોર્ટકેસ. આમ દરેક વાત બનાવટી કહી. હવે અમે રસ્તામાં હતા. રસ્તામાં એવો જ એક બીજો માનવી મળી ગયો અને તેનો પહેરવેશ તેમજ દેખાવ પણ પહેલા માનવી જેવો શંકાસ્પદ જણાયો. સાંજ સુધીમાં આશ્રમ પર પહોંચી ગયા. ત્યાંની દરેક વસ્તુ શંકાસ્પદ દેખાઈ આવી. પરંતુ ચમત્કાર જોવા-સાંભળવાનો રસ કંઈ એવો હતો કે કોઈ પણ જગ્યાએ કંઈ જોવા મળતું તો ત્યાં અવશ્ય જતો. અંધશ્રદ્ધા અને માયાજાળમાં ફસાનાર વ્યક્તિ હું ન હતો. તેથી જોખમો તો આવ્યાં પરંતુ હું વારંવાર બચીને બહાર નીકળી જતો. આ પ્રસંગ કોઈ બીજાનો નથી પરંતુ પરમ પૂજ્ય ગુરુદેવના જીવનનો છે કે જે સિદ્ધ પુરુષો, સંતો અને ચમત્કાર બતાવનારાઓની શોધમાં ફરવા દરમ્યાન બન્યો હતો. અંધશ્રદ્ધાના આ રહસ્યને તેમણે અખંડ જ્યોતિ ફેબ્રુઆરી, ૧૯૪૭માં છાપ્યું અને ત્યારબાદ 'યોગના નામે માયાજાળ' પુસ્તકમાં પ્રકાશિત કર્યું.

પૂજ્ય ગુરુદેવ કહેતાં હતા કે જો મારી માર્ગદર્શક સત્તાએ મને સંભાળ્યો ન હોત અને તેમણે યોગાભ્યાસ તેમજ વિજ્ઞાન સંમત રસ્તો ન બતાવ્યો હોત, તો આ ઘટનાઓએ મને કટ્ટર નાસ્તિક બનાવી દીધો હોત. પાખંડ અને ધૂર્તતાના આ ચક્રવ્યૂહને તેમણે કેવી રીતે તોડ્યા તે ઘટનાઓ એક એકથી માર્મિક અને મનોરંજક છે. તેમણે બતાવ્યું સ્વામીજી સાંજના કોઈને મળતા નથી. પ્રાતઃકાળે તેઓ નિયત જગ્યા પર આવીને બેસતા અને સામે ઊભેલા પીપળના વૃક્ષની તરફ એવી એકીટસે જોતા કે જેમ ત્યાં કોઈ યોગિની બેસીને તેમને બધું જ બતાવી રહી હોય. તેઓ આવતાં વેંત જ એક-એક વ્યક્તિનું નામ લઈને પોકારતા, તેની સમસ્યાઓનું વર્ણન એવી રીતે કરતાં, જેમ કોઈ પુસ્તક વાચી રહ્યા હોય. અંધશ્રદ્ધાળુ પોતાનું નામ અને મનની વાત સાંભળીને ગદ્‌ગદિત થઈ જતા અને આ રીતે તેમના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ચમત્કારોના કિસ્સા દૂર દૂર સુધી ફેલાતા ગયા.

મારો જેવો નંબર આવ્યો કે તેમણે મારું બતાવેલું ખોટું નામ જ જણાવ્યું. અહીંથી જ મારી શંકાને સમર્થન મળ્યું. વાસ્તવમાં આવનારા પૈકી મોટાભાગના તેમના ચેલા જ આવતા, જેઓ નવા લોકોની બધી વાતો જાણી લઈને રાતમાં બાબાને બતાવી દેતા હતા. તેમના ચમત્કારનું આ જ રહસ્ય હતું. લોકોને મારી ચાલાકીની ખબર પડી જવાથી એકાએક જીવ બચાવવા મારે ભાગી જવું પડ્યું. આ પહેલી ઘટના હતી જેણે મારા મનમાં ચમત્કારવાદ પ્રત્યે નફરત તો પેદા કરી દીધી, પરંતુ ચમત્કારો પ્રત્યેના ઉત્સાહમાં રતીભાર ખોટ આવી નહીં. થોડા દિવસો પછી પરમ પૂજ્ય ગુરુદેવને બંગાળમાં વસતા અને જડીબુટ્ટીઓથી સોનું બનાવતાં મહાત્માજીની જાણકારી મળી. પરમ પૂજ્ય ગુરુદેવ દેશની ગરીબાઈથી ખૂબ દુ:ખી રહેતા હતા. તે વેળા પરમ પૂજ્ય ગુરુદેવે કર્મયોગ વિદ્યાલયના નામથી મથુરામાં પ્રશિક્ષણ સત્રો પણ શરૂ કર્યા હતાં. સત્ર ભરનાર લોકોમાં અનેક દયાજનક આર્થિક સ્થિતિના પણ આવતા. તેમનું કરુણાથી ઓતપ્રોત મન એવા લોકોની સહાયતા કરવા ઇચ્છતું હતું. તેમણે વિચાર કર્યો જો આ વિદ્યા મને આવડી જાય તો દેશના ગરીબોનું ભલું થઈ શકે છે. તેથી તેઓ શોધતાં શોધતાં એ મહાત્માજીના આશ્રમમાં પહોંચી ગયા.

ત્યાં તેમને બધી પ્રવૃત્તિઓ શંકાસ્પદ જણાઈ. લોખંડની કઢાઈમાંથી થોડું તેલ, કેટલીક વિલક્ષણ જડીબુટ્ટીઓ અને તાંબાનો એક ટુકડો પણ તેમાં નાખવામાં આવતો. સવારથી સાંજ સુધી હળવા તાપે તેને ઘૂંટવામાં આવતું. એ પછી બધા લોકોને ત્યાંથી એમ કહીને હટાવી દેવામાં આવતા કે હવે જે બુટ્ટી ભેળવવામાં આવી રહી છે તેની કોઈને ખબર ન પડે, તે માટે મહાત્માજી એક વિશેષ મંત્રનો ઉપયોગ કરીને તેઓ બુટ્ટી નાખે છે. તે વેળા તેમનો પરમ શિષ્ય જ હાજર રહેતો હતો. થોડા સમય પછી કઢાઈ ઠંડી કરવામાં આવતી અને તેમાંથી સોનાનો ટુકડો બહાર કાઢવામાં આવતો. તે ટુકડો બધાને બતાવવામાં આવતો. ખરેખર તે સોનાનો જ જણાતો. તેને જોનારા મહાત્માજીનો જયજયકાર પોકારતા. તે સોનું બજારમાં વેચી દેવામાં આવતું. પરમ પૂજ્ય ગુરુદેવે મહાત્માજીની તે અંતિમ જડીબુટ્ટી કઈ છે કે જેનાથી વાસ્તવમાં સોનું બને છે તે જાણવા માટે ગુરુદેવે તેમના પરમ શિષ્યની સાથે મિત્રતા વધારી. બે દિવસમાં જ અસલી રહસ્ય ખૂલી ગયું. વાસ્તવમાં કોઈ જડીબુટ્ટી નાખવામાં આવતી નહીં. બાબાનું એક જ કામ હતું. તેઓ તાંબાનો ટુકડો કાઢી લઈને અસલ સોનું નાખી દેતા. પૂજ્ય ગુરુદેવે લોકોને મૂર્ખ બનાવનારા આ ધંધાને અખંડ જ્યોતિમાં પ્રકાશિત કર્યો. પરંતુ આ દેશની જનતાને ધન્ય છે કે જેણે અંધશ્રદ્ધા પાછળ પોતાની અક્કલ ગુમાવી દીધી છે. દેશના છપ્પન લાખ સાધુબાબા આ રીતે ગરીબ જનતાને છેતરી રહ્યા છે. ધર્મનું વાસ્તવિક રૂપ તો વેદો, ઉપનિષદો, ગીતા અને રામાયણમાં ભૂખ્યું પડી રહે છે અને આ રીતે નકલી અધ્યાત્મ આ દેશમાં મોજ કરી રહ્યો છે.

આ તે સમય હતો જ્યારે પરમ પૂજ્ય ગુરુદેવ પોતાના મિશનનો પાયો ચણી રહ્યા હતા. પરમ પૂજ્ય ગુરુદેવના અંતઃકરણમાં ભારતીય અધ્યાત્મ, ધર્મ અને તત્ત્વજ્ઞાન પ્રત્યે જયાં શાસ્ત્રીય શ્રદ્ધા હતી ત્યાં તેઓ તેનું નૈષ્ઠિક બુદ્ધિસંગત અને વિજ્ઞાનસંગત સ્વરૂપ રજૂ કરીને લોકસમુદાયને આસ્થાવાદી બનાવવા ઇચ્છતા હતા. તેમની માન્યતા હતી, ચમત્કારો સાધનાથી સિદ્ધિનું સુનિશ્ચિત પરિણામ છે. પરંતુ જ્યારે તેમને જાદુગરીનું સ્વરૂપ અપાવવા લાગે ત્યારે ધર્મતંત્રનો વિનાશ અને હિન્દુ સમાજના પતનની શરૂઆત થઈ. ધર્મ લોકોને ન તો ભાગ્યવાદી કે ન તો ડરપોક બનાવે છે. તે તો જીવન જીવવાની તે શૈલીનું નામ છે, જેનાથી વ્યક્તિત્વ પરિશુદ્ધ બને છે. ઘડાયેલું વ્યક્તિત્વ જ તે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સિદ્ધિ છે, જેનાથી પ્રત્યેક સફળતા મેળવી શકાય છે. સસ્તા અને ચમત્કારી ધર્મની માન્યતાને લીધે જ આ દેશમાં ઢોંગી ધર્મ વિકસ્યો. આ રહે ત્યાં સુધી દેશની ઉન્નતિ કદાપિ સંભવ નથી. તેથી પૂજ્ય ગુરુદેવે સંપૂર્ણ શક્તિ ખર્ચીને યોગના નામ પર માયાચારનો કિલ્લો પાડી નાખ્યો.

મથુરામાં સટ્ટો બતાવનાર એક મહાત્મા હતા. એમની દુકાનમાં દિવસપર્યંત ગ્રાહકોની ભીડ લાગેલી રહેતી હતી. તેમની પદ્ધતિ એ હતી કે આવનારા સાથે વાર્તાલાપમાં કોઈ સંખ્યા એવી રીતે બતાવતા કે આવનાર તે સંખ્યાને સટ્ટાનો નંબર માની લેતો. ઉદાહરણસ્વરૂપે એક વ્યક્તિ આવ્યો તો મહાત્માજી પોતાની શૈલીમાં બોલ્યા, પાજી ક્યારનો સિત્તેર વર્ષનો થઈ ગયો તો પણ સટ્ટો રમે છે. તેણે સિત્તેરને સટ્ટાનો નંબર સમજી લીધો.

અરે રાધેશ્યામ પ્રસાદના માટે ત્રણ ડઝન કેળા લઈ આવ. તેનો મતલબ નંબર છત્રીસ થઈ ગયો. આમ દરરોજ સો-બસો લોકો આવતા. કદીક એક-બેના નંબર લાગી જતા. તો તેને પાંચના બદલે પાંચસો રૂપિયા મળી જતા. આવા લોકો મહાત્માના પ્રચારક બની જતા. નવા લોકો આવવાની પરંપરા ચાલુ રહેતી. કોઈ વખત કેટલાક લોકો ભટકીને આવો ઉદ્દેશ લઈને પૂજ્ય ગુરુદેવની પાસે આવી જતા ત્યારે પૂજ્ય ગુરુદેવ ધમકાવીને ભગાડી દેતા અને કદી સટ્ટો ન રમવાની સલાહ આપતા. આમ કેટલાક લોકો બાબાજીને પૂજ્ય ગુરુદેવની વાત બતાવતા. તેથી પાડોશી બાબાજી હંમેશાં ખરાબ માનતા રહેતા. એ વાત અલગ છે કે તેમના ધંધામાં પડેલા સેંકડો લોકોનાં ઘર બરબાદ થઈ ગયાં, પરંતુ બાબાની દુકાનદારી પહેલાં કે આજે પણ બંધ ન થઈ. ફરક માત્ર એટલો પડ્યો કે તેમનાં કરતૂતો તેમના પાકા શિષ્યોએ શીખી લીધા છે.

જ્યોતિષશાસ્ત્ર અને હસ્તરેખા વિજ્ઞાન ભારતીયોની વિશેષ વિદ્યા છે. પરંતુ સત્ય તો એ છે કે અભણ હોય કે બુદ્ધિજીવી, દરેકને પોતાનું ભવિષ્ય જાણવાની તમન્ના હોય છે. મથુરામાં એક શ્રી દાઉદયાલજી ગુપ્તા નામના કૉંગ્રેસી રહેતા હતા. તેઓ વકીલ હતા, પરંતુ પ્રેસનો ધંધો ચલાવતા હતા. તેમણે હસ્તરેખા વિશે એક પુસ્તક લખ્યું છે. તેની પ્રસ્તાવનામાં તેમણે લખ્યું છે. ''મને જ્યોતિષ પર બિલકુલ વિશ્વાસ ન હતો, પરંતુ એક વખત પૂજ્ય આચાર્યજીએ મારા હાથની રેખાઓ જોઈને એવી ગુપ્ત બાબતો બતાવી જેની મારા સિવાય બીજા કોઈને ખબર પણ ન હતી. ભવિષ્યની બાબતમાં તેમની બધી બાબતો સાચી ઠરી તો મેં પણ જ્યોતિષશાસ્ત્ર વાંચ્યું. આ પુસ્તક તેની ફળશ્રુતિ છે.''

આમ છતાંય પૂજ્ય ગુરુદેવ લોકોને જ્યોતિષથી હંમેશાં દૂર રાખતા હતા, કારણ કે મોટાભાગના જ્યોતિષીઓ તથા હસ્તરેખાનિષ્ણાતો કેવળ લોકોને મૂર્ખ અને કામચોર ભાગ્યવાદી બનાવવા સિવાય બીજું કંઈ કરતા નથી. તેઓ પણ એના પ્રત્યક્ષ શિકારી બન્યા હતા. એક વખત મધ્યપ્રદેશના એક જ્યોતિષી આગ્રા પધાર્યા હતા. તેમના વિષે કહેવાય છે કે કોઈ પણ વ્યક્તિ પોતાના મનનો કોઈ પ્રશ્ન તેમને લખીને આપી દે તો કોઈને તેમના જ્યોતિષના જ્ઞાન પર શંકા ન રહેતી. થોડા સમય પછી તેનો પ્રશ્ન અને ઉત્તર પણ સચોટ બતાવી દેતા હતા. તેથી તેમની ઘણે દૂર સુધી ખ્યાતિ ફેલાઈ ગઈ હતી. પરમ જિજ્ઞાસુ ગુરુદેવ ભલા આ સુયોગને કયાં ચૂકે તેવા હતા. તેમણે જે કંઈ જોયું તેમાં અવિશ્વાસની સહેજ માત્ર પણ શક્યતા ન હતી. પરંતુ તેમના તાર્કિક મને તેનો સ્વીકાર ન કર્યો.

તેઓ પ્રત્યેક ઘટનાને ખૂબ ધ્યાનપૂર્વક જોતા અને તેનાથી ચાલાકી પકડમાં આવી ગઈ. વાસ્તવમાં પ્રશ્ન ગમે તે પૂછતું, પરંતુ જ્યારે લખવાનો સમય આવતો ત્યારે તેને લખવા માટેની નોટબુક તેમનો ચેલો જ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપતો હતો. પ્રશ્ન લખ્યા પછી અને કાગળ ફાડી લીધા પછી નોટબુક એક વખત જ્યોતિષની પાસે જતી હતી. આમ આ ક્રિયા બે વખત બેવડાવવામાં આવતી, અહીંથી જ તેમના મનમાં શંકા જન્મી. ગુરુદેવે પોતાનો પ્રશ્ન લખવા માટે જ્યારે તેમણે નોટબુકના બદલે પોતાની પાસેના કાગળમાં લખવાની વાત કહી તો જ્યોતિષે તે દિવસની સભાનું ત્યાં જ વિસર્જન કરી દીધું. એનાથી ગુરુદેવની શંકા એથી પણ વધુ ભારે થઈ ગઈ.

પછીની બેઠકમાં તેમની જ નોટબુક લીધી તો ખબર પડી કે તેમાં સાબુ સિવાય કોઈ એવું કેમિકલ લગાવ્યું હતું, જેથી લખાણ નીચેના પાનામાં દર અસલની જેમ અંકિત થઈ જતું હતું. શિષ્ય સાવચેતીથી બીજા પેજને કાઢી લેતો અને આમ જ્યોતિષી હર કોઈના મનની વાત જાણી લેતા હતા. તે જમાનામાં જ્યોતિષ દરેક પ્રશ્ન દીઠ બે રૂપિયા લેતા હતા, આમ દરરોજ પાંચસો રૂપિયા સુધીની સારી કમાણી કરી લેતા હતા. આનાથી તેમનો અને ચેલાનો ધંધો સારી રીતે ચાલતો હતો. એ વાત અલગ છે કે જે અંધવિશ્વાસ અને અશ્રદ્ધાને તેમને તોડી, તેને આજે ગાયત્રી પરિવારમાં પણ આશ્રય મળી ગયો છે. એનાથી હિન્દુ સમાજનું કેટલું ભલું થશે એ કોઈ જાણી શકતું નથી.

એથેન્સમાં આવેલ વેદાંતકેન્દ્ર અમેરિકાનું એક સુપ્રસિદ્ધ અધ્યાત્મ કેન્દ્ર હતું. ત્યાં બાઈબલથી માંડીને ગીતા સુધીના સારગર્ભિત પ્રવચનો થતાં હતાં.

તે દિવસે મનની કુટેવની વિવેચના કરતાં ગીતાના શ્લોકોની વ્યાખ્યા સ્વામી વિવેકાનંદ કરી રહ્યાં હતાં, જેમાં કહેવાયું હતું કે ન ઈચ્છવા છતાં પણ મન ખરાબ રસ્તે ચાલ્યું જાય છે અને મનુષ્યને પતનના ખાડામાં નાખી દે છે.

ભાષણ બહુ જ સારગર્ભિત અને હૃદયગ્રાહી હતું. મંત્રમુગ્ધ શ્રોતાઓ શરૂઆતથી અંત સુધી તે સાંભળતા રહ્યા. પ્રવચન સમાપ્ત થતાં વિદાય થતાં લોકોને લાગ્યું કે તેમના અંતઃકરણને કોઈકે જગાડી દીધું છે.

બધાં ચાલ્યાં ગયાં. વિવેકાનંદ પણ ચાંદની રાતમાં પોતાના રહેઠાણ તરફ પગે ચાલીને જઈ રહ્યાં હતાં. એક અસાધારણ સૌંદર્ય ધરાવતી સ્ત્રી તેમની પાછળ પાછળ ચાલી રહી હતી. અવસર મળતાં જ પોતાનો પ્રણય જાહેર કરી તેણે વિવેકાનંદનો હાથ પકડી લીધો અને તેમની છાતી સાથે આલિંગન દઈ ઊભી રહી.

વિવેકાનંદ સહેજ પણ ક્ષોભ ન પામ્યા કે ન તો દ્રવિત થયા. તેમણે યુવતીનો હાથ પકડી લીધો અને કહ્યું, "મા, તું કેવી દયાળુ છો. મા શારદામણિ જેવો પ્યાર આપવા તું અહી આવી લાગે છે. મા ! તું કેટલી મહાન છે !"

એક ઈર્ષાળુ પાદરીએ વિવેકાનંદને બદનામ કરવા માટે ષડ્યંત્ર રચી તેને મોકલી હતી. પરંતુ વિવેકાનંદનો હાથ પકડતાં જ દેવતા દ્વારા અમૃત વરસાવવા જેવી તેને અનુભૂતિ થઈ. પાછાં ફરતાં તેણે એટલું જ કહ્યું - દેવતા ! હું તો તમને પછાડવા આવી હતી પણ તમે તો મને આકાશ જેટલી ઊંચી કરી દીધી. વિકારનું સ્થાન વાત્સલ્યે લીધું હતું.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વાનપ્રસ્થીનો અર્થ

શ્રીમતી કૃષ્ણાબહેન નામની એક મહિલા પોતાના પતિદેવ સાથે ચંદીગઢથી ગાયત્રી તપોભૂમિ મથુરા આવી હતી. આ વાત ૧૯૬૫ની છે જ્યારે પૂજ્ય ગુરુદેવે ગાયત્રી તપોભૂમિ, મથુરામાં વાનપ્રસ્થ સત્રો શરૂ કર્યાં હતાં. શ્રી રમેશચંદ્રજી શુક્લ આ શિબિરોની ભેટ રૂપ હતા. તેઓ માર્ચમાં આવી ગયા હતા. જો કે ઉન્નાવના ડૉ.રાજેન્દ્ર સહાય અને દહેરાદુનની શ્રીમતી સુશીલા રસ્તોગી તે વાનપ્રસ્થીઓ પૈકીના હતા કે જેમણે વિધિવત સંસ્કાર તો કરાવ્યા હતા પરંતુ શ્રી શુક્લજીની જેમ જીવનદાન કર્યું ન હતું.

પરમ પૂજ્ય ગરુદેવે અખંડ જ્યોતિમાં આ વાનપ્રસ્થ પ્રશિક્ષણનું સત્રની સિદ્ધિઓની ફળશ્રુતિ સહિત પ્રકાશન કર્યું હતું. દરેક મનુષ્યને કીર્તિ તો પ્રિય હોય છે. આથી બીજા અન્ય લોકો પણ વાનપ્રસ્થી માટે તત્પર થઈને આવ્યા. તેમાં શ્રીમતી કૃષ્ણા પણ એક હતી. તેણે ગાયત્રી તપોભૂમિ પહોંચીને ગુરુદેવને પોતાના વાનપ્રસ્થ સંસ્કાર કરાવી દેવાની પ્રાર્થના કરી. પરમ પૂજ્ય ગુરુદેવ જેમ નાનાં બાળકોને સમજાવતા હોય તેમ તેને કહ્યું, બેટા ઉતાવળ કરવી જોઈએ નહીં. આગળ ઉપર તારા પણ વાનપ્રસ્થ સંસ્કાર કરાવી દઈશું. પછી વાત બદલીને બોલ્યા, માતાજી વાટ જોઈ રહી હશે, ઘેર જઈને ભોજન કરી આવ.

તેથી કૃષ્ણાજી ઘિયામંડી ચાલી ગઈ. થોડા સમય પછી પરમ પૂજ્ય ગુરુદેવ પણ ઘિયામંડી પહોંચી ગયા. ત્યાં પહેલેથી જ હાજર કૃષ્ણાજી ફરીથી તેમની પાછળ પડી ગઈ. ગુરુદેવ ! કાલે મારા વાનપ્રસ્થ સંસ્કાર અચૂક કરાવી દેજો. વાત બદલવાની દૃષ્ટિથી તેમણે ઘરનાં બાળકોના સમાચાર પૂછવાનું શરૂ કર્યું. પરંતુ જેમ બાળકોને ગમે તેમ ફોસલાવવામાં તો પણ તેઓ પોતાની હઠ પર અક્કડ રહે છે, તેમ કૃષ્ણાજી પૂજ્ય ગુરુદેવની પૂછેલી દરેક વાતનો ઉત્તર એવી રીતે આપતી હતી માનો કે બધા પ્રશ્નો વાનપ્રસ્થ સંસ્કારને લગતા હોય. પૂજ્ય ગુરુદેવે ફરીથી સમજાવ્યું કે બેટા સમજદાર લોક હઠ કરતા નથી. તને મેં કહ્યું ને કે તારા પણ કોઈ વખત વાનપ્રસ્થ સંસ્કાર કરાવી દઈશ. હાલમાં તું જઈને વિશ્રામ કર, મારે પણ આવશ્યક કામ કરવાનું છે.

તે વખતે શ્રીમતી કૃષ્ણાજી તો ચાલી ગઈ, પરંતુ બીજા દિવસે સવારમાં તે ગાયત્રી તપોભૂમિમાં ફરીથી પૂજ્ય ગુરુદેવની પાછળ પડી ગઈ. પિતાજી આજે જ મારા વાનપ્રસ્થ સંસ્કાર કરાવી દો. બીજું કોઈ હોત તો કદાચ ગુસ્સે થઈ ગયા હોત. પરંતુ પુત્રી જેવી કૃષ્ણા પર રતીભાર, અપ્રસન્ન થયા સિવાય કહ્યું, બેટા તારા વાનપ્રસ્થ સંસ્કાર તો હમણાં જ કરાવી દઉં, પરંતુ વાનપ્રસ્થનો અર્થ છે બ્રહ્મચર્યનો તાત્કાલિક અમલ કરવો. તે સંભવ ન હોય તો વાનપ્રસ્થ લેવાથી કોઈ અર્થ સફળ થતો નથી.

પૂજ્ય ગુરુદેવે આટલું કહ્યા પછી કૃષ્ણાજી થોડી ક્ષણ મૌન રહી. ત્યાર પછી ધીમા અવાજે બોલી પિતાજી ! આવતા વર્ષે વાનપ્રસ્થ સંસ્કાર કરાવી લઈશું. એ કહેવું જરૂરી નથી કે તે પછી આજ સુધી શ્રીમતી કૃષ્ણાબહેનનાં દર્શન થયાં નહીં. કદાચ તેણે પોતાની રીતે સંસ્કાર કરાવી લીધા હશે. આજકાલ અંધશ્રદ્ધા અને અંધપરંપરાના શિકાર બની રહેલ ગાયત્રી પરિવારે બોધ લેવો જોઈએ. જો આદર્શો અને સિદ્ધાંતોનું પાલન ન થાય, તો ન તો પીળાં કપડાંનું કોઈ મહત્ત્વ છે કે ન તો આ પ્રકારના પ્રદર્શન-પ્રધાન (દેખાવ પૂરતા) સંસ્કારોનું મહત્ત્વ છે. સંસ્કારોનો અર્થ તેમાં સમાયેલ શિક્ષણનો જીવનમાં સમાવેશ કરવાનો છે. આ સિવાય તેનો કોઈ પણ અર્થ નથી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મહાપુરુષોની દૃષ્ટિમાં પૂજ્ય ગુરુદેવ

દુનિયાના જેટલા પણ ભવિષ્યવક્તાઓ અને ભવિષ્યદ્દષ્ટાઓએ જે ભવિષ્યવાણીઓ કરેલી છે તે ગુરુદેવના નામની સાથેસાથે પૂજ્યવરના વ્યક્તિત્વ અને કાર્યો સાથે સંપૂર્ણ રીતે મેળ ખાય છે. જીન ડિક્સન, જૉન મિલોર્ડ, રોમ્યાં રોલાં, એંડરસન, પાદરી વૈંકટર, પ્રોફેસર હરાર, નૈસ્ટ્રોડેમસ, આર્થર ચાર્લ્સ ક્લાર્ક, શ્રીમતી બોરિસ્કા સિલ્દિગર, ગેરાર્ડ ક્રાઈસે, જૂલવર્ન, કીરો, મહર્ષિ અરવિંદ, સ્વામી આનંદાચાર્ય, વિશ્વરંજન બ્રહ્મચારી, રાજનારાયણ ષટ્શાસ્ત્રી અને ફ્લોરેન્સનાં નામ આ બાબતમાં ઉલ્લેખનીય છે. અહીંયાં અમે પૂજ્યવર સંબંધી પોતાના વિચાર સ્પષ્ટરૂપે રજૂ કરનાર મહાપુરુષોની અભિવ્યક્તિઓ (ઉક્તિઓ) આપી રહ્યા છીએ.

**ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ :** મહામહિમ (મહાન) રાષ્ટ્રપતિને જ્યારે ગુરુદેવ દ્વારા ભાષાંતર કરાયેલાં ઉપનિષદોને વાંચવાનો પ્રસંગ મળ્યો તો તેમણે પોતાની ભાવાંજલિ આ રીતે પ્રગટ કરી - ''કાશ ! આ સાહિત્ય મને યુવાનીમાં મળી ગયું હોત તો મારા જીવનનો માર્ગ કંઈક જુદો જ હોત અને રાજનીતિમાં ન જતાં આચાર્યશ્રીનાં ચરણોમાં બેસીને હું આધ્યાત્મનું જ્ઞાન લઈ રહ્યો હોત.''

**મહાત્મા ગાંધી :** ગાંધીજીના કાર્યકાળ દરમ્યાન પૂજ્ય ગુરુદેવ કિશોર અને યુવાન અવસ્થામાં હતા અને સ્વતંત્રતા-સંગ્રામમાં એક નિષ્ઠાવાન સ્વયંસેવકના રૂપે સક્રિય રહ્યા હતા. ગાંધીજીને પંતજી દ્વારા જાણવા મળ્યું કે આગરા જિલ્લાના એક ગામડાનો સ્વયંસેવક ખૂબ પ્રશંસનીય કાર્ય કરી રહ્યો છે. સાબરમતી આશ્રમમાં પૂજ્યવરના વ્યક્તિત્વ અને કાર્યોથી પ્રભાવિત થઈને ગાંધીજીએ તેમની ખૂબ પ્રશંસા કરી અને કહ્યું - ''તમારા જેવા સ્વયંસેવકો પર અમને ગર્વ છે.''

**આચાર્ય વિનોબા ભાવે :** ભૂદાન આંદોલન સંબંધી કાર્યો માટે વિનોબાજી ગ્વાલિયર આવ્યા હતા. પૂજ્ય ગુરુદેવે વેદોનો પ્રતો તેમને ભેટ આપવા માટે એક કાર્યકર દ્વારા મોકલી. પૂજ્યવર દ્વારા ભાષ્ય કરાયેલા વેદોને વાંચીને વિનોબાજીએ તે કાર્યકર્તાને પ્રાર્થના સમયે ભેટ આપવા જણાવ્યું. જ્યારે તેમને વેદોની પ્રતો ભેટ આપવામાં આવી તો તેમણે માથા પર ચઢાવી કહ્યું - આ ગ્રંથો કોઈ વ્યક્તિ દ્વારા નહીં પરંતુ શક્તિ દ્વારા લખાયેલા છે.

**દેવરહા બાબા :** સુપ્રસિદ્ધ સંત દેવરહા બાબા એક સિદ્ધપુરુષ હતા. તેઓ પ્રત્યક્ષરૂપે પૂજ્યવરને હિમાલયના પ્રવાસમાં અથવા તો સૂક્ષ્મરૂપે અનેકવાર મળ્યા હશે, પરંતુ ભૌતિક જીવનમાં બંનેને મળતાં કોઈએ દેખ્યાં નથી. તેમણે એક પરિજનને કહ્યું-''બેટા ! તેમના માટે હું શું કહું ? સમજો કે હું હૃદયથી સતત તેમનું સ્મરણ કરતો રહું છું. ગાયત્રી તેમનામાં પૂર્ણરૂપે સમાયેલી છે અને તે સાક્ષાત્ સવિતા સ્વરૂપ છે.'' એક બીજા પ્રસંગે તેઓએ કહ્યું - ''બેટા ! લોકો તેમને ઓળખતા નથી, તમારા ગુરુ આચાર્ય શ્રીરામ નહીં ''રામ'' જ છે. ક્યારેય ભૂલશો નહીં કે તમે એક અવતારી પુરુષના લીલા સહચર (અવતારી સત્તાના કાર્યમાં સહાયક) છો.'' એક વખત જ્યારે તેમને ગુરુદેવ માટે પૂછવામાં આવ્યું તો તે બોલ્યા ''હું શું જણાવું તમે તો ગુરુજીની પાસે રહો છો તો તમે તેમના માટે જણાવો. તો પરિજન બોલ્યા - ''અમારી પાસે તો તેમના ખરા સ્વરૂપને જોવાની દૃષ્ટિ જ ક્યાં છે ? તમારા જેવા દૃષ્ટિયુક્ત જ તેમના સાચા સ્વરૂપને જોઈ શકે છે.'' સાંભળીને બાબા થોડા ગંભીર થયા અને બોલ્યા - ''તેમના માટે તો....'' ઉત્તર દિશા તરફ કરીને હાથ જોડીને નમસ્કાર કર્યા. પછી કંઈ પણ બોલ્યા નહીં.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દેવરહા બાબા સાથે ખૂબ નજીકમાં રહેલા અને ગાયત્રી પરિવાર સાથે જોડાયેલા એક સરકારી અધિકારીનું કહેવું છે કે એક પ્રમુખને તેમણે સવારે સૂર્યોદયની દિશામાં નમસ્કાર કરતાં કહ્યું હતું - ''હું દરરોજ સૂર્યને નમસ્કાર કરીને ગાયત્રીના સિદ્ધસાધક આચાર્યશ્રીનું દરરોજ અભિનંદન કરું છું.''

**મહાત્મા આનંદ સ્વામી :** એકવાર સ્વામીજી શાંતિકુંજમાં પધાર્યા તો મંચ પર બેઠાં બેઠાં જ ગાયત્રીની મંજરીની પ્રશંસા કરવા લાગ્યા. તેમાં શિવપાર્વતીના સંવાદરૂપે ગાયત્રી મહાવિદ્યાની કુંડલિની શક્તિનું વર્ણન છે. તેમણે પૂજ્યવરને પોતાના અનન્ય જણાવીને કહ્યું કે ''આ (તેમના) પૂજ્યવર દ્વારા જ લખાયેલી છે.'' આ સાંભળીને સ્વામીજી ગંભીર થઈને કંઈક વિચારવા લાગ્યા. ગુરુદેવ બહુ સારી રીતે સમજી ગયા કે તેઓ શું વિચારી રહ્યા છે. તેમણે વાતને હસી કાઢવાનો પ્રયત્ન કર્યો પરંતુ પોતાનો વારો આવતાં જ જ્યારે આનંદસ્વામીજી બોલવા માટે ઊભા થયા તો તેમણે જણાવ્યું કે - ''એક વાર હું હિમાલયના દુર્ગમ ક્ષેત્રોમાં ગયો હતો, ત્યાં બરફાચ્છાદિત ક્ષેત્રમાં એક શિલા મને બરફ વગરની જોવા મળી. ગાઈડનું કામ કરી રહેલ એક સાધકને તેનું કારણ પૂછતાં તેણે જણાવ્યું કે - કહેવાય છે કે આ શિલા પર બેસીને ભગવાન શંકરે તપ કર્યું હતું તેથી આ શિલા પર ક્યારેય બરફ ટકી શકતો નથી. આ લોકોક્તિ કેટલી સાચી છે તેની ખબર નથી. આ સાંભળ્યા પછી તે શિલા પર જવાનો મારો આગ્રહ ખૂબ વધી ગયો. દુર્ગમ સ્થળ હોવા છતાં ગમે તે રીતે હું ત્યાં પહોંચી ગયો. શિવજીના તપસ્યા સ્થળે પહોંચીને મેં ધ્યાન શરૂ કર્યું તો ધ્યાનમાં (નજીક બેઠેલા ગુરુદેવ તરફ ઈશારો કરતાં) આમની ઝલક દેખાઈ. હું સમજી ગયો કે આ કોણ છે અને કયા રૂપે ધરતી પર આવ્યા છે.'' સ્વામીજીના ભાવભર્યા ઉદ્ગાર સાંભળી બધા જ શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ ગયાં. પૃથ્વી પર અત્યારે શિવજીની ચેતનાનું પ્રતિનિધિત્વ કરનારી શક્તિ સ્વયં ગુરુદેવ છે, આ વાત બધાંએ પરોક્ષરૂપે જાણી લીધી. એક સિદ્ધ ગાયત્રીસાધકે પોતાને મુખેથી વારંવાર જણાવ્યું છે કે - આચાર્યશ્રીએ ગાયત્રીને જનસાધારણની બનાવીને મહર્ષિ દયાનંદજીના કાર્યને આગળ ધપાવ્યું છે. તેઓ અને ગાયત્રી એકરૂપ થઈ ગયાં છે.

**કાંચી કામકોટિ પીઠના શંકરાચાર્ય :** શ્રી જયેન્દ્ર તીર્થ સ્વામી જ્યારે શાંતિકુંજમાં પધાર્યા ત્યારે તેમણે ઋષિ યુગ્મનાં દર્શન કર્યાં. સંતોની મંડળીમાં તેમણે જાહેર કર્યું અને પ્રસંગોપાત્ત કહેતા રહ્યા કે, આચાર્યજીનો એકાકી પુરુષાર્થ આખા સંતસમાજની એકત્રિત શક્તિ સ્વરૂપ છે. તેમણે ગાયત્રી અને યજ્ઞને સીમિત દાયરામાંથી બહાર કાઢી વ્યાપક રૂપ પ્રદાન કર્યું તે શાસ્ત્રસંમત છે. આચાર્યજી એક એવા યુગ પુરુષ છે જેમનું દરેક કાર્ય શાસ્ત્રસંમત અને વિધિસંમત માનવું જોઈએ.'' આવું કહીને તેમણે ઉત્તર દિશામાં નમસ્કાર કર્યા - ''મારા તેમને વારંવાર પ્રણામ છે.''

**સ્વામી વિશુદ્ધાનંદજી મહારાજ :** હિમાલય-નિવાસી, ત્રિકાળ જ્ઞાની, પરમસિદ્ધ મહારાજજીએ પૂજ્યવર માટે ડિસેમ્બર, ૧૯૫૭ના અખંડ જ્યોતિ અંકમાં પોતાના વિચારો વ્યક્ત કરતાં લખ્યું છે - ''આચાર્યજીની નસો અને નાડીઓ પોલાદની બનેલી છે. છેલ્લાં ૩૦ વર્ષોથી ઘનઘોર તપ કરીને તેમણે પોતાને આઠ ધાતુના બનાવી દીધા છે. હિમાલય જેવું ઉદાર હૃદય અને માનસરોવર જેવાં નિર્મળ આ બંને (ગુરુદેવ અને માતાજી) આત્માઓ છે. અનેકોને પાર ઉતારનારાં અનુભવી માછી (હોડીવાળા) છે, તેઓ મહાન પેદા થયા છે. મહાનતા સાથે જીવી રહ્યાં છે અને તેમનો અંત પણ મહાન હશે.''

**કરપાત્રીજી મહારાજ :** કરપાત્રીજી મહારાજે ગુરુદેવ માટે પોતાના ભાવભર્યા વચનોમાં આ રીતે કહ્યું હતું - ''આચાર્યજી આ યુગમાં ગંગોત્રીના જનક છે. તેમણે ગાયત્રીને વ્યાપકતા બક્ષી છે. જો ગાયત્રીને માત્ર બ્રાહ્મણોની માનીને તેમના ભરોસે છોડી દીધી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હોત તો આજ સુધીમાં ગાયત્રી મહાવિદ્યા નાશ થઈ ગઈ હોત.''

**સ્વામી અખંડાનંદજી મહારાજ :** સંત જેવા સ્વામી અખંડાનંદજી મહારાજ કહેતા, ''જે ગાયત્રીનું ગંગાજળની માફક સેવન કરવા માગતા હોય તેમણે આચાર્યજીનો માર્ગ અપનાવવો જોઈએ. આચાર્યજીએ તો યજ્ઞને પણ દેવદર્શનની જેમ સર્વસુલભ બનાવી દીધો છે.

**શ્રી જુગલકિશોર બિરલા :** બિરલાજી ભાવભર્યા શબ્દોમાં કહેતા હતા - ''મેં ગુરુદેવમાં, પંડિતજીમાં સાક્ષાત્ બ્રાહ્મણનાં દર્શન કર્યાં છે. તેમનું કોઈ કાર્ય ક્યારેય અટકશે નહીં, કારણ કે તેમના દરેક કાર્યમાં સ્વયં ભગવાન સમાયેલા છે.''

**શ્રી રંગનાથ મિશ્ર :** જે ઘણા લાંબા સમય સુધી ભારતના સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ રહ્યા હતા, પૂજ્યવરની સ્મૃતિમાં બહાર પાડવામાં આવેલી ટપાલ ટિકિટના વિમોચન સમારંભમાં ૨૭ જૂન, ૧૯૯૧માં તેઓ એક અતિથિવિશેષ તરીકે હાજર રહ્યા હતા. તેમણે પોતાની ભાવભરી વાણીમાં પૂજ્યવરને યુગપુરુષ જણાવતાં આવા યુગપુરુષના લીલા સહચર હોવાને હાજર સમુદાયને પણ સૌભાગ્યશાળી કહ્યો હતો. પોતાના મર્યાદિત છતાં તેજસ્વી વક્તવ્યમાં તેમણે કહ્યું કે જ્યારે તેઓ આ ઊંચા પદ પર ન હતા પણ ઓરિસ્સા હાઈકોર્ટના ન્યાયાધીશ માત્ર હતા ત્યારે તેમણે શાંતિકુંજ જઈને દર્શન કર્યાં હતાં. ગુરુદેવની સાદગી અને બ્રાહ્મણત્વથી પ્રભાવિત થયા હતાં. શાંતિકુંજની કેન્દ્રીય ટોળીઓના સભ્યોને તેમણે જણાવ્યું હતું કે, ''મહાપ્રયાણ પછી પણ ગુરુદેવે એકવાર મારી શંકાનું સમાધાન કર્યું હતું. એક દિવસ ચિંતનમુદ્રામાં હું અર્ધતંદ્રાવસ્થામાં હતો ત્યારે સામેની દીવાલ પર તેમનું પ્રતિબિંબ દેખાયું અને તેમના એક જ વાક્યે મારા માટે તર્કવિતર્ક બનેલ બધી મૂંઝવણને દૂર કરી દીધી અને મારી મુશ્કેલી દૂર કરી. પછી મેં ત્વરિત નિર્ણય લઈ લીધો. તેમની વાત સાંભળીને શ્રી વિરેશ્વર ઉપાધ્યાયજી સાથે અહીંથી ગયેલા ડૉ. અમલકુમાર દત્ત કે જે સર્જન છે અને બ્રહ્મવર્ચસ્ શોધસંસ્થાનું સંશોધનકાર્ય પણ સંભાળે છે તેમણે પૂછયું ''આ ઘટના આત્મસંમોહન અથવા તો સ્વપ્ન પણ હોઈ શકે છે. એક વૈજ્ઞાનિકના નાતે હું આમ પૂછી રહ્યો છું.'' તેમના રૂપમાં એક ચીફ જસ્ટીસ બોલી ઊઠ્યાં - ના, કદાપિ નહીં, આ ભ્રમ ન હતો. આ તો મારા જેવો એક મનુષ્ય કહી રહ્યો છે. તે એ પણ જાણે છે કે વિજ્ઞાનની સીમા બહારનો આ વિષય છે. મારી પોતાની બુદ્ધિ જે નિર્ણય લઈ શકતી નહોતી ત્યાં ગુરુદેવના દિગ્દર્શને નિર્ણય લેવડાવ્યો. મારી અંદર એક અનુપમ આત્મવિશ્વાસ જાગૃત થયો. નક્કી આ એક દિવ્ય સંચાર જ હતો.

**મહામના રાષ્ટ્રપતિ શ્રી શંકરદયાળ શર્મા :** ડૉ. શર્માજીએ પૂજ્યવર પ્રત્યે પોતાની શ્રદ્ધા અર્પિત કરતા પોતાના પુસ્તક 'દેશમણિ'માં બે લેખ પૂ. ગુરુદેવને સમર્પિત કર્યા છે. વિદ્વત્તાપૂર્ણ લખાયેલા આ લેખોમાં તેમણ જે જણાવ્યું છે તે ખૂબ મહત્ત્વપૂર્ણ લાગે છે. તેમણે લખ્યું છે કે યુગપરિવર્તન માટે જે અવતારની જરૂરિયાત છે તે પહેલાં આકાંક્ષા રૂપે અવતરિત થશે. જોકે આ આકાંક્ષા વ્યક્તિમાં જ ઉત્પન્ન થઈ શકે છે. તેથી તેમણે વ્યક્તિના સુધાર અને વિકાસને મહત્ત્વ આપ્યું. મનુષ્યમાં દેવત્વ જાગૃત કરવાનો પ્રયત્ન કર્યો. તેમનો આ પ્રયત્ન મનુષ્યને આચરણથી ઉદાર બનાવવાની સાથે જોડાયેલો હતો. આગળ એક જગ્યાએ લખે છે કે, ''આચાર્યજીએ ઉપાસના, સાધના અને આરાધનાની ત્રિવેણી રૂપી સિદ્ધાંત અને સાધનાને આધુનિક યુગ અનુસાર તર્ક અને તથ્ય સંગત બનાવીને પરિવર્તનનો જે માર્ગ બતાવ્યો છે તેના માટે આવનારી પેઢીઓ યુગો સુધી તેમની ઋણી રહેશે.'' એક જગ્યાએ તેમણે લખ્યું છે કે, ''આચરણથી શિક્ષણ આપનાર આચાર્ય કહેવાય છે. આચાર્યજીને હું આ વ્યાખ્યામાં યોગ્ય ગણું છું. આવા મહાન સંતોનું જીવન આપણા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમાજમાં સદ્ભાવ સ્થાપીને તેને નિર્મળ બનાવે છે. તેમાં રહેલી જીવનશક્તિને જાગૃત કરીને તેમાં શક્તિભરી લોકહિત માટે પ્રવૃત્ત કરે છે. સમાજમાં ચરિત્રનાં સંકટોને રોકવા માટે તેમના ઉપદેશ મંત્ર સમાન છે. જેની આજે ખૂબ જરૂર છે.''

એક અન્ય પ્રસંગે આગાખાન હૉલમાં તેમણે કહ્યું હતું કે - આચાર્યજીએ પોતાની સૂઝબૂઝ, કુશળતા અને સંગઠનાત્મક શક્તિ દ્વારા આખા દેશમાં લગભગ ત્રણ હજાર પ્રજ્ઞા સંસ્થાઓની સ્થાપના કરી છે અને તેમની પાસે લગભગ ૨૫ લાખ જેટલા સમર્પિત કાર્યકર્તાઓનો સમૂહ છે. આ કોઈ નાની મોટી સિદ્ધિ નથી. આચાર્યજીના સંપૂર્ણ કાર્યને હું એક નૈતિક અને ચારિત્રિક આંદોલન ગણું છું. તેમની પોતાની વાતને સમજાવવાની જે રોચક શૈલી છે તે મને ખુદને ખૂબ જ પ્રભાવિત કરે છે. આ દૃષ્ટિથી આચાર્યજીએ વ્યાવહારિક જીવનથી સંબંધિત અને અત્યંત મહત્ત્વપૂર્ણ અનેક નાની નાની પુસ્તિકાઓ લખી છે. હું ઇચ્છું છું કે શક્ય તેટલાં વધુ લોકો સુધી આ પુસ્તિકાઓ પહોંચાડવામાં આવે જેથી તેના દ્વારા લોકો પોતાના જીવનનું માર્ગદર્શન મેળવી શકે.

યુગનિર્માણ મિશન સાથે જોડાયેલાં પૂજ્ય ગુરુદેવના શિષ્યો માટે પૂજ્યવર પ્રત્યેની અભિવ્યક્તિઓનું બહુ મહત્ત્વ નથી. પોતાના ગુરુદેવ પ્રત્યે બધા જ શ્રદ્ધા તો પ્રદર્શિત કરે જ છે, પરંતુ અન્ય પ્રતિષ્ઠિત મહાપુરુષોની અભિવ્યક્તિઓ કોઈના હૃદયમાં યુગપુરુષ પ્રત્યે શ્રદ્ધા ઉત્પન્ન કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે.

●

---

*યુદ્ધ પછી જ્યૂરિખમાં ભયંકર દુષ્કાળ પડ્યો, તેની સાથે રોગચાળો પણ ફાટી નીકળ્યો. આ આગની સામે ટક્કર લેવા સ્વયંસેવકોની જરૂરિયાત જણાઈ.*

*જ્યૂરિખના સમાજસેવી સંગઠને પીડિતોની સહાયતા માટે એક સેવા-સમિતિની રચના કરી. સ્વયંસેવકો માટે અસરકારક અપીલ છાપી હતી. આ પોકારને સાંભળીને એક પરિણીત દંપતી સામે આવ્યું. પતિનું નામ સૂસો હતું, પત્નીનું નામ સેરલાઓ હતું. તેઓ સેવાની વિનંતી લઈને આવ્યાં.*

*સંગઠનકર્તાઓએ કહ્યું, જો સાચા અર્થમાં સેવા કરવી છે, તો તમે લોકો સંતાનોત્પાદન ન કરવાનું વ્રત લો, નહીંતર તે ઝંઝટને લીધે તમે પૂરતું મન અને સમય લગાડીને એકાગ્રતાથી કામ કરી શકશો નહીં. તેઓને વિચાર કરીને બીજા દિવસે આવવાનું કહ્યું.*

*પતિ-પત્ની બીજા દિવસે નિયત સમય પર સેવાધિકારીની પાસે પહોંચ્યાં. તેમણે બાઈબલ હાથમાં લઈને આજીવન બાળકો પેદા ન કરવાની અને હંમેશાં સેવાધર્મમાં જોડાયેલાં રહેવાની પ્રતિજ્ઞા કરી.*

*સંગઠનકર્તાઓની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં. તેમણે તે સાચા સેવાવ્રતી દંપતીને હૃદય ખોલીને આશીર્વાદ આપ્યા અને કામમાં જોડી દીધાં. તેમના આદર્શોએ અનેકને પ્રેરણા આપી અને તે પ્રકારના વ્રતધારી સ્વયંસેવક એક હજારની સંખ્યામાં જોડાઈ ગયા.*

*આ બધાએ વિપત્તિ સામે ઝઝૂમવામાં અને મોરચો સંભાળીને લાખો લોકોના પ્રાણ બચાવ્યા. સૂસો દંપતીનું વ્રતનું પ્રથમ પગલું તે ક્ષેત્રમાં હજુ પણ ભાવનાપૂર્વક યાદ કરવામાં આવે છે. તે દિવસોમાં તેમને ધર્મ કરતાં પણ વધુ સન્માન મળ્યું હતું. સમાજમાં સમર્પિત થનારા આવી સમર્પિત અગ્રદૂતો વિરલા જ હોય છે, પરંતુ તેઓ ઇતિહાસમાં અમર બની જાય છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પૂજ્ય ગુરુદેવનું માર્ગદર્શન અને સલાહ

પરમ પૂજ્ય ગુરુદેવ અને વંદનીય માતાજી જ્યારે ગાયત્રી તપોભૂમિ મથુરાથી વિદાય થઈને શાંતિકુંજ હરિદ્વારમાં જઈ રહ્યાં હતાં ત્યારે તેમણે આત્મીય પરિજનોને થોડાક મહત્ત્વપૂર્ણ આદેશો અને સલાહ આપી હતી. આજે જ્યારે ગાયત્રી તપોભૂમિમાંથી યુગ નિર્માણ આંદોલનના અંતિમ ચરણનો શંખનાદ થઈ રહ્યો છે ત્યારે તેમના દ્વારા અપાયેલા આદેશો અને સલાહ પરિજનોનું પૂરેપૂરું માર્ગદર્શન કરશે. પૂજ્યવર દ્વારા અપાયેલ માર્ગદર્શન અને સલાહ અત્રે રજૂ કરી રહ્યાં છીએ.

દરેક મનુષ્યમા સ્વાભાવિક રીતે જ મોટા માણસ બનવાની લાલસા અને ઇચ્છા હોય છે જ. તેના માટે કોઈને કંઈ શીખવાડવું પડતું નથી. ધન, પદ, પ્રતિષ્ઠા, ઇંદ્રિયસુખ, પ્રશંસા, તંદુરસ્તી વગેરે કોણ નથી ઇચ્છતું ?વાસના અને તૃષ્ણાની પૂર્તિમાં કોણ વ્યાકુળ નથી ? પેટ અને પ્રજનનના વિચારો કોણ નથી કરતું ? આપણા પરિવારને મોટા માણસોનો સમૂહ બનાવવાની વાત ક્યારેય વિચારી નથી. આપણા પરિવારને તો મહાપુરુષોના દેવ સમાજને આપવાની ઇચ્છા છે. વાસ્તવમાં વ્યક્તિગત જીવનની સફળતા અને સમાજનું સૌભાગ્ય મહામાનવ બનવામાં જ છે. મહામાનવ બનવામાં જ મનુષ્યજીવનની સાર્થકતા છે. એ સિવાય પણ આજની પરિસ્થિતિમાં મહામાનવની એટલી જરૂર છે કે તેમના માટે ચારેબાજુ ત્રાસ ત્રાસ મચી રહ્યો છે. તેમના અભાવે દરેક ક્ષેત્ર વિકૃત અને વેરાન થઈ રહ્યું છે. નિમ્ન કક્ષાના મોટાઈના ભૂખ્યા લોકો વરસાદી વનસ્પતિની જેમ સતત વધતા જ રહ્યા છે. પરંતુ મહામાનવોનું ઉદ્ભવસ્થાન સૂનું પડ્યું છે. ગીધોનાં ટોળાં વધી ગયાં છે, પરંતુ સિંહોની ગુફાઓ ખાલીખમ થઈ રહી છે. આજના યુગની સૌથી મોટી જરૂરિયાત મહામાનવોના ઉદ્ભવની છે. તેમની સંખ્યામાં વધારો થશે તો જ વિશ્વના દરેક ક્ષેત્રમાં રહેલી મૂંઝવણો અને શોક-સંતાપોનું સમાધાન શક્ય બનશે. પરિવારરૂપી ખાણમાંથી નરરત્ન નીકળે અને વિશ્વઇતિહાસના એક નવા અધ્યયનનો આરંભ થઈ શકે તે હેતુથી જ આપણા પરિવારનું સંગઠન કરાયું છે. યુગ પરિવર્તન જેવા મહાન અભિયાન નિમ્ન કક્ષાના મનુષ્યો દ્વારા નહીં પરંતુ જેમને મહાપુરુષોની શ્રેણીમાં મૂકી શકાય તેવા લોકો દ્વારા જ પૂરાં કરી શકાય છે.

આપણો વિશાળ પરિવાર આપણે એક જ હેતુ માટે બનાવ્યો અને વિકસાવ્યો છે કે વિશ્વમાનવની આંતરવેદના હલકી કરવામાં અને રુદન, દારિદ્રય અને જલનથી બચાવવા માટે કંઈક યોગદાન આપી શકાય. પેટ અને પ્રજનનના તુચ્છ જંતુ જેવા સડામાં આપણી બહુમૂલ્ય જિંદગી વેડફાઈ ન જાય. પરંતુ જીવન ઉદ્દેશને સમજનારા થોડાઘણા મનુષ્યો પણ હોય જે ઉદ્દેશને પૂરાં કરવા માટે પોતાની સંપત્તિ અને વૈભવમાંથી એક અંશ જેટલું પણ અનુદાન આપવા માટે તૈયાર થઈ શકે. વિશ્વના ભાવનાત્મક નવનિર્માણ માટે જ ઉચ્ચ આદર્શોયુક્ત આપણો વિશાળ પરિવાર અમે બનાવ્યો છે. જોકે દુઃખોથી પીડિત લોકોની મદદ માટે અમારા પાસે જે કંઈ હતું તે આપતા રહ્યા, પરંતુ તેનો હેતુ કહેવાતા વિવેકહીન દાતાઓ દ્વારા લોકોની તૃષ્ણાને ભડકાવવાનો, ઓછી મહેનતે વધુ લાભ મેળવવાની દુષ્પ્રવૃત્તિ કરવાનો કે ભિક્ષાવૃત્તિની ટેવ પાડવાનો ન હતો.

આપણા આ હર્યાભર્યા ઉદ્યાનરૂપી પરિવારમાં ખીલેલાં વટવૃક્ષરૂપી પરિજનો પાસેથી અમે કંઈક આશા રાખીએ તે અયોગ્ય નથી. તેમને માટે જે કંઈ ભાવભર્યા સંદેશ રજૂ કરવામાં આવે તેને જીવનોપયોગી માનવા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જોઈએ. દરેક પરિજનને અમારી માર્મિક અને દીર્ઘદૃષ્ટિવાળી સલાહ છે કે તેનો ગંભીરતાપૂર્વક સ્વીકાર કરે. તેના પર ચિંતન મનન કરવું જોઈએ.

અમારી પહેલી સલાહ એ છે કે કોઈએ ધનની લાલચ રાખવી જોઈએ નહીં. પૌત્ર-પ્રપૌત્રો માટે ધન મૂકી જવાની માથાકૂટમાં ફસાવું જોઈએ નહીં. બદલાતા જમાનાની તેજ રફતારમાં આ બંને વિડંબનાઓથી કોઈ લાભ થવાનો નથી, ઊલટું લોભલાલચવાળી આ પ્રવૃત્તિને કારણે સર્વત્ર ધિક્કારને પાત્ર બનશો. વળી દોલત છિનવાઈ જવાનું દુઃખ અને પશ્ચાત્તાપ થશે તે તો અલગ. આમ આ બંને પ્રયત્નો નિરર્થક છે. માટે માનવજીવન જેવી મહાન કમાણીના અંશને જીવનનિર્વાહ માટે જરૂરી હોય તેટલો જ વાપરવો જોઈએ. આ માન્યતાને હૃદયસ્થ કર્યા વિના આજના યુગના પોકાર માટે કોઈ પણ વ્યક્તિ કોઈ નક્કર કામ કરી શકશે નહીં. એક બાજુથી પાછા વળ્યા વિના બીજી દિશામાં જવું શક્ય નથી. લોભ અને મોહની લાલચ જેટલી વધારે હશે તેને લોકમંગલ માટેનો અવસર કે સગવડ મળશે નહીં.

દેશના સામાન્ય નાગરિક જેવું સાદાઈ અને ઓછા ખર્ચવાળું જીવન બનાવીને તેમાં ગુજારો કરવાની વ્યવસ્થા કરવી જોઈએ. પરિવારને સ્વાવલંબી બનાવીને જાતે કમાણી કરવા માટે સમર્થ બનાવી પોતાનો ભાર પોતે ઉપાડી શકવા યોગ્ય બનાવવો જોઈએ. સંતાનો માટે વારસામાં દોલત મૂકી જવી તે ભારતીય કુરિવાજો અને દુષ્ટ પરંપરાઓમાની એક પરંપરા છે. તેથી જે વિચારકો છે તેમણે તો આવું સાહસ એકઠું કરવું જ જોઈએ. જેની પાસે આ પ્રકારનું બ્રહ્મવર્ચસ્ ન હોય તે માળા ફેરવતાં ફેરવતાં અને પૂજાપત્રો ઉલટાવતાં ઉલટાવતાં મિથ્યા આત્મપ્રવંચના ભલે કરતા રહે, પરંતુ તેઓ પરમાર્થના પથ પર એક ડગલું પણ આગળ વધી શકશે નહીં. લોભ અને મોહરૂપી શત્રુઓ જો થોડો ઘણો પણ મોકો આપે તો વિશ્વમાનવની સેવા કરવા માટે સમય, શ્રમ, મન અને ધનનું સમર્પણ કરવાની સ્થિતિ બની શકે. લોભ મોહને કારણે 'મારા તારા'માંથી જ ફુરસદ નથી તો પછી બિચારા લોકમંગલ માટે તો શું કરી શકે ? અને એના વિના જીવન સાધનાનું શું સ્વરૂપ બનશે ?

''ઈશ્વર એક વ્યક્તિ છે અને તે અમુક પદાર્થો કે પ્રશંસાનો ભૂખ્યો છે, તેને લાંચ આપીને, તેની ખુશામત કરીને, અથવા તો લાલચ આપીને મનોકામનાઓ પૂરી કરવા માટે અને સ્વર્ગ મુક્તિની ઈચ્છાઓ પૂરી કરવા માટે લલચાવી શકાય છે '' પરમાર્થ પ્રવૃત્તિઓનું શોષણ કરનારી આ વિટંબણામાંથી દરેકે બહાર નીકળવાનું છે. આવા અજ્ઞાનમાં ભટકનારો જન-સમાજ પોતાની શક્તિઓને નિરર્થક વેડફતો રહે છે. વાસ્તવમાં ઈશ્વર એક એવી શક્તિ છે જે અંતઃચેતના રૂપે સદ્ગુણો અને સદ્પ્રવૃત્તિઓ તરીકે આપણા અંતરંગમાં વિકસિત થાય છે. ઈશ્વર ભક્તિનું રૂપ પૂજા અર્ચનના ખોટા દેખાડામાં નહીં, પરંતુ વિશ્વમાનવને ભાવનાત્મક દૃષ્ટિએ ઉન્નત બનાવવાનો પ્રબળ પુરુષાર્થ જ ઈશ્વર ભક્તિનુ રૂપ હોઈ શકે. દેવપ્રતિમાઓ તો ધ્યાનના મનોવૈજ્ઞાનિક વ્યાયામ માટેનું અવલંબન માત્ર છે. હકીકતમાં ચિત્રોમાં અંકિત કરેલાં દેવી દેવતા અને મૂર્તિઓનું તો ક્યાંય અસ્તિત્વ જ નથી. ઉચ્ચ ભાવનાઓનું આલંકારિક રૂપ જ ઈશ્વરના પ્રતીક રૂપે રજૂ કરાઈ રહ્યુ છે. ઋતંભરા પ્રજ્ઞાને જ સરસ્વતી કહેવાય છે. મનને એકાગ્ર કરવા માટે જ તેની અલંકારિક છબી બનાવાઈ છે. વાસ્તવમાં અંતરંગમાં ઉત્પન્ન થયેલ સદ્જ્ઞાન જ સરસ્વતી છે. આ તથ્યને સમજ્યા વગર તો અધ્યાત્મ પણ એક જાળ સમાન સાબિત થશે અને મનુષ્ય આત્મપ્રવંચનામાં ભટકતો રહીને તેની અંદર રહેલ લોકમંગલ કરનારી અને તેના દ્વારા વ્યક્તિ અને સમાજનું ભલુ કરનારી શક્તિઓને પણ બરબાદ કરી નાખશે. મારી સલાહ છે કે કલ્પિત ઈશ્વરની ખુશામતમાં પરિજનોએ બહુ માથાકૂટ કરવી નહીં. પોતાના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અંતરંગને અને વિશ્વમાનવને ઉન્નત બનાવવા પ્રયત્નશીલ બને અને તે ત્યાગ અને બલિદાનને વાસ્તવિક ઈશ્વરભક્તિ અને તપશ્ચર્યા ગણો. આ પ્રક્રિયાથી ઈશ્વરની કૃપા બહુ જલદી થાય છે. પૂજા ઉપાસના કરવાનો મૂળ હેતુ અંતરગ પર ચઢેલાં મેલા આવરણને અને વિક્ષેપો પર સાબુ લગાડીને પોતાનાં જ્ઞાન અને કર્મની બને તેટલી વધુ સજાવટ કરવાની છે. ઈશ્વરને ન તો કોઈની ખુશામત પસદ છે કે ન તો દીવાધૂપ વગર તેનું કોઈ કામ અટકી ગયું છે. વ્યક્તિત્વને પરિશુદ્ધ અને ઉદાર બનાવીને જ આપણે ઈશ્વરની કૃપાના પાત્ર બની શકીએ છીએ. આ હકીકતને જો અમારો દરેક પરિજન બરાબર સમજી લે તો તે મંત્રતંત્રના લફરામાં પડ્યા વિના વિશ્વકલ્યાણ અને ઈશ્વરીય પ્રસન્નતાના આધાર જેની સાથે જોડાયેલાં છે તેવી દિશામાં ઘણે દૂર સુધી ચાલી શકે છે.

પહેલા જ જણાવવામા આવ્યું છે કે પરિવાર પ્રત્યે આપણે સાચા અર્થમાં કર્તવ્યપરાયણ અને જવાબદારી નિભાવનારાં બનવું જોઈએ. આજના મોહાસક્ત વાતાવરણમા જ્યાં વડીલો તેમનાં સંતાનો માટે ધનદોલત મૂકી જવાની લાલચમાં લપેટાયેલા છે અને તેમની ગુલામી કરતાં કરતાં જીવન વ્યર્થ વેડફતા રહે છે. ત્યાં જેની કમાણી પર ઘરનો વ્યવહાર ચાલતો હોય અથવા તો બીજાં લોકો અમનચમન કરતાં હોય તેવી મધપૂડાની મધમાખીને ભાગ્યે જ ઘરવાળાં હાથમાંથી જવા દેશે. આજની પત્ની અને બાળકોને પોતાના પિતા અથવા પતિને પોતાના સિવાય અન્યો માટે લોકમંગલનાં કાર્યો માટે સમય કે પૈસા ખર્ચે તે બિલકુલ પસંદ નથી. આવી દિશામાં આગળ વધતાં પહેલા ઘરમાં તેનો વિરોધ થાય છે. ઘરવાળાંને શંકા રહે છે કે જો ઘરનો વડીલ બીજાં કાર્યોમાં દિલચસ્પી લેશે તો તેમને મળતાં લાભો બંધ થઈ જશે. માટે ઘરવાળાંની સંમતિથી પરમાર્થ માટે પગલાં ભરવાની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. આખુ જીવન સમાપ્ત થઈ જાય છતાં પણ આ શક્ય નથી. વાસ્તવમાં જેને કંઈક કરવું જ છે તે જેમ સમાજની ચિંતા નથી કરતો તેમ કુટુંબના અયોગ્ય વિરોધોની પણ ઉપેક્ષા કરવી જોઈએ. ઘરવાળાંના કહ્યા પ્રમાણેનું વર્તન કરવું જરૂરી નથી. આપણે મોહાંધ નથી પણ વિવેકશીલ બનવું જોઈએ અને કૌટુંબિક જવાબદારીઓની યોગ્ય મર્યાદાઓનું પાલન કરી લોકહિતનાં કાર્યો માટે નહીં, પરંતુ ફક્ત કુટુંબીઓની સુખસગવડ માટે પ્રયોજાતાં લોભ અને મોહ ભરેલાં બંધનોની ઉપેક્ષા કરવી જોઈએ. દરેક મહાન પુરુષે અને શ્રેયના માર્ગે ચાલનારા પથિકને શરૂઆતમાં આ પ્રકારનો કૌટુંબિક વિરોધ સહન કરવો પડે છે.

અમારી ચોથી સલાહ એ છે કે મનમાં જો પુણ્ય પરમાર્થની અંતઃચેતના જાગૃત થાય તો સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે તેનો ઉપયોગ ન કરો. મોટેભાગે લોકોની હલકીવૃત્તિને કારણે લોકો નામના મેળવવાનુ બીજું નામ પુણ્ય માની લે છે અને એવાં કામો કરે છે કે જે વાસ્તવિક જીવનમાં ઉપયોગી ન હોવા છતાં પણ જાહેરાત વધારે કરે. મંદિરો અને ધર્મશાળાઓ બાંધવી એ આ પ્રકારની સસ્તી જાહેરાતો જ છે. મંદિરો જાગૃતિના કેન્દ્ર બની રહ્યાં હતાં તે દિવસો તો હવે વીતી ગયા. તે પરિસ્થિતિઓ પણ હવે નથી કે જ્યારે ધર્મપ્રચારકો અને પગપાળા યાત્રા કરનાર પથિકો માટે વિશ્રામગૃહની જરૂર હોય. હવે તો વિશ્રામગૃહો વેપારી કામો માટે અથવા તો લગ્ન જેવાં સ્વાર્થી કાર્યો માટે ભાડે આપવામાં આવે છે. મફતની સગવડ શા માટે લે અને શા માટે આપે ? કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે આ રીતના નકામાં કામોમાં થતો શક્તિનો વ્યય બચાવીને તેને લોકમાનસને પરિશુદ્ધ કરનારાં કાર્યો પાછળ વાપરવી જોઈએ. આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે આજની બધી જ મૂંઝવણો અને મુશ્કેલીઓનું એક માત્ર કારણ મનુષ્યની વિચાર વિકૃતિ છે. શારીરિક, માનસિક, આર્થિક અને પારિવારિક તથા રાજનૈતિક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંકટો ઊભાં થવાનું મૂળ કારણ મનુષ્યની ખરાબ ભાવના અને ખરાબ પ્રવૃત્તિઓ છે. કેવળ બાહ્ય ઉપચારો કરવાથી પાંદડાંને પાણી સીંચવાથી કામ થશે નહીં. આપણે તો તેના મૂળ સુધી પહોંચીને સંકટ પેદા કરનાર છેદને જ બંધ કરવો જોઈએ. કહેવાની જરૂર નથી કે ભાવનાઓ અને વિચારોની નિમ્નતા જ સમગ્ર સંકટોનું કેન્દ્રબિંદુ છે. આપણે આ જ મર્મસ્થળને વીંધવાનું છે. આપણે જ્ઞાનયજ્ઞ અને વિચારક્રાંતિ અભિયાનને જ આ યુગની સૌથી અગત્યની જરૂરિયાત તથા સમગ્ર દુઃખોનો એક માત્ર ઇલાજ ગણવો જોઈએ. અમારા પરિજનોને અમારી ચોથી સલાહ આ જ છે કે તેઓ પરમાર્થભાવે કંઈ પણ કરવા ઇચ્છતા હોય તો તેમનું કાર્ય આજની માનવીય દુર્બુદ્ધિને ઉલટાવી શકવા સમર્થ છે કે નહીં તેની હજાર વખત કસોટી કરી લેવી જોઈએ. શારીરિક સુખસગવડ આપનારાં ધર્મપુણ્યોને થોડોક વખત રોકીને પાછાં લઈ જઈ શકાય તેમ છે, પરંતુ ભાવનાત્મક નવનિર્માણ અને વિચારક્રાંતિ આજના યુગની તાતી જરૂરિયાત છે, તેથી તેને આપત્તિ ધર્મ, યુગધર્મ માનીને સર્વતોભાવેન આપણે તેના પ્રયોજનમાં લાગી જવું જોઈએ. જ્ઞાનયજ્ઞ માટે કરેલાં કાર્યો ઇમારતોની જેમ પ્રત્યક્ષ દેખાતાં નથી અને સ્મારકોની જેમ વાહવાહી પણ કરાવતા નથી. છતાં પણ ઉપયોગિતાની દૃષ્ટિએ જોતાં ભાવનાત્મક પરમાર્થોનું પરિણામ ઈંટ ચૂનાની ઇમારતની સરખામણીમાં કરોડ ગણું વધારે છે. ખોટી વાહ વાહ છોડીને માનવજાતિના ભાગ્ય અને ભવિષ્યને ઘડનારાં કામો હાથમાં લેવાં જોઈએ. આ પ્રક્રિયા જ્ઞાનયજ્ઞના પુરોહિત બન્યા વિના કોઈ પણ રીતે પૂરી થતી નથી.

મોહમાયા અને લોભનાં બંધનો તોડીને અને અજ્ઞાન તથા લાલચ છોડવાથી જ જીવનઉદ્દેશને પૂરા કરવાવાળા - ઈશ્વરીય ઉદ્દેશ અને યુગ પોકારને પૂર્ણ કરનારા માર્ગ પર અગ્રેસર થઈ શકાય છે. તેથી તેના માટે જરૂરી સાહસ એકત્રિત કરીએ તો જ કોઈ પણ વ્યક્તિ યુગ નિર્માતા મહાન માનવોની પંક્તિમાં ઊભો રહી શકે છે. આ ચારેય કસોટીઓમાંથી આપણે પાર ઊતરવું જોઈએ.

યુગનિર્માણ માટેની આપણી ચતુર્મુખી યોજના દરેક પ્રેમી પરિજને બહુ સારી રીતે સમજી લેવી જોઈએ. (૧) પ્રચારાત્મક (૨) સંગઠનાત્મક (૩) રચનાત્મક (૪) સંઘર્ષાત્મક. આ ચાર ચરણોમાં આપણી પ્રક્રિયા ક્રમશઃ વિકસિત થશે. શુભ શરૂઆત પ્રચારાત્મક પ્રયોગથી કરવામાં આવી છે. આ પ્રયોગ જ્ઞાનયજ્ઞ અથવા તો વિચારક્રાંતિ નામે ઓળખાય છે. જ્યાં સુધી વસ્તુસ્થિતિ જાણતાં ન હોઈએ, સમસ્યાઓ અને બીમારીઓનું કારણ તથા નિદાન જાણતાં ન હોઈએ ત્યાં સુધી યોગ્ય ઉપાય થઈ શકતો નથી. આપણા પ્રચાર અભિયાનમાં અત્યારે આ જ શીખવવામાં આવી રહ્યું છે કે વ્યક્તિ અને સમાજની સમસ્ત સમસ્યાઓનું એકમાત્ર કારણ મનુષ્યની વિકૃત ચિંતન પદ્ધતિ છે. તેને બદલ્યા વિના કે સુધાર્યા વિના કોઈ પણ સમસ્યાનું સ્થાયી હલ મળી શકશે નહીં. વસ્તુસ્થિતિ પણ આ પ્રમાણેની જ છે. વિશ્વવ્યાપી પ્રગતિ અને શાંતિનું એક માત્ર હલ ભાવનાત્મક નવનિર્માણ જ છે. આ હકીકતને સર્વસાધારણ મનુષ્યો જેટલાં ઊંડાણથી આત્મસાત્ કરશે તેટલી ઝડપથી બૌદ્ધિકક્રાંતિની સાધન-સામગ્રી એકત્રિત થઈ શકશે. આજે તો ચારે તરફ બુદ્ધિને વિકૃત કરનારાં સાધનો જ પડેલાં છે. તેમના સ્થાને પરિશુદ્ધ પ્રચારતંત્રનું નિર્માણ કરવું પડશે.

યોજનાનું બીજું ચરણ સંગઠનાત્મક છે. નકામી ભીડ એકઠી કરવી બેકાર છે. મડદાંનો પહાડ ઊભો કરવાથી દુર્ગંધ જ ફેલાશે. જે વસ્તુસ્થિતિને સમજી શક્યા છે, જેમના મનમાં એક કસક છે તેઓને એક મહાન હેતુ માટે એકત્રિત કરવા તે સંગઠન છે. કર્મઠ લોકોનું સંગઠન બની જવાથી અને પ્રચારાત્મક અભિયાન સંતોષજનક સ્થિતિએ પહોંચી જવાથી શક્તિ અને સ્થિતિના અભાવમાં નહીં થઈ શકનારા અતિ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મહત્ત્વપૂર્ણ કાર્યો સહેલાઈથી થઈ શકશે.

આપણે, સર્જનાત્મક અને સંઘર્ષાત્મક કાર્યક્રમોની બહુ મોટા પાયા પર તૈયારી કરવી પડશે. અત્યારે તો માત્ર તેની ચર્ચા જ કરીશું. તેના પર બહુ ભાર મૂકવામાં આવતો નથી કારણ કે સર્જનાત્મક અને સંઘર્ષાત્મક કાર્યક્રમોને સંતોષજનક રીતે ચલાવવા માટેનાં પ્રચારાત્મક અને સંગઠનાત્મક તત્ત્વો હજુ આપણી પાસે પૂરતાં નથી, પરંતુ અમને વિશ્વાસ છે કે ટૂંક સમયમાં પ્રચાર અને સંગઠનનો પૂર્વાર્ધ સંતોષજનક સ્તર સુધી પહોંચી જશે. પછી આપણે સર્જન્ અને સંઘર્ષનું વિશાળ અને નિર્ણાયક અભિયાન સહેલાઈથી શરૂ કરીશું અને તેને સરળતાથી સફળ બનાવી શકીશું. પ્રગતિ માટે એ જરૂરી છે કે દરેક નાગરિકના મનમાં દુનિયાનું પછાતપણું દૂર કરવા માટે અને વિશ્વમાં સુખશાંતિ વધારવા માટે કોઈક ને કોઈક રચનાત્મક કાર્યો કરવાં જ જોઈએ. આ પ્રયત્ન કરોડો હાથો, મગજો અને શ્રમ બિંદુઓથી સીંચિત થઈને એટલાં વ્યાપક બની શકે છે કે સર્જન માટે સરકારની મદદ માગવાની અને માર્ગદર્શન આપવાની કોઈ જરૂર રહેશે નહીં.

સમાજમાં દુષ્ટ પ્રવૃત્તિઓ એટલી હદ સુધી વકરેલી હોય છે કે તેને જડમૂળથી ઉખાડીને ફેંકી દેવા માટે સંઘર્ષ કર્યા સિવાય કામ થતું નથી. રૂઢિવાદી, પ્રતિક્રિયાવાદી, દુરાગ્રહી, મૂઢમતિ, અભિમાની, ઉદ્દંડ, સ્વાર્થી અને અસામાજિક તત્ત્વો વિચારશીલતા અને ન્યાયની વાત સાંભળવા તૈયાર જ નથી. તેઓ તો સુધારાને કે સદ્ઉદ્દેશને અપનાવવો તો દૂર રહ્યો ઊલટું પ્રગતિના પથ પર ડગલે ને પગલે રોડા નાખવાનું કામ કરે છે. આવી પશુતા અને પાશવિકતાની સામે તો પ્રતિરોધ અને સંઘર્ષ અત્યંત જરૂરી છે. હિન્દુ સમાજમાં આંધળી પરંપરાઓની બોલબાલા છે. ન્યાત જાતના આધારે ઊંચનીચના ભેદભાવ, સ્ત્રીઓ પર અમાનવીય પ્રતિબંધો, ગરીબ અને બેઈમાન બનવા વિવશ કરતી લગ્નપ્રથાઓ, મરણ પાછળનું ભોજન અને ધર્મના નામે લોકોની શ્રદ્ધાનું શોષણ વગેરે અનેક એવાં કારણો છે જેણે દેશની આર્થિક બરબાદી અને અસંખ્ય વિકૃતિઓને જન્મ આપ્યો છે. બેઈમાની, લાંચરુશવત, ભેળસેળ અને ભ્રષ્ટાચારની બોલબાલા છે. સામૂહિક વિરોધના અભાવમાં ગુંડા તત્ત્વો દિવસે દિવસે બળવાન થતાં જાય છે અને ગુનાહિત પ્રવૃત્તિઓ ફૂલીફાલી રહી છે. શાસકો અને નેતાઓનાં કૃત્યો જોતાં પગ નીચેથી ધરતી સરકી જાય છે. જેણે એકવાર લોહીનો સ્વાદ ચાખી લીધો છે અને જેનું અભિમાન આકાશને આંબી ગયું છે તેવા લોકો પોતાનાં કાર્યો સહેજમાં બદલશે નહીં. તેમને તો સંઘર્ષાત્મક પ્રતિક્રિયા દ્વારા વાંકો રસ્તો છોડી સીધા માર્ગે ચાલવા માટે વિવશ કરવા પડશે. તેના માટે ગાંધીજીનો સત્યાગ્રહ, મજૂરોના ઘેરાવો, ચીની કૉમ્યુનિસ્ટોની સાંસ્કૃતિક ક્રાંતિના કડવા-મીઠા અનુભવો નજરસમક્ષ રાખીને એક એવી સમગ્ર યોજના અમારા મગજમાં છે કે જેથી અરાજકતા ફેલાયા વિના અનિચ્છનીય તત્ત્વોને બદલવા માટે વિવશ કરી શકાય. તેના માટે જ્યાં જ્યાં સ્થાનિક, વ્યક્તિગત અને સામૂહિક સંઘર્ષો થાય ત્યાં અયોગ્યતા સાથે ટક્કર લેવા માટે મોટામાં મોટો ત્યાગ અને બલિદાન કરનારા સ્વયંસેવકોની એક વિશાળ યુગસેનાનું સંગઠન કરવું પડશે. મહામાનવો, લોકસેવકો અને યુગનિર્માતાઓ દ્વારા ભાવિ મહાભારત લડાશે. સત્યુગ લાવતાં પહેલાં આવું મહાભારત જરૂરી છે. અવતારોની શૃંખલા સર્જનની સાથેસાથે સંઘર્ષની યોજના પણ હંમેશાં સાથે લાવી જ છે. યુગનિર્માણની લાલ મશાલનો નિષ્કલંક અવતાર ભવિષ્યમાં આવી ભૂમિકા નિભાવે તો કોઈ આશ્ચર્ય નહીં.

યુગનિર્માણ યોજના પ્રચારાત્મક, સંગઠનાત્મક, રચનાત્મક અને સંઘર્ષાત્મક કાર્યક્રમોને લઈને ક્રમશઃ પોતાનું ક્ષેત્ર વિસ્તારતી જશે. જોકે આની પાછળ નિઃસંદેહપણે ઈશ્વરીય ઇચ્છા અને મહાકાળની વિધિ-વ્યવસ્થા કાર્ય કરી રહી છે. અમે તો ફક્ત તેના ઉદ્ઘોષક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માત્ર છીએ. આ આંદોલન શિથિલ કે નિરસ્ત થવાનું નથી. અમારા તપશ્ચર્યા ગમન પછી પણ આ આંદોલન હજાર ગણુ વધશે. તેથી શંકા કુશંકાના ચક્રમાં ફસાયા વગર દરેકે દઢ વિશ્વાસ રાખવો જોઈએ કે વિશ્વનું નવનિર્માણ થશે જ અને તેમાં આપણાં અભિયાને, આપણા પરિવારે ખૂબ મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક ભૂમિકા નિભાવવાની છે.

પરિજનોની જન્મજન્માંતરોની જે શ્રેષ્ઠ સુસંસ્કારિતાને પારખીને તેમને અભિયાનના સહભાગી બનાવાયા છે તે સુસંસ્કારિતાનું ચિંતન કરવું જોઈએ. યુગનો પોકાર, જીવનની સાથર્ક્તા, ઈશ્વરની ઇચ્છા અને આ ઐતિહાસિક અવસરની સ્થિતિમાં મહામાનવની ભૂમિકા ધ્યાનમાં રાખીને કંઈક વિશાળ કદમ ભરવાની વાત વિચારવી જોઈએ. આ મહાઅભિયાનની અનેક દિશાઓ છે જેને પૈસાથી, મગજથી અને શ્રમબિંદુઓથી સિંચવી જોઈએ. જેની પાસે જે વૈભવ હોય તેને મહાકાલના ચરણે ધરી દેવો જોઈએ. લોભ અને મોહના અંધકાર અને અજ્ઞાનને ચીરીને આગળ વધવું જોઈએ અને પોતાની પાસે જે કંઈ હોય તેમાંથી ન્યૂનતમ ભાગ પોતાના માટે અને પરિવાર માટે રાખી બાકીનાને વિશ્વમાનવને ચરણે સમર્પિત કરી દેવું જોઈએ. નવનિર્માણની લાલ મશાલમાં અમે અમારા સર્વસ્વનું તેલ ટપકાવીને તેને જલતી રાખી છે. તે લાલ મશાલને જલતી રાખવા માટે અમારી જેમ પોતાના અસ્તિત્વના સાર તત્ત્વનું તેલ પૂરવાની જવાબદારી હવે પરિજનોની છે. પરિજનો પર કર્તવ્ય અને જવાબદારીઓ છોડીને અમે એ આશા સાથે વિદાય થઈ રહ્યા છીએ કે મહાનતાની દિશામાં અગ્રેસર થવા માટે પરિજનો હંમેશાં પ્રવૃત્ત રહેશે.

---

*એક દિવસે રાજા સુબુક્તગીન શિકાર માટે ગયા હતા. દિવસપર્યંત આમતેમ ભટક્યા પછી તેમણે એક હરણીને પોતાના બચ્ચા સાથે ઘાસ ચરતી જોઈ. તેમણે તીર ન ચલાવતાં ચૂપચાપ બચ્ચાને પકડી લીધું અને મહેલ તરફ પાછા વળ્યા. થોડીવાર પછી તેમણે પાછા ફરીને જોયું કે હરણી તેમની પાછળ પાછળ ચાલી રહી છે અને પોતાની આંખોમાંથી આંસુ વહાવી રહી છે.*

*આ દશ્ય જોઈને રાજાનું હૃદય પીગળી ગયું અને તેમણે હરણીના બચ્ચાને છોડી દીધું. હરણી બચ્ચાને મેળવીને ખુશીથી તેને ચાટવા લાગી અને જ્યાં સુધી રાજા તેની નજરોમાંથી દૂર ગયા નહીં, ત્યાં સુધી તેમને જોતી જ રહી. રાજા સુબુક્તગીનને જણાયું કે તેમણે પકડેલો શિકાર ભલે ગુંમાવી દીધો, પરંતુ બદલામાં એક ઊંડો આત્મસંતોષ થયો, જે હરણીના બચ્ચાનો વધ કરવા છતાં પણ કદી મળત નહીં.*

---

*તવંગર તે છે જે આવક કરતાં ખર્ચ ઓછો કરે છે. ગરીબ અને દુઃખી તે છે જે આંખો મીંચીને ખર્ચ કરે છે. પછીના દિવસોમાં તેને અનર્થ પણ કરવો પડશે.*

---

*અમે બદલીશુ-યુગ બદલાશે, અમે સુધરીશું-યુગ સુધરશે. આ કથન પર અમારો પરિપૂર્ણ વિશ્વાસ છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યા દેવી સર્વભૂતેષુ...

આ અખિલ બ્રહ્માંડમા ઈશ્વરની અનંત શક્તિઓ વિખરાયેલી પડી છે. તેમાંથી મનુષ્ય પોતાની જરૂરિયાત મુજબની શક્તિઓને પોતાના પુરુષાર્થ દ્વારા મેળવી લે છે. વિજ્ઞાન દ્વારા મનુષ્યે પ્રકૃતિની વિદ્યુત, તાપ, પ્રકાશ, ચુંબક, શબ્દ અને અણુશક્તિ જેવી કેટલીયે અદૃશ્ય અને અજ્ઞાત શક્તિઓને શોધીને હસ્તગત કરી લીધી છે અને પોતાના અધિકારમાં લઈ લીધી છે, પરંતુ બ્રહ્મની કેટલીક ચેતનાત્મક શક્તિઓ પણ છે જેને આત્મિક પ્રયત્નો દ્વારા હસ્તગત કરી શકાય છે. મનુષ્ય પોતાની અસાધારણ ચુંબકત્વ શક્તિને લીધે ભૌતિક જીવનમાં અનેક લોકોને પ્રભાવિત અને આકર્ષિત કરે છે. તેના આધારે જ સાધનો મેળવી સમૃદ્ધ બને છે અને સફળતાઓ પ્રાપ્ત કરે છે. આ ચુંબકત્વની મદદથી તે બ્રહ્મચેતનાના મહાસાગરમાંથી ઉપયોગી ચેતના તત્ત્વોને આકર્ષિત કરીને હસ્તગત કરી શકે છે.

વિવેકબુદ્ધિની માત્રા પૂરતા પ્રમાણમાં હોય તો નરને નારાયણ અને પુરુષને પુરુષોત્તમ બનાવવામાં કોઈ જ મુશ્કેલી નડતી નથી. ભૌતિક સમસ્યાઓ હલ કરવા માટે દરેક જણે રોજબરોજના જીવનમાં જે મહેનત અને એકાગ્રતા રાખવી પડે છે તેવી જ મહેનત અને એકાગ્રતા આત્મિક પ્રગતિ માટે પણ જરૂરી છે. લોભ અને મોહની પૂર્તિ માટે કરાતા પુરુષાર્થ અને સાહસ કરતાં પણ ઓછામાં ઉચ્ચ આદર્શવાદી જીવનનું નિર્માણ કરી શકાય છે. મૂળ મુશ્કેલી ફક્ત બુદ્ધિ પ્રતિભાની છે. જો તે પ્રાપ્ત થઈ શકે તો સમજી લેજો કે જીવનને સાચા અર્થમાં સાર્થક બનાવનારી રિદ્ધિસિદ્ધિની પ્રાપ્તિમાં હવે કોઈ મુશ્કેલી નડતી નથી.

તત્ત્વજ્ઞાનીઓએ ગાયત્રી મહાશક્તિને સૌથી વધારે દિવ્યશક્તિવાળી કહી છે. તેનું મહત્ત્વ સૌથી વધારે બતાવાયું છે. પ્રજ્ઞાતત્ત્વનું (વિવેકબુદ્ધિનું) બીજું નામ જ ગાયત્રી છે. તેને દીર્ઘ વિવેકશીલતા અને આત્માની પ્રગતિ માટે મનોવાંછિત બળ આપનારી સાહસિકતા પણ કહી શકાય છે. આત્માની પ્રગતિ માટે કરાતા ઇચ્છિત પુરુષાર્થોમાં ગાયત્રી ઉપાસનાને અગ્રતા આપવામાં આવી છે. વિવેકબુદ્ધિને પ્રાપ્ત કરવાની આ એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે.

'પ્રજ્ઞા' (વિવેકબુદ્ધિ) શક્તિ મનુષ્યને આત્મિક દૃષ્ટિએ સુવિકસિત અને સમૃદ્ધ બનાવે છે. તે પોતાના જીવનસ્તરને મહામાનવોના ઉચ્ચ સ્તર સુધી પહોંચાડે છે અને સામાન્ય જીવાત્માથી ઉપર ઉઠાવીને મહાત્મા, દેવાત્મા અને પરમાત્માના સ્તર સુધીનો ક્રમિક વિકાસ કરતો રહે છે આત્મિક સમૃદ્ધિની પાછળ પાછળ ભૌતિક સમૃદ્ધિ તો આવવાની જ છે. આત્મિક શક્તિઓથી સભર વ્યક્તિ ભૌતિક સમૃદ્ધિને ખોટી દેખાદેખીમા ન વેડફીને કોઈ મહાન હેતુ માટે એકત્રિત કરતો રહે અને સાંસારિક દૃષ્ટિએ નિર્ધન જેવો રહે એ એક અલગ વાત છે. આમા બીજાઓને તેની ગરીબાઈ દેખાતી હોય પરંતુ આત્મિક પૂંજીથી ધનવાન વ્યક્તિ પોતે સતુષ્ટ રહે છે અને પોતાને સાચા અર્થમાં ધનવાન માને છે.

ગાયત્રી ઉપાસના તે 'પ્રજ્ઞા'ને આકર્ષિત કરવાની તથા ધારણ કરવાની એક એવી અનુભૂતિની પ્રક્રિયા છે જે સાધકને પરબ્રહ્મની વિશેષ કૃપા, દીર્ઘ વિવેકશીલતા અને સન્માર્ગ અપનાવતા રહેવાની પ્રખરતાના રૂપમાં પ્રાપ્ત થાય છે. આ સહાય મેળવીને તે પોતે તો ધન્ય બને છે, પરંતુ સમસ્ત વાતાવરણને પણ ધન્ય બનાવે છે. તેના વ્યક્તિત્વથી તેના સંપર્કમાં રહેલ સમસ્ત વિસ્તાર પ્રભાવિત થાય છે અને એક સુખદ શક્યતાઓનો પ્રવાહ પ્રવાહિત થાય છે.

ગાયત્રી મહાશક્તિની ઉપાસના અને પ્રાપ્તિનો પરિચય આપતા તત્ત્વજ્ઞાનીઓએ ઘણું કહ્યું છે. શાસ્ત્રોમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પણ તેનો ઉલ્લેખ ઠેરઠેર જોવા મળે છે. તેમાંથી થોડાક પ્રસંગો આ પ્રકારે છે -

**યા દેવી સર્વભૂતેષુ બુદ્ધિ રૂપેણ સંસ્થિતા ।**
**નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમોનમઃ ॥**

જે દેવી બધાં પ્રાણીઓમાં બુદ્ધિરૂપે રહેલી છે તેને વારંવાર નમસ્કાર છે.

**મેધાસિ દેવી વિદિતા ખિલ શાસ્ર સાશઃ ।**

જેનાથી સમગ્ર શાસ્ત્રોના સારતત્ત્વને જાણી શકાય છે તે મેધા (બુદ્ધિ) શક્તિ આપ જ છો.

**વિદ્યા ત્વમેવ નનુ બુદ્ધિમતાં નરાણાં**
**શક્તિસ્ત્વમેવ કિલ શક્તિમતાં સદૈવ્ ।**
**ત્વં કીર્તિકાંતિકમલામલ તૃષ્ટિ રૂપા**
**મુક્તિપ્રદા વિરતિરેવ મનુષ્ય લોકે ॥**
**ગાયત્ર્યયયસિ પ્રથમવેદકલા ત્વમેવ**
**સ્વાહા સ્વધા ભગવતી સગુણાડર્ધમાત્રા ।**
**આમ્નાય એવ વિહિતો નિગમો ભવત્યૈ**
**સંજીવનાય સતતં સુરપૂર્વજાનામ્ ॥**

- દેવી ભાગવત્

બુદ્ધિશાળીઓમાં બુદ્ધિ અને બળવાનોમાં શક્તિ તમે જ છો. તમે જ કમલા, નિર્મલા, કીર્તિ, કાંતિ, તુષ્ટિ અને મુક્તિ આપનારી છો.

વેદની મુખ્ય શક્તિ ગાયત્રી આપ જ છો. સ્વાહા, સ્વધા, સગુણ અને અર્થમાત્રા આપને જ કહેવાય છે. આપ જ પ્રાણીઓ અને દેવતાઓની મુક્તિદાતા છો. વેદ અને તંત્ર આગમ અને નિગમ આપે જ રચ્યાં છે.

**સર્વસ્ય બુદ્ધિ રૂપેણં જનસ્ય હૃદી સંસ્થિતે ।**
**સ્વર્ગાપવર્ગ હે દેવી નારાયણી નમોસ્તુતે ॥**

સર્વ પ્રાણીઓના હૃદયમાં બુદ્ધિ રૂપે વિરાજમાન સ્વર્ગ તથા મોક્ષ પ્રદાન કરનારી હે ભગવતી ! આપને નમસ્કાર છે.

**સ્મૃતિસ્ત્વં ધૃતિસ્ત્વં ત્વમેવાસિ બુદ્ધિઃ**
**જરાપુષ્ટિ તુષ્ઠિ ધૃતિઃ કાંતિશાંતી ।**
**સુવિધા સુલક્ષ્મીર્ગતિ કીર્તિમેધે**
**ત્વમેવાસિ વિશ્વન્ય બીજં પુરાણમ્ ॥**

**ઉપસી ચૈવ્ ગાયત્રી સાવિત્રી ચ સરસ્વતીમ્ ।**
**વેદાનાં માતરમ્ પૃથ્વીમજાં ચૈવ તુ કૌશિકીમ્ ॥**

- દેવી ભાગવત્

સ્મૃતિ, ધૃતિ, બુદ્ધિ, જરા, પુષ્ટિ, તુષ્ટિ, ધૃતિ, કાંતિ, શાંતિ, વિદ્યા, લક્ષ્મી, ગતિ, કીર્તિ, મેધા અને વિશ્વબીજ તમે જ છો. ઉપસી, ગાયત્રી, સાવિત્રી, સરસ્વતી, પૃથ્વી, અજા, કૌશિકી તેને વેદમાતા કહે છે.

**સ્મૃતિ શક્તિ ર્જ્ઞાન શક્તિ બુદ્ધિ શક્તિ સ્વરૂપિણી ।**
**પ્રતિમા કલ્પના શક્તિર્યા ચ તસ્યૈ નમો નમઃ ॥**

- બ્રહ્મ વૈવર્ત

જે સ્મૃતિશક્તિ, જ્ઞાનશક્તિ અને બુદ્ધિશક્તિના સ્વરૂપવાળી છે અને જે પ્રતિભા અને કલ્પનાશક્તિના રૂપવાળી છે તે દેવીને મારાં વારંવાર પ્રણામ છે.

સામાન્ય રીતે મગજની તીક્ષ્ણતા અને ચતુરતાને, સમજને, સ્મરણશક્તિને અને ભાષાકીય જ્ઞાનને બૌદ્ધિક ગણવામાં આવે છે, પરંતુ અધ્યાત્મની ચર્ચામાં તો દીર્ઘ વિવેકશીલતાને જ 'પ્રજ્ઞા' કહેવામાં આવે છે. આ આધ્યાત્મિક બુદ્ધિમત્તા છે. ગાયત્રી મહાશક્તિનું અવતરણ આ પ્રજ્ઞાશક્તિના રૂપમાં થાય છે અને સાધકને તેનો પ્રત્યક્ષ લાભ એ મળે છે કે તે નિમ્ન હેતુઓ માટેના વિચારોમાંથી અલગ થઈને પોતાની જીવનચર્યાનું માળખું બદલી નાખનાર અને આદર્શવાદી પ્રવૃત્તિઓને કાર્યાન્વિત કરનાર ઉચ્ચ સ્તરના વિચારો કરવા શરૂ કરે છે.

બુદ્ધિપૂર્વક વ્યવસ્થિત કાર્યપદ્ધતિ અને ઉચ્ચતમ રીતિનીતિ અપનાવનાર ચોક્કસપણે સર્વતોમુખી પ્રગતિના પથ પર આગળ વધતો જાય છે. જે વૈભવને પ્રાપ્ત કરવા લોકો તલસે છે તે વૈભવ પ્રબળ પુરુષાર્થથી જ મેળવી શકાય છે. ભગવાન છાપરું ફાડીને સોનામહોરોનો ઘડો કોઈને આપી જતાં નથી. તેઓ તો ચિંતન અને કર્તવ્યનાં બંને ક્ષેત્રો સદ્જ્ઞાન અને સત્કર્મથી ઓતપ્રોત થાય તેવી પ્રેરણા પ્રગટાવે છે. પ્રબળ પુરૂષાર્થનો મતલબ આ ક્ષેત્રમાં જ આગળ ધપવાનો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. સામાન્ય પુરુષાર્થ તો દુષ્ટ અને દુર્ગુણી લોકો પણ કરતાં જ હોય છે. જયાં પણ સદ્‌બુદ્ધિ પ્રેરિત સત્કર્મપરાયણતાનો પ્રબળ પુરુષાર્થ જાગૃત થશે ત્યાં કોઈને કોઈ વસ્તુનો કે કોઈ વાતનો અભાવ રહેશે નહીં.

**ન દેવા દંડમાદાય રક્ષન્તિ પશુપાલ વત્ ય તુ રક્ષિતુમિચ્છન્તિ બુદ્ધયા સંયોજયન્તિ તમ્ ।**

જે રીતે ગોવાળ લાકડી લઈને પશુઓની રક્ષા કરે છે તેવી રીતે ભગવાન કોઈની રક્ષા કરતો નથી. ભગવાન જેની રક્ષા કરવા માંગે છે તેની બુદ્ધિને સન્માર્ગે વાળે છે.

ગાયત્રીનો નિવાસ માથાના ભાગમાં કહ્યો છે. દેવતાઓનો નિવાસ બ્રહ્મરંધ્રમાં મસ્તકમાં જણાવાયો છે. સેંકડો દિવ્યશક્તિઓનું કેન્દ્ર હોવાને કારણે તે કેન્દ્રને શતદલ કમળ કહેવાય છે. તે હજારોની સંખ્યામાં છે તેથી તેને સહસ્રદળ કમળ પણ કહે છે.

**ગાયત્ર્યં હિ શિરઃ । શિરો ગાયત્ર્યઃ ।**
**અકર્વતીષુ ગાયત્રીષુ શિરો ભવતિ ।**

- તાંડવ બ્રાહ્મણ

સૂર્યના સમગ્ર તેજવાળી તેજસ્વી ગાયત્રીનું સ્થાન માથું (શિર) છે.

મનોવિકારોનો નાશ થવાથી આત્માની દિવ્ય વિશેષતાઓ પ્રગટે છે અને પ્રખર બને છે. રાખ નીચે ઢંકાયેલા અંગારા પરની રાખ દૂર થતાં જ અંગારો પુનઃ પ્રજ્વલ્લિત થઈ ઊઠે છે. આવી પરિસ્થિતિમાં જ દિવ્ય પ્રકારની કેટલીયે વિશેષતાઓ દષ્ટિગોચર થાય છે. દિવ્યજીવન મૂળગત રીતે રહસ્યમય સિદ્ધિઓનો ભંડાર હોય છે. તે અંતઃક્ષેત્રમાં સ્વર્ગ અને મુક્તિ જેવો આનંદ મેળવે છે અને સાથેસાથે અનેક લોકોને ધન્ય બનાવે છે. શંખસ્મૃતિનું વચન છે કે ગાયત્રીનો મંત્ર જાપ કરનારા લોકોને મનોવાંછિત ફળ પ્રાપ્ત થાય છે અને તેની અમર્યાદિત મનોકામનાઓ પૂર્ણ થાય છે.

ગાયત્રી વેદોની જનની છે, પાપોનો નાશ કરનારી છે. એનાથી મોટી કોઈ શક્તિ આ લોકમાં પણ નથી કે પરલોકમાં પણ નથી. નર્કરૂપી સમુદ્રમાં પડેલાં લોકોને તે પોતાના હાથોથી ઉગારે છે. તેથી ગાયત્રીની ઉપાસના અને હવન હંમેશાં કરવાં જોઈએ. ગાયત્રી જાપ કરનાર સંસારમાં રહેવાં છતાં પણ જળકમળવત્ રહે છે. તેના પર કોઈ પાપ ચડતું નથી.

ગાયત્રી જાપ કરવાથી નિઃસંદેહપણે સમસ્ત સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. બીજી કોઈ સાધના ન કરે તો પણ બ્રાહ્મણ ગાયત્રીનો આશરો લઈને આ સંસારસાગર પાર થઈ જાય છે. ગાયત્રીની ઉપાસના કરવાથી સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ અવશ્ય થાય છે. તેથી હંમેશાં નિયમિતપણે ભક્તિપૂર્વક ગાયત્રીજાપની સાધના કરવી જોઈએ.

ગાયત્રી મંત્રમાં જે પ્રજ્ઞાને ધિયઃ શબ્દથી સંબોધિત કરવામાં આવે છે અને અંતઃચેતનાના કણેકણમાં ઓતપ્રોત કરવાની ઘોષણા કરી છે તેની ચર્ચા શાસ્ત્રકારોએ અન્યત્ર ઋતંભરા પ્રજ્ઞા 'ભૂમા' વગેરે નામોથી કરી છે. સ્કૂલો, કારખાનાં અને બજારોમાં જાણવા મળતા હોશિયારી અને ચતુરાઈના શિક્ષણ કરતાં પ્રજ્ઞા તદ્દન ભિન્ન છે. જે વિદ્યાને આધારે આત્મબોધ થાય છે, જીવનનું મહત્ત્વ, સ્વરૂપ, લક્ષ્ય અને ઉપયોગ જાણવા મળે છે, સત્ અસત્‌નો ભેદ કરનારી વિવેકબુદ્ધિ વિકસે છે તેને જ ગાયત્રી કહી શકાય છે.

ગાયત્રી ઉપાસના દ્વારા પ્રજ્ઞાશક્તિ પ્રાપ્ત કરવાની સાથેસાથે સાધકને જેનું વર્ણન વિદ્યા વિધાના ઊંડાણ સાથે તથા યોગ તપ વગેરે સાધના વિધાનના સાથે જોડાયેલી છે તેવી સમસ્ત શક્તિઓ પ્રાપ્ત થાય છે. ગાયત્રી ઉપાસકની આત્મિક પૂંજી સતત વધતી જ જાય છે અને જો તે ધીરજપૂર્વક તથા સાહસપૂર્વક આત્મસંશોધન કરતાં કરતાં પોતાના માર્ગે આગળ વધતો રહ્યો તો એક દિવસ નરમાંથી નારાયણ બનવાના સ્તર સુધી પહોંચી એક સિદ્ધ પુરુષ બની રહે છે. બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહ્યું છે કે -


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**યોગનિદ્રા યોગરૂપા યોગદાત્રી ચ યોગિનામ્ ।**
**સિદ્ધિસ્વરૂપા સિદ્ધાનાં સિદ્ધિદા સિદ્ધિયોગિની ॥**
**વિદ્યા વિદ્યાવતાં ત્વચ બુદ્ધિર્બુદ્ધિ મતાંસતામ્ ।**
**મેધાસ્મૃતિ સ્વરૂપા ચ પ્રતિભા પ્રતિભાવતામ્ ॥**

હે દેવી ગાયત્રી ! યોગીઓને યોગ પ્રદાન કરનારી યોગરૂપા યોગદાત્રી છો. આપ સિદ્ધોને સિદ્ધિઓ આપનારી છો. આપ સિદ્ધિક્ષ અને સિદ્ધિઓની યોગીની છો.

હે દેવી ! તમે વિદ્વાનોની વિદ્યા અને બુદ્ધિમાન સત્પુરુષોની બુદ્ધિ છો. પ્રતિભાવાન પુરુષોની આપ મેધાસ્મૃતિ અને પ્રતિભાના સ્વરૂપવાળી છો.

આપ બ્રહ્મા આદિ દેવતાઓ દ્વારા પૂજનીય છો. બ્રાહ્મણોમાં બ્રાહ્મણત્વ અને તપસ્વીઓમાં તપ આપ જ છો.

બૃહદારણ્યક ઉપનિષદમાં ગાયત્રીને બ્રહ્મવિદ્યાની- વેદવિદ્યાની પરબ્રહ્મ શક્તિ સ્વરૂપ ગણવામાં આવી છે અને કહ્યું છે કે આ મહાશક્તિનો આશ્રય લેનાર સાધક બ્રહ્મતેજનો અધિકારી બને છે અને દુનિયામાં મેળવવા જેવી બધી ચીજો પ્રાપ્ત કરી લે છે.

**તેજોઽસિ શુક્રમસ્યમૃતયસિ ધામનાયસિ ।**
**પ્રિયં દેવા નાયના ધૃષ્ટ દેવ યજનયસિ**

ગાયત્ર્યસ્યેકપદી દ્વિપદી ત્રિપદી ચતુષ્પદ્યપદસી
નહીં પદ્યતે મનસ્તે તુરીયાય દર્શનાય પદાય
પરોરજસેઽસા વદો મા પ્રાપત્ ॥ - બૃ. ૫/૧૪/૭

હે ગાયત્રી ! તમે તેજરૂપ છો, નિર્મળ પ્રકાશરૂપ છો, અમૃત અને મોક્ષરૂપ છો, ચિત્તવૃત્તિઓને અટકાવનારી છો, દેવોની પ્રિય આરાધ્ય દેવી છો અને દેવપૂજનનું સર્વોત્તમ સાધન છો.

હે ગાયત્રી ! તમે આ સમસ્ત બ્રહ્માંડની સ્વામિની હોવાને કારણે એકપદી, વેદવિદ્યાની આધારશિલા હોવાથી દ્વિપદી, સમગ્ર પ્રાણશક્તિનો સંચાર કરનારી હોવાથી ત્રિપદી અને સૂર્યમંડલ અંતર્ગત પરમ તેજસ્વી પુરુષોની આત્મા હોવાને કારણે ચતુષ્પદી છો. રજોગુણથી ઉપર હે ભગવતી ! શ્રદ્ધાળુ સાધકો હંમેશાં તમારી જ ઉપાસના કરે છે.

*કુમારજીવના પિતા બિહાર રાજ્યમાં એક રજવાડાના દીવાન હતા. તે કાર્યમાં અનીતિ દાખવવી પડતી હતી. તેમણે દુઃખી થઈને નોકરી દીધી દીધી અને ધર્મની સાધના કરવા લાગ્યા. તેમની માતાએ પણ બૌદ્ધ ભિક્ષુણીના રૂપમાં પતિનું અનુકરણ કર્યું. બાળક જ્યારે સમર્થ બન્યો ત્યારે કાશ્મીરની એક વિદ્યાલયમાં તેણે સંસ્કૃત, પાલી તથા બૌદ્ધ ધર્મનો અભ્યાસ કર્યો. આ ઉપરાંત તેઓ ચીનમાં ધર્મનો પ્રચાર કરવા ગયા. તેમને વિદેશી જાસૂસ સમજીને પકડવામાં આવ્યા, પરંતુ વાસ્તવિકતાની ખબર પડતાં તેમને છોડી દીધા. કુમારજીવે ચીનમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવાનો નિશ્ચય કર્યો. તેમના તપસ્વી જીવનથી કેટલાય સામંતો પ્રભાવિત થયા અને તેમની મદદ મેળવીને તેઓ ચીની ભાષામાં બૌદ્ધ ધર્મગ્રંથોનો અનુવાદ અને પ્રચાર કરવામાં સમર્થ બન્યા. તેમણે ચીનમાં કેટલાય બૌદ્ધ વિહારો અને મઠોની સ્થાપના કરી. તેમના હજારો અનુયાયીઓ બન્યા અને તે દેશની જનતાને બૌદ્ધ બનાવવામાં મોટી સફળતા મેળવી. કુમારજીવ ચીનમાં જ સ્વર્ગવાસી બન્યા. જીવનપર્યંત પોતાના લક્ષ્ય સિવાય બીજી કોઈ બાબત પર ધ્યાન આપ્યું નહીં. તેઓ કર્તવ્ય ધર્મ નિભાવતા રહીને દેશથી હજારો માઈલ દૂર આજીવન રહ્યા, પરંતુ ઈતિહાસમાં પોતાનું નામ સુવર્ણ અક્ષરોમાં અંકિત કરી ગયા.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દેવપૂજાનું તત્ત્વદર્શન

પં. લીલાપત શર્મા

ભારતીય સંસ્કૃતિ દેવપૂજામાં વિશ્વાસ રાખે છે. 'દેવ' શબ્દનો સ્થૂળ અર્થ છે 'આપનારા' જ્ઞાની, વિદ્વાન આદિ શ્રેષ્ઠ વ્યક્તિ. દેવતા આપણાથી દૂર હોતા નથી, બલકે પાસે જ હોય છે. હિન્દુ ધર્મગ્રંથોમાં જે તેત્રીસ કરોડ દેવતાઓનું વર્ણન કરવામાં આવ્યું છે તે વાસ્તવમાં દેવશક્તિઓ છે. એ જ શક્તિઓ ગુપ્તરૂપે દુનિયામાં વિવિધ પ્રકારનું પરિવર્તન, ઉપદ્રવ અને ઉત્કર્ષ કરતી રહે છે.

આપણે ત્યાં કહેવામાં આવ્યું છે કે દેવતા ૩૩ પ્રકારના છે, પિતૃઓ ૮ પ્રકારના છે, અસુરો ૯૯ પ્રકારના છે, ગંધર્વ ૨૭ પ્રકારના, પવન ૪૯ પ્રકારના બતાવવામાં આવ્યા છે. આ વિવિધ શક્તિઓને જોવાથી સમજાય છે કે ભારતવાસીઓને સૂક્ષ્મ વિજ્ઞાનની કેટલી સારી જાણકારી હતી અને તેઓ તેનાથી લાભ લઈને પ્રકૃતિના સ્વામી બન્યા હતા. એવું કહેવાય છે કે રાવણને ત્યાં દેવતાઓ કેદમાં રહેતા હતા, તેણે દેવોને જીતી લીધા હતા.

ભારતીય જનમાનસના જે આટલા બધા દેવતા છે, તેનાથી એ સ્પષ્ટ થાય છે કે તેમણે માનવતાના પરમ વિકાસમાં અસંખ્ય દૈવી ગુણોના વિકાસ પર ગંભીરતાથી વિચાર કર્યો હતો. પ્રત્યેક દેવતા એક ગુણનું જ મૂર્ત રૂપ છે. દેવપૂજા એક પ્રકારથી સદ્‌ગુણો, ઉત્તમ સામર્થ્યો અને ઉન્નતિનાં ગુપ્ત તત્ત્વોની પૂજા છે. જીવનમાં ધારણ કરવા યોગ્ય સર્વશ્રેષ્ઠ સદ્‌ગુણોને દેવતાનું રૂપ આપીને સમાજનું ધ્યાન તેમની તરફ આકર્ષિત કરવામાં આવ્યું. ગુણોને મૂર્તસ્વરૂપ આપીને વિવિધ દેવતાઓનું નિર્માણ થયું છે. આ સરળ પ્રતીક પદ્ધતિથી પ્રજાને પોતાના જીવનને આગળ લઈ જવાનો સારો અવસર મળ્યો છે.

તમે ભલે ગમે તે હિન્દુ દેવીદેવતાની પૂજા આરાધના કરો, તે જગતનિયંતાની એક શક્તિનું રૂપ જ છે. તે દેવત્વનું એક પાસું છે જે તમારા વ્યક્તિત્વમાં વિકસિત થઈને તમને સામર્થ્યવાન બનાવી શકે છે.

**આરોગ્યં ભાસ્કારાદિચ્છેદ ધનામિચ્છેદ હુતાશાશનાત્ ।**
**જ્ઞાન ચ શંકરાદિચ્છેત્ મુક્તિ મિચ્છેત જનાર્દનાત્ ॥**

અર્થાત્ - ''આરોગ્યની કામના સૂર્યનારાયણથી કરો, ધનની ઇચ્છા હુતાશન અગ્નિહોત્રથી પૂરી કરો. જ્ઞાન માટે શંકરજીની આરાધના કરો અને મુક્તિ માટે જનાર્દનનો આશરો સ્વીકારો.''

આ શ્લોકનો સ્થૂળ અર્થ તો એ જ છે કે અમુક અમુક ઇચ્છા માટે અમુક અમુક દેવતાની પૂજા, આરાધના, ચિંતન વગેરે કરો. પૂજા અર્ચનાનો સાધારણ અર્થ આપણે કંકુ, ચોખા, ધૂપ, દીપક, પુષ્પ નૈવેદ્ય, પાન-સોપારી, અર્ઘ્ય, સ્તોત્ર, નમસ્કાર વગેરે જ સમજીએ છીએ અને આટલું કર્મકાંડ કરી લેવા માત્રથી એવી આશા કરીએ છીએ કે દેવતાઓ પ્રસન્ન થઈને આપણને મનોવાંછિત વસ્તુઓ અર્પણ કરે. પરંતુ આપણે જોઈએ છીએ કે અનેક મનુષ્યો આ પ્રકારની બાહ્ય પૂજાઅર્ચનામાં ઘણો સમય ખર્ચે છે, તો પણ તેમની ઇચ્છાઓ પૂરી થતી નથી. આવી દશામાં ઉપર્યુક્ત શાસ્ત્રવચનની સત્યતા પર શંકા થવા લાગે છે.

ગંભીર દષ્ટિથી જોવામાં આવે તો આ વચનમાં શંકાની કોઈ ગુંજાઈશ નથી. અસફળતાનું કારણ આપણો એકતરફી દૃષ્ટિકોણ છે.

આપણે સમજીએ છીએ કે દેવતાઓને પ્રસન્ન કરવા માટે ધાર્મિક કર્મકાંડના પૂજાપાઠ જ પર્યાપ્ત છે,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરંતુ વાસ્તવિક રૂપ સમજવું જોઈએ. પ્રત્યેક દેવી દેવતાનું એક વ્યાવહારિક રૂપ છે, જે આપણા દૈનિક જીવનમાં કર્મ પર નિર્ભર છે. આ દેવતાઓ આપણી પાસે તેમને પ્રસન્ન કરવા માટે નક્કર કર્મની આશા રાખે છે, તેમણે બતાવેલી દિશામાં પરિશ્રમ કરાવવા ઇચ્છે છે. ટૂંકમાં સ્વયંના ઉદ્દેશ પ્રત્યે એકાગ્ર થઈને મન વચનથી પોતાની જાતને જોડી દઈએ ત્યારે જ સાચી પૂજા સંભવ બની શકે છે. એ દેવતા પ્રસન્ન થઈને મનોવાંછિત ફળ આપ્યાં કરે છે. આ કાર્યો શક્તિઓના પ્રતીક છે. આપણે જ્યારે કોઈ મનોવાંછિત દેવતાને પસંદ કરીએ ત્યારે તેના વ્યાવહારિક રૂપને ચોક્કસ પણે સમજી લેવું જોઈએ.

જેમ કે સૂર્ય દેવતા પાસે આપણે આરોગ્ય, બળ, સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્યની કામના કરીએ. એનો વ્યાવહારિક અર્થ એ છે કે આપણે સૂર્યનાં કિરણો, પ્રકાશ, વાયુ, ખુલ્લા જીવનથી સંપર્ક રાખીએ. શરીરને પ્રકૃતિના સહયોગમાં આવવા દઈએ. પ્રાકૃતિક જીવન જીવીએ. કપડાંથી શરીરને એવું ઢાંકી ન દઈએ કે ચામડી સુધી પ્રકાશ અને વાયુ જ ન પહોંચી શકે. સૂર્યને 'નારાયણ' વિશેષણ એટલા માટે આપવામાં આવ્યું છે કે તેનાં કિરણોમાં જીવનદાયી શક્તિઓ છે. એમાં રોગના કિટાણુઓને મારવાની પ્રચંડ શક્તિ હોય છે, જે શક્તિ કીમતી દવાઓમાંથી પણ મળી શકતી નથી. જે વ્યક્તિઓ પ્રકૃતિ સાથે નજીકનો સંપર્ક રાખે છે અને ખુલ્લો પ્રકાશ, વાયુ, ગરમી વગેરેમાં કાર્ય કરે છે, તેઓ દીર્ઘજીવી અને નિરોગી રહે છે. કહેવત છે કે, ''જ્યાં ગરમી અને હવા પહોંચતી નથી ત્યાં ડૉક્ટર પહોંચે છે.'' પ્રકૃતિનાં ફૂલફળો અને જીવોને જુઓ. ફળ, વનસ્પતિ, વૃક્ષ વગેરેનો જે ભાગ ગરમીથી સીધો સંબંધ રાખે છે, ત્યાં પ્રાણશક્તિ વધુ જોવા મળે છે. ફળો, શાકભાજી, અનાજનાં છોતરાં, સૂર્ય કિરણોનાં સીધા સંપર્કમાં આવે છે. આથી તેના અંદરના ભાગ કરતાં છોતરાંમાંથી વિટામિન વધુ મળે છે. સૂર્યસ્નાન, સૂર્યકિરણ ચિકિત્સા, સૂર્યનમસ્કાર, સૂર્યસેવન, સૂર્ય ઉપાસના વગેરેનું ચિકિત્સા-પદ્ધતિઓ અને વૈદિકશાસ્ત્રમાં ઘણું મહત્ત્વ બતાવવામાં આવ્યું છે. આ વાતનું તાત્પર્ય એ છે કે સૂર્યના આ અસંખ્ય લાભો જોઈને હિન્દુ તત્ત્વજ્ઞાનીઓએ સૂર્યને ''નારાયણ'' નું દિવ્ય વિશેષણ આપ્યું છે. સૂર્યશક્તિનો જીવનમાં વધુને વધુ વ્યવહાર કરવો એ જ સૂર્યપૂજા છે, જેનાથી આરોગ્યની વૃદ્ધિ થાય છે.

હુતાશન, અગ્નિહોત્રનો વાસ્તવિક અર્થ છે, ''સાહસપૂર્ણ ત્યાગ''. અગ્નિહોત્રમાં પહેલાં આપણે આપણી મૂલ્યવાન હવનસામગ્રી શ્રદ્ધાપૂર્વક હોમીએ છીએ ત્યારે તે યજ્ઞનું ફળ મળે છે. જે વ્યક્તિઓ કઠોર શ્રમ, જવાબદારી, ઈમાનદારી તથા સાહસ બતાવવા માટે તૈયાર રહે છે, તેઓ જ ધન કમાય છે. ભાગ્યના ભરોસે બેસી રહેનારા આળસુ અને સાહસહીન વ્યક્તિઓ કોઈ મોટું કામ કરી શકતા નથી અને ધન કમાઈ શકતા નથી. ખેડૂત જ્યારે ખેતરમાં બિયારણ વાવે છે, ધીરજપૂર્વક છ મહિના સુધી પોતાનો પરિશ્રમ કરે છે ત્યારે એક બીજના બદલામાં સો બીજ મેળવે છે, સાહસિક પુરુષોના ગળામાં લક્ષ્મી જયમાળા પહેરાવે છે. ધીરજવાન, અગ્નિ જેવો કઠોર પરિશ્રમ કરનારાઓ અને પોતાના કામકાજને એક ચિત્તે કરનારા લોકો સફળતા મેળવે છે. અગ્નિપૂજાનું વાસ્તવિક વ્યાવહારિક સ્વરૂપ આ જ છે. જે વ્યક્તિ અગ્નિ દેવતાની પૂજાનું વિધાન સમજે છે તેણે અગ્નિ જેવું કઠોર તપ કરવું જોઈએ.

જ્ઞાનપ્રાપ્તિ માટે શંકર ભગવાનની આરાધનાનું વિધાન છે. શિવશંકર સંયમી, નિસ્પૃહ, ત્યાગી, એકાગ્ર ચિત્ત, ઉદાર મનવાળા છે. શંકરજીના આ ગુણોને પોતાના ચારિત્ર્ય તથા દૈનિક કાર્યોમાં પ્રગટ કરનારા વ્યક્તિઓ સાચા અર્થમાં જ્ઞાનવાન બને છે. તેમને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અસંયમી, મમતાગ્રસ્ત, લોભી, ડગમગ ચિત્તવાળા, કંજૂસવૃત્તિવાળા લોકો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શિક્ષણની ઉત્તમ વ્યવસ્થા હોવા છતાં પણ અપૂર્ણ અને ઊલટું જ્ઞાન પ્રાપ્ત કરે છે. જેનાથી વ્યક્તિઓમાં અસત્ય, છળ, અપહરણ, શોષણ, અહંકાર, અસંયમ જેવા દુર્ગુણોની વૃદ્ધિ થાય છે. તે જ્ઞાન નથી, બલકે એક પ્રકારનું અજ્ઞાન છે. જેમનામાં શંકર તત્ત્વની સ્થિતિ હયાત છે, તેઓ કોઈ ગુરુ ન મળવા છતાં પણ એકલવ્યની માફક માટીની મૂર્તિને ગુરુ બનાવી લે છે, કબીરની માફક ગુરુની જાણકારી સિવાય જ દીક્ષા લઈ લે છે. દત્તાત્રેયની માફક જંતુ, માખી, કાગડો, કૂતરો જેવા નિમ્નકોટિના જીવોને ગુરુ બનાવીને તેમની પાસેથી જ્ઞાન ભંડાર ભરી લે છે. જ્ઞાનપ્રાપ્તિ માટે સ્વયંની અંદર શંકર તત્ત્વની સ્થાપના જરૂરી છે. આ એનું વ્યાવહારિક રૂપ છે.

મુક્તિ માટે જનતા-જનાર્દનની પૂજા કરવામાં આવે છે. જનતા-જનાર્દનની પૂજાને અને લોકસેવાને તત્ત્વજ્ઞાનીઓએ મુક્તિનું સાધન માન્યું છે. પ્રાણીમાત્રમાં સમાયેલ સજીવ ભગવાનની પૂજા કરવી તેને કેટલાય ઋષિઓએ નિર્જીવ પ્રતિમાની પૂજાને બદલે ક્યાંય ઉચ્ચ ગણી છે. આ રીતે લોકસેવા ઈશ્વરપૂજા બને છે, તેનાથી મુક્તિનું દ્વાર ખુલી જાય છે.

દેવપૂજા પ્રત્યક્ષ ફળદાયી સાધના છે. આપણી ચારેતરફ રહેલા પ્રત્યેક જીવ, વૃક્ષ, પશુ, મનુષ્ય બધામાં ભગવાનને જ સમાયેલા જુએ છે. દુનિયાનાં બધાં પ્રાણીઓ અને પોતાની આસપાસના મનુષ્યોને જનાર્દનમય સમજે છે. આવી વ્યક્તિ પ્રગટ કે અપ્રગટ રૂપથી કોઈના પ્રત્યે કોઈ ખરાબી કરી શકતી નથી. આવા સાત્ત્વિક આચાર-વિચારવાળી વ્યક્તિ પોતાના સતોગુણોને લીધે બીજાઓને મુક્ત કરે છે અને સ્વયં જીવનમુક્ત થઈ જાય છે.

આપણી દેવપૂજામાં આ પ્રકારના ગુપ્ત અભિપ્રાયો ઠાંસીઠાંસીને ભરેલા છે. એ આપણી અંદર છુપાયેલ પૌરુષ અને પરાક્રમને જાગૃત કરવાનાં પ્રતીકો છે. એ ગુણોની સ્થૂળ પ્રતિમાઓ છે. આજે અજ્ઞાનતાને લીધે સ્વયંની અંદર છુપાયેલ શક્તિઓને ભૂલી ગયા છીએ, નહીંતર એમાં જ્ઞાન, અધ્યાત્મ, ધર્મ, વિવેક, રસાયણનો અખૂટ જ્ઞાનભંડાર ભરેલો છે.

*પુરાણોમાં વિવિધ દેવાસુર સંગ્રામોનું વર્ણન છે. અસુરો ઉદ્ધત અને સંગઠિત હોવાને લીધે શરૂઆતના સંગ્રામોમાં જીતતા રહ્યા. એમાં એક બીજું કારણ સજ્જનોની ફાટફૂટ અને પ્રખરતાનો અભાવ છે. અનીતિ સહન કરવી અને તેને ન રોકવી તે અનીતિ કરવા જેટલું જ પાપ છે. દેવસંસ્કૃતિની વિપુલતા અને સજ્જનતાની આડશમાં જ્યારે જ્યારે કાયરતા છુપાઈ રહે છે અને દયા, ક્ષમા, ઉદારતા જેવા શબ્દોની આડશમાં આંખમિચામણાં કરવામાં આવે છે ત્યારે સ્વાભાવિકપણે વિરોધોની ગેરહાજરીમાં અસુરો જીતે છે અને તેમની હિંમત વધવાથી અનેકગણી અનીતિ અપનાવે છે, પરંતુ જ્યારે દેવતાઓ હિંમત કરીને સામનો કરે છે ત્યારે આ સ્થિતિનું નિરાકરણ થાય છે. કાંટાથી કાંટો કાઢવાની અને વિષનો ઉપચાર વિષથી કરવાની નીતિ અમલમાં મૂકીને જ તેઓ આ સંકટ સામે જીતે છે. છેવટે વિજય તો દેવ પક્ષનો થાય છે. આ દેવાસુર સંગ્રામના અનેક પ્રસંગોનું એક જેવું સુનિશ્ચિત પરિણામ હોય છે. ભગવાને હંમેશાં દેવ પક્ષની જ સહાય કરી છે અને તેમને વિજય અપાવ્યો છે, પરંતુ આ ત્યારે જ શક્ય બને છે કે જ્યારે લડવા મરવાની સાહસિકતા બતાવવામાં આવે છે.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આટલી તો નૈષ્ઠિક સાધના કરીએ જ

ગાયત્રીને ગુરુમંત્ર કહેવામાં આવે છે. ગુરુતત્ત્વ દ્વારા મળનારી શ્રદ્ધા, પ્રેરણા, ભાવ સંવેદના અને શિસ્તનો પ્રકાશ ગાયત્રી મહામંત્રમાં સમાયેલો છે. આથી ગાયત્રીને ગુરુમંત્ર કહેવામાં આવ્યો છે. આમ તો કેટલાય મંત્રો છે. વૈદિક, પૌરાણિક, તાંત્રિક. આ મંત્રોની સંખ્યાનું યોગ્ય અનુમાન કરી શકવું પણ સંભવ નથી. આવી સ્થિતિમાં ગાયત્રીને જ ગુરુમંત્ર કેમ કહેવામાં આવ્યો ? આ બાબત વિચારણીય ગણી શકાય છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરુની વ્યાખ્યા કરતા તેના બે મહત્ત્વપૂર્ણ કાર્યો બતાવવામાં આવ્યાં છે - એક જ્ઞાનવર્ધન અને બીજું અશુભ નિવારણ. ગાયત્રીની શક્તિનાં પણ બે પાસાં છે. પહેલું સર્જનાત્મક અને બીજું વિનાશાત્મક. ગાયત્રીની સર્જનાત્મક શક્તિને 'બ્રહ્મવિદ્યા' કહેવામાં આવે છે અને વિનાશાત્મક શક્તિને 'બ્રહ્માસ્ત્ર' કહેવામાં આવે છે. સાધકની તુલના રાજહંસની સાથે કરવામાં આવે છે, જેના પર બિરાજમાન ગાયત્રી મહાશક્તિ સાધકનું કલ્યાણ કરે છે અને દુઃખદાયી વિઘ્નોનું નિવારણ કરે છે.

આ મહાશક્તિની ચર્ચા જ્યારે યુગશક્તિના રૂપમાં થઈ રહી છે ત્યારે ''પરિત્રાણાય સાધૂનાં'' અને ''વિનાશાય ચ દુષ્કૃતામ'' ની અવતાર પ્રતિજ્ઞા પૂરી થાય છે. સર્જન અને વિસર્જન વાસ્તવમાં એક સાથે સમાયેલી પૂરક પ્રક્રિયા છે. કંઈ નવાનું નિર્માણ કરવાનું હોય તો જૂનું હટાવવું પડે છે. ભારતીય અધ્યાત્મ-શાસ્ત્રોમાં વર્ણવેલ ભગવાનના અવતારોની પ્રક્રિયા અધર્મ, અનીતિ અને આતંકનું નિવારણ કરવા અને ધર્મ, નીતિ અને સત્પ્રવૃત્તિઓના પ્રોત્સાહન તેમજ અભિવર્ધન અર્થે થઈ છે તેમ જણાવવામાં આવેલ છે. અવતાર પ્રક્રિયાના સંદર્ભમાં અવતારોની સંખ્યા ચોવીસ જ કેમ ગણાવાઈ છે એ વાત સમજવા જેવી છે. જોકે વિવિધ સમય પર કેટલીયે વિભૂતિઓ અવતરિત થતી રહી છે અને પોતાની નિર્માણ પ્રક્રિયાને પૂર્ણ કરતી રહી છે. આ સંખ્યામાં નામ કે ક્ષેત્રનું વિશેષ મહત્ત્વ નથી. અહીં અવતાર પ્રક્રિયાનો ઉલ્લેખ કરવાનો ખરેખર સંકેત યુગશક્તિના રૂપમાં અવતરિત થનારી ગાયત્રી મહાશક્તિ અંગેનો છે. તેનું નામ અને રૂપ ભલે ગમે તે આપવામાં આવતું હોય.

ગાયત્રીના ચોવીસ અક્ષરોમાં તે બધા સિદ્ધાંત સૂત્ર રૂપમાં સમાયેલા છે, જેના આધાર પર યુગનું પરિવર્તન થતું રહે છે. ઈશ્વરીય શક્તિનું અવતરણ એવા સંધિકાળમાં થાય છે કે જ્યારે પરિવર્તન સિવાય કોઈ ઉપાય રહેતો નથી. તેના સ્વરૂપ અને કાર્યમાં અવશ્ય ફેરફાર થતો રહે છે. પૃથ્વીને સમુદ્રમાંથી કાઢવા અને હિરણ્યાક્ષનો સંહાર કરવા માટે વરાહ અવતાર, હિરણ્યકશિપુનો વધ કરવા માટે નૃસિંહ અવતાર, આતંકવાદીઓનો સંહાર કરવા માટે પરશુરામ, મર્યાદાની સ્થાપના માટે રામ, યોગનું કર્મપ્રધાન સ્વરૂપ બતાવવા માટે કૃષ્ણ અને બૌદ્ધિક ક્રાંતિ માટે બુદ્ધને અવતરિત થવું પડ્યું. આ અવતરણ પ્રક્રિયામાં ક્યાંય જડતા નથી. એનું મુખ્ય લક્ષ્ય અધર્મનો વિનાશ અને ધર્મની સ્થાપનાનું રહ્યું છે.

આ વખતે નવયુગની યુગશક્તિ ગાયત્રીની અવતરણ પ્રક્રિયા પણ અસુરતાનું નિવારણ અને દેવત્વના ઉદયનો સનાતન ઉદ્દેશ પૂર્ણ કરવા અર્થે થઈ છે. પરિસ્થિતિઓને અનુરૂપ તે ચેતનાના ઉદય અર્થે પ્રયાસોનું સ્વરૂપ પણ ભિન્ન હશે. તેનું કારણ એ છે કે પહેલાના સમયમાં અસુરતા સીધું આક્રમણ કરતી હતી અને સમાજ-વ્યવસ્થાને અસ્તવ્યસ્ત અને છિન્નભિન્ન કરતી હતી, પરંતુ આજે અસુરતાએ છૂપાવેશે આક્રમણની નીતિ અપનાવી છે અને તે જનમાનસમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિકૃતિઓ ઉત્પન્ન કરી રહી છે. આદર્શો અને મર્યાદાઓની અવગણના એટલી બધી વ્યાપક સ્તર પર થઈ રહી છે કે તેના માટે કટિબદ્ધ વ્યક્તિઓ અપવાદ બની રહી છે. આથી અનિચ્છનીયતા અને અસુરતાને હટાવવાનું આ ધર્મયુદ્ધ ધર્મક્ષેત્રમાં અંતઃકરણના ઊંડાણમાં ઊતરીને લડવાનું છે અને તે માટે જનમાનસનુ શુદ્ધીકરણ તેમજ આસ્થાઓની અભિવૃદ્ધિ કરવાની છે આ ધર્મયુદ્ધમાં અર્થાત્ નવયુગના નિર્માણમાં દરેક જાગૃત વ્યક્તિએ આગળ આવીને રીંછ-વાનરની અને ગોવાળિયાની ભૂમિકા નિભાવવાની છે.

આ યુગપરિવર્તનનો સંધિકાળ છે. સન ૨૦૦૦ સુધીનો સમયગાળો એવો છે જેને યુગાન્તરકારી કહી શકાય છે. વ્યક્તિ અને સમાજને પતન અને પરાજયના ખાડામાં ધકેલનારી દુર્બુદ્ધિનો અંત આવનાર છે. સર્જનાત્મક સત્પ્રવૃત્તિઓનો ઉષાકાળ નજદીક છે. ઉજ્જ્વળ ભવિષ્યનો સૂર્યોદય થવામાં હવે વિલંબ થનાર નથી. આમ છતાંય જતાં જતાં આસુરી દુષ્પ્રવૃત્તિઓ પોતાનું આક્રમણ તીવ્ર કરે એ સંકટની પણ સંભાવના છે અને 'મરતો આદમી શું ન કરે' તે કહેવત ચરિતાર્થ કરવામાં કોઈ કસર બાકી રાખશે નહીં. યુગસંધિના આ કાળમાં આ પ્રકારની ઊથલપાથલ સભવિત છે. વાતાવરણમાં ભળતું જતું પ્રદુષણ, વસતીવધારો, અણુશસ્ત્રો અને વિસ્ફોટોના પ્રયોગો, માનવીય ચારિત્ર્ય અને ચિંતનમાં કનિષ્ઠતા અને આચરણમાં ભ્રષ્ટતાનો અસાધારણ સમાવેશ, અંતર્ગ્રહી પરિસ્થિતિઓ અને ક્રુદ્ધ પ્રકૃતિની વિનાશલીલાનાં પરિણામો એકંદરે માનવસમાજ માટે અહિતકાર જ હોઈ શકે છે. યુગસંધિની આ વેળામાં આ ખતરાઓથી સાવધાન રહેવાની અને કોઈ ભય વિના શોર્ય અને સાહસપૂર્વક એને ખતમ કરવા માટે પ્રબળ પુરુષાર્થ કરવાની આવશ્યકતા છે.

સર્જનહાર પોતાની કલાકૃતિનું સમતોલન એટલી હદ સધી બગડવા દેશે નહીં કે વિનાશની વિભીષિકા શાલીનતાની સંસ્કૃતિને ગળી જાય. આવા અવસરો પર ભગવાનની યુગાંતરીય ચેતના સૂક્ષ્મ જગતમાં અવતારી પ્રવાહ બનીને ગતિશીલ બને છે અને તે પ્રવાહમાં જાગૃત આત્માઓ નવસર્જનની જવાબદારીઓને ઉઠાવવા માટે અંતઃપ્રેરણાથી પ્રેરિત થઈને ઉત્સાહપૂર્વક કાર્યક્ષેત્રમાં કદમ માડે છે. નૈષ્ઠિક સાધકોને લોકમંગળ માટે પણ આ અવસરો પર કંઈક પુરુષાર્થ અને પરમાર્થ કરતા રહેવાનો અને યુગ પરિવર્તન માટે જરૂરી વાતાવરણ તૈયાર કરવાનો અને પ્રખર વ્યક્તિત્વોના નિર્માણ માટે યોજનાબદ્ધ રીતે પ્રયત્ન કરતા રહેવાનો આગ્રહ કરવામાં આવ્યો છે. ઋષિઓની સયુક્ત શક્તિએ જ મહાશક્તિ દુર્ગાનું, સીતાનું અવતરણ કર્યું હતું. આજે પણ તેવા જ સંયુક્ત પ્રયાસની અને શક્તિની આવશ્યકતા છે. નૈષ્ઠિક ગાયત્રી ઉપાસકો પોતાના આત્મનિર્માણ અને લોકનિર્માણના વ્રતોને અપનાવવા અને અમલી બનાવવા માટે પ્રયત્નશીલ રહીને યુગસંધિમાં જાગૃત આત્માઓની ભૂમિકા સારી રીતે પરિપૂર્ણ કરી શકશે. મહાકાળે સમસ્ત શ્રદ્ધાવાનોને આ પ્રેરણા અપનાવવા અને પ્રસ્તુત સુઅવસરનો યોગ્ય લાભ લેવાનું આમંત્રણ પાઠવ્યું છે, એને અપનાવવામાં દરેક દૃષ્ટિથી લાભ જ લાભ છે.

આજકાલ જાગૃત આત્માઓએ પોતાની આત્મશક્તિનો વધુમાં વધુ વિકાસ કરવો જોઈએ. અશુભને હટાવવા અને સર્જનને સમર્થ કરવા માટે આજકાલ આત્મશક્તિની વિશેષ આવશ્યકતા છે. તેને પ્રાપ્ત કરવા માટેનો અભિનવ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે, જેને પ્રજ્ઞા પરિવારે અપનાવવો જોઈએ વધુમાં તેમના સંપર્કમા જે કોઈ જીવંત આત્મચેતનાયુક્ત વ્યક્તિઓ આવે, તેમને પણ તે કાર્યક્રમ અપનાવવા માટે કહેવું જોઈએ.

યુગસંધિની આ વિષમ વેળામાં નીચે પ્રમાણેની સાધના કરવાની છે : (૧) નૈષ્ઠિક સાધક દૈનિક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉપાસનામાં ગાયત્રી મહામંત્રની ઓછામાં ઓછી ત્રણ માળના જપ અથવા ૨૪ મંત્રલેખન અથવા પાંચ ગાયત્રી ચાલીસા પાઠ કરશે, વધુ શક્ય બને તો વિશેષ ઉત્તમ લેખાશે.

(૨) ગુરુવારના દિવસે અસ્વાદ વ્રત અને બ્રહ્મચર્યનું પાલન કરવુ.

(૩) ચૈત્ર અને આસો મહિનાની નવરાત્રિઓમાં સામૂહિક ગાયત્રી અનુષ્ઠાન કરવું.

આ નિયમિત ઉપાસનાના ક્રમ ઉપરાંત બીજી પ્રાતઃકાલની શક્તિસંચાર સાધના છે. આ સાધના સૂર્યોદયના એક કલાક પહેલાથી લઈને સૂર્યોદય સુધીના ગાળામાં કોઈ પણ સમયે ૧૫ મિનિટ સુધી કરી શકાય છે. આ પ્રક્રિયા નીચે પ્રમાણે છે :

ઉપાસનાખંડ કે કોલાહલમુક્ત સ્થાનમાં ધ્યાન-મુદ્રામાં બેસવું. ધ્યાનમુદ્રા અર્થાત્ સ્થિર શરીર, શાંતચિત્તે સુખાસનમાં બેઠક, સીધી કમર, ખોળામાં હાથ, આંખો બંધ.

હવે ધીમે ધીમે શ્વાસ લેવો. એવો અનુભવ કરો કે હિમાલય કેન્દ્રથી પ્રેરિત વિશિષ્ટ પ્રાણપ્રવાહ શ્વાસની સાથે ભળીને શરીરની અંદર પહોંચી રહ્યો છે.

આ પ્રાણપ્રવાહયુક્ત શ્વાસ મળમૂત્ર છિદ્રોની મધ્યમા રહેલ મૂલાધાર ચક્ર સુધી પહોંચીને તેની સાથે અથડાઈ રહ્યો છે.

પ્રાણવાયુ અથડાવવાથી મૂલાધારમાં સૂતેલી સર્પ આકારની કુંડલિની શક્તિમાં હલચલ પેદા થાય છે.

કુંડલિની શ્વાસમાં ભળેલ પ્રાણપ્રવાહને પીને જાગૃત અને સશક્ત થાય છે. તેના જાગરણથી સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરોને બળ મળે છે.

શ્વાસ લેતી વેળાએ પ્રાણનું મૂલાધાર ચક્ર સુધી પહોંચવાની અને રોકતી વેળાએ મૂલાધાર સાથે અથડાવવાથી કુંડલિની જાગરણની ધારણા કરવામાં આવે.

શ્વાસ છોડતી વેળાએ એવી ભાવના કરવામાં આવે કે પ્રાણવાયુ મેરુદંડ માર્ગથી ઉપર જઈને મગજના મધ્યકેન્દ્ર સુધી પહોંચે છે અને ત્યાંથી તે નસકોરા દ્વારા અનંત અંતરિક્ષમાં ફેલાઈ જાય છે. આ સમગ્ર પ્રાણપ્રવાહ બ્રહ્માંડમાં ફેલાય છે. તેના પ્રવાહથી વિનાશીકાઓ નાશ થાય છે અને અનુકૂળતાઓ વધે છે.

આ એક પ્રાણાયામ થયો. તેમાં પૂરક, કુંભક અને રેચક ત્રણ ધ્યાન છે. ત્રણેના ઉદ્દેશો છે - ધારણ, જાગરણ અને સંચારણ. એનાથી આત્મસત્તાની પ્રખરતા વધે છે અને વાતાવરણના અનુકૂલનમાં મદદ મળે છે.

જપનો દૈનિક, વ્રતનો સાપ્તાહિક અને અનુષ્ઠાનનો છ માસિક સાધના કરવાનો નિયમ રાખવો જોઈએ અને તેને નિષ્ઠાપૂર્વક નિભાવવો જોઈએ. કારણવશ કદી તેમાં નિયમભંગ થઈ જાય તો તેની પૂર્તિ પછીના દિવસોમાં કરી લેવામાં આવે.

આ સાધના દેખાવમાં સામાન્ય છે, પરંતુ તેનાં પરિણામો અસામાન્ય છે. એમાં વિશેષ મહત્ત્વ શક્તિસંચાર સાધનાનું છે. એને હિમાલય પર વિરાજમાન અધ્યાત્મ ધ્રુવ કેન્દ્રનું - મહાકાળનું અનુદાન (કૃપા) સમજવામાં આવે. સન ૨૦૦૦ સુધી આ વિશિષ્ટ પ્રાણપ્રવાહ સૂર્યોદય સુધી નિરંતર ચાલતો રહેશે. પ્રજ્ઞા પરિજનો માટે આ વિશેષ અનુદાન છે. એનું સ્વરૂપ પ્રાણપ્રવાહ છે, જેને સંકલ્પપૂર્વક ખેંચવાથી શ્વાસની સાથે અંદર પ્રવેશ કરવાની તક મળે છે. બીજો કુંભક ભાગ મૂલાધારમાં વિરાજમાન દિવ્ય કુંડલિની શક્તિને જગાડે છે. તેને પ્રસુપ્તિનું જાગરણ સમજવામાં આવે. અંતરાલમાં અતીન્દ્રિય ક્ષમતા સમાયેલી છે. તેને જગાડવાથી સાધકમાં દૈવી શક્તિઓ વધે છે અને તે બળવાન બને છે. ત્રીજો ભાગ રેચકને વિશ્વકલ્યાણ અર્થે પ્રસ્તુત કરેલ સાધકનું યોગદાન કહી શકીએ છીએ. દૂષિત અને વિક્ષુબ્ધ વાતાવરણ પૃથ્વીની આસપાસ છવાયેલું છે આ કાળી ઘટામાં વિપત્તિઓ અને વિનાશીકાઓ વરસવાની આશંકા સમાયેલી છે. એને ધકેલીને અનંત બ્રહ્માંડમાં ફેલાવાની છે. આ ઉદ્દેશ માટે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંચાર સાધન દ્વારા છોડવામાં આવેલ પ્રાણપ્રવાહ અપેક્ષિત ઉદ્દેશને પૂરો કરી શકશે. પ્રજ્ઞા પરિજનો દ્વારા એક નિયત સમય પર કરવામાં આવનારી આ પ્રાણવર્ષા અનિચ્છનીયતાને ધકેલવાનું અને ઉખેડવાનું કામ સારી રીતે કરી શકશે. લાખો-કરોડો પરિજનો દ્વારા નિષ્ઠાપૂર્વક નિયમિત રૂપથી નિર્ધારિત સમય પર શ્વાસ દ્વારા છોડવામાં આવેલ પ્રાણપ્રવાહ એક બાજુ પ્રતિકૂળતાઓને ઉખેડવામાં સફળ થશે, તો બીજી બાજુ દિવ્યલોકમાંથી અનુકૂળતાઓને ખેંચવામા અને પ્રાણીઓમાં સદ્ભાવના તથા પદાર્થોમાં સાર બનીને પૃથ્વી પર ઊતરે.

આ સાધના માટેનો સમયગાળો પંદર મિનિટ રાખવામાં આવ્યો છે. જો સમય વધારવો હોય તો દરેક અઠવાડિયે એક મિનિટ વધારતા રહીને વધુમાં વધુ અડધો કલાકનો સમય કરી શકાય છે એનાથી વધુ સમય ન કરવી. બાળક એને અશક્ત વ્યક્તિ દસ મિનિટ જ કરે. જેઓ આત્મિક દૃષ્ટિથી પ્રૌઢ અને પરિપક્વ છે તેઓ એક એક મિનિટ વધારતા રહીને અડધા કલાક સુધી પહોંચી શકાય છે. વધુ ભોજન લેવાથી થતા નુકસાનની જેમ આ પ્રાણસચાર સાધનાને યોગ્ય હદ સુધી સીમિત રાખવાનું કહેવામાં આવ્યું છે.

સર્વ નૈષ્ઠિક પરિજનો યુગસંધિની આ વિશિષ્ટ સાધના તો કરી રહ્યા છે, પરંતુ આ નવરાત્રિથી આ સાધનાનો કાર્યક્રમ વધુને વધુ નવી વ્યક્તિઓને જણાવવામાં આવે અને મિશન સાથે જોડવામાં આવે, જેથી આત્મકલ્યાણ અને વિશ્વકલ્યાણનું બેવડુ કાર્ય કરવાનો ઉદ્દેશ પૂરો થઈ શકે.

---

*શરીરધારી મનુષ્ય ઊંચા પદ પર પહોંચે છે, છતાં પણ પોતાના લક્ષ્યનો ખ્યાલ રહેતો નથી. કોઈ કોઈ વખત વિધાતા સ્વયં સંકેત આપવા જઈ પહોંચે છે. રાજાના દરબારમાં એક વૃદ્ધ પહોંચ્યો અને બોલ્યો, ભગવન ! હું તમારો મસિયાઈ ભાઈ છું. કદીક હું પણ તમારી માફક હતો. મારે ૩૨ નોકરો હતા, એક એક કરીને ચાલી ગયા. બે મિત્રો હતા, તે પણ એકબીજાનો વિરોધ કરવા લાગ્યા. બે ભાઈ હોય તા ઘણી મુશ્કેલીથી ઓછુંવત્તું કામ કરે છે. પત્ની પણ ઊલટા-સીધા જવાબ આપે છે. મારી મુસીબત જોતાં જો તમે થોડી મદદ કરી શકો તો કરો.*

*રાજાએ તેનો સત્કાર કર્યો અને રૂપિયાની એક થેલી આપી દીધી. સભાસદોએ પૂછ્યું - આ ગરીબ તમારો મસિયાઈ ભાઈ કેવી રીતે હોઈ શકે છે ?*

*રાજાએ કહ્યું, એણે મને મારી ફરજનું ભાન કરાવ્યું છે. એના મોંમાં મારી જેમ ૩૨ દાંત હતા તે પણ પડી ગયા. બે પગ મિત્રો હતા તે ડગમગી ગયા. બે ભાઈ હાથ છે જે અશક્ત હોવાને લીધે ઓછુંવત્તુ કામ કરે છે. બુદ્ધિ એની પત્ની હતી તે પણ હવે ઘટી ગઈ છે કંઈનો કંઈ જવાબ આપે છે. મારી મા અમીરી અને તેની મા ગરીબી છે. એ બંને બહેનો છે. આમ અમે બંને મસિયાઈ ભાઈ પણ છીએ. વૃદ્ધનું કહેવું ખોટું નથી.*

*આ સંકેતોમાં રાજાએ સ્વયંને માટે એક સંદેશો મેળવ્યો અને પોતાનો બાકીનો સમય સત્કાર્યોમા, પ્રજાજનોના કલ્યાણ માટે ખર્ચવાનો સંકલ્પ કર્યો. સમજદારીને લીધે ફરજનું ભાન થયું. આમ રાજાએ વૃદ્ધનુ સન્માન કર્યું અને વિદાય કર્યો.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પ્રતિભા મેળવી શકાતી નથી, કમાઈ શકાય છે

પ્રતિભા અને બૌદ્ધિક ક્ષમતાઓ માટે વારસાગત કારણો જવાબદાર હોય છે. વંશ અને વારસાનો આ સિદ્ધાંત ચિરકાળથી માન્ય છે. આ જ આધાર પર પ્રતિભાઓની ખેતી કરવા અને પ્રખર બુદ્ધિયુક્ત વ્યક્તિત્વોને જન્મ આપવા માટે ભૌતિક વિજ્ઞાન દ્વારા વિવિધ પ્રકારના પ્રયોગ-પરીક્ષણો થઈ રહ્યાં છે. ટેસ્ટટ્યૂબ બેબી જેવા કૃત્રિમ જેનેટિક એન્જિનીયરીંગના પ્રયોગો દ્વારા અપેક્ષિત લક્ષ્ય પ્રાપ્તિ થઈ શકશે એ સંદિગ્ધ છે, પરંતુ જે પ્રયાસ વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવી રહ્યા છે. તેમની પાછળ મૂળ પ્રેરણા ઉપરોક્ત માન્યતાની છે, પરંતુ પ્રતિભાઓના અભ્યાસ પરથી જે તારણ સામે આવે છે તેનાથી માલૂમ થાય છે કે વારસાનો સિદ્ધાંત પોતાની રીતે સંપૂર્ણ નથી. એક હદ સુધી તેમાં સત્યનો અંશ છે. પ્રયાસ અને પુરુષાર્થનું મહત્ત્વ વારસાગત કારણો કરતાં કોઈ પણ પ્રકારે ઓછું નથી, બલકે તેના કરતાં વિશેષ છે. એનું સુનિયોજન યોગ્ય પ્રકારે થઈ શકે તો તે પ્રચલિત માન્યતાઓને પણ ખોટી સાબિત કરી શકાય છે કે પ્રતિભા જન્મજાત પ્રાપ્ત થાય છે તથા વારસાગત વિશેષતાઓ તેના માટે જવાબદાર છે.

મોટેભાગે જે બાળકો જન્મથી મેધાવી જોવા મળે છે તેઓ શ્રમનું પલ્લું છોડી દે તો તે વિશેષતા ઓછી થઈ જાય છે. કોઈ પણ ક્ષેત્રમાં પોતાના માનસિક ખેદને કારણે પ્રવીણતા પ્રાપ્ત કરી શકતા નથી અને પ્રાપ્ત વારસાગત પ્રખરતાનો લાભ ઉઠાવી શકતા નથી. આનાથી ઊલટું જન્મથી જ બુદ્ધિમંદ દેખાતા કેટલાંય બાળકો પોતાની સતત ખંત અને મહેનત, પ્રયત્ન, પુરુષાર્થ અને મનોયોગ દ્વારા અસાધારણ પ્રતિભાના માલિક બની જાય છે. આ ચમત્કારિક પરિણામો વાસ્તવમાં તે સતત પ્રયત્નોની ફળશ્રુતિ છે, જેનું મહત્ત્વ મોટેભાગે સમજાતું નથી અથવા સમજતાં હોવા છતાં પણ જેમની ઉપેક્ષા કરવામાં આવે છે.

અપવાદોને બાદ કરતાં સામાન્યરૂપે આ સિદ્ધાંત સોએ સો ટકા સાચી છે કે વિશિષ્ટ સ્તરની પ્રતિભા પ્રાપ્ત કરવા માટે વિશેષ પ્રકારનો પુરુષાર્થ કરવો પડે છે. વારસાગત વિશેષતાઓની આપલે પેઢી દર પેઢી થતી રહે છે. વારસાનો આ સિદ્ધાંત જેટલો સાચો છે, તેટલું જ એ સત્ય છે કે અપેક્ષિત સ્તરના પ્રયાસ વિના તે ગુણોનો વિકાસ સંભવ નથી, જે પૂર્વજોના વારસાના રૂપમાં જન્મજાત મળે છે. અખાડામાં ગયા સિવાય અને સતત કુસ્તીનો મહાવરો કર્યા વિના પહેલવાન બની શકાતું નથી, પછી ભલે તે જન્મથી જ ગમે તેટલો સ્વસ્થ અને નીરોગી કેમ ન હોય. સંગીત, ગાયન, વાદન, કલા, અભિનય વગેરેમાં પ્રવીણના વિશિષ્ટ સ્તરના મહાવરાથી આવી શકે છે. કોઈ પણ વ્યક્તિએ આ ક્ષેત્રોમાં પ્રયત્ન અને સાધના સિવાય વિશિષ્ટતા પ્રાપ્ત કરી હોય એવું ક્યાંય જોવા કે સાંભળવા મળતું નથી.

આગળ વધવાનો અને પ્રગતિ કરવાનો એક જ શાશ્વત મૂળમંત્ર છે પ્રચંડ પુરુષાર્થનો આશરો લેવો. દુનિયામાં જે જાતિઓ અને સમાજો ઉન્નતિના શિખરે ગયા છે, તેમણે આ મહામંત્રને હૃદયંગમ કર્યો છે અને પોતાના વ્યાવહારિક જીવનનું અંગ બનાવ્યો છે. પરિણામે તેમની કાર્યક્ષમતા વધતી ગઈ છે અને બુદ્ધિ પ્રખર બનતી ગઈ છે. વ્યક્તિઓ અને જાતિઓ બંનેના ઇતિહાસ એ વાતની સાક્ષી છે કે પ્રચંડ ખંત, મહેનત અને કર્મકાંડનો પરિચય આપીને બૌદ્ધિક ક્ષમતા તીક્ષ્ણ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બનાવી શકાય છે તથા અવનતિના ખાડામાંથી બહાર કાઢી શકાય છે. કાલિદાસ જન્મથી જ મહામૂર્ખ હતા એ બાબત પ્રખ્યાત છે. પત્નીની ટકોરે તેના પુરુષાર્થને ઝટકો માર્યો અને પ્રસુપ્ત આત્મવિશ્વાસને જગાડ્યો. આત્મવિસ્મૃતિના કૂપમંડૂકમાંથી નીકળતા તથા જ્ઞાનની અનન્ય સાધનાનું પલ્લું પકડતાં જ તેઓ સંસ્કૃતના પ્રખર વિદ્વાન બની ગયા. તેમની રચનાઓ આજે પણ અનુપમ, અતુલનીય તથા અમર બની ગઈ છે. વિદ્વાન વોપદેવ પણ બાળપણમાં મંદબુદ્ધિ હતા એ વાત પ્રસિદ્ધ છે, પરંતુ તેઓ પોતાના સતત પ્રયાસો અને એકાગ્રતા દ્વારા ઉચ્ચ કોટિના વિચારક બન્યા હતા. એવો ઉલ્લેખ છે કે વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈન બાળપણમાં મંદબુદ્ધિ હતા, પરંતુ તેમનામાં અભ્યાસ પ્રત્યેની એકાગ્રતા અને રુચિ હતી. પરિણામે તેઓ અસાધારણ પ્રતિભાના પુંજ બન્યા તથા ભૌતિકવિજ્ઞાનના ક્ષેત્રમાં સંશોધનકાર બન્યા. જેમની ગણના વિશ્વના પ્રખર ભૌતિકશાસ્ત્રીઓમાં થાય છે. ભૌતિકશાસ્ત્રીઓ સારી રીતે જાણે છે કે તેમના સાપેક્ષવાદના સિદ્ધાંતોની યથાર્થ વ્યાખ્યા અને વિવેચના કરવી કેટલી કઠિન છે.

પ્રસ્તુત પંક્તિઓમાં વારસાગત વિશેષતાઓના મહત્ત્વને નકારી શકાતું નથી, બલકે એ કહેવામાં આવી રહ્યું છે કે વ્યક્તિગત પ્રયાસ અને પુરુષાર્થનું મહત્ત્વ જન્મજાત પ્રાપ્ત વિશેષતાઓ કરતાં કોઈ પણ રીતે ઓછું નથી. આકૃતિ, રંગ, રૂપ, કદ વગેરે શારીરિક વિશેષતાઓ તો મોટેભાગે પૂર્વજોના ગુણોના આધાર પર વિકસિત થાય છે, પરંતુ પ્રકૃતિને ઘડવામાં, બદલવામાં અને અપેક્ષિત સ્તરનો બનાવવા માટે મનુષ્ય સંપૂર્ણપણે સ્વતંત્ર છે. પૂર્વજોના ગુણોનું તેમાં યોગદાન અમુક હદ સુધીનું જ હોય છે. પ્રકૃતિની અંદર ટેવો, સંસ્કાર, સ્વભાવ અને બૌદ્ધિક સામર્થ્ય જેવાં સર્વ વ્યક્તિત્વના મહત્ત્વપૂર્ણ ઘટકો આવી જાય છે. દરેક વ્યક્તિ પોતાના બળપૂર્વકના પ્રયત્નો દ્વારા તેમનું શુદ્ધીકરણ અને વિકાસ કરી શકવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે.

તો પછી એવું કયું કારણ છે કે મોટાભાગના વ્યક્તિઓ દીનહીન બનીને ગઈગુજરી જેવી સ્થિતિમાં દિવસો વિતાવે છે, મૂઢતાયુક્ત રહે છે તથા કોઈ પણ ક્ષેત્રમાં પ્રખરતાનો પરિચય આપી શકતી નથી? તેમના માટે પોતાનો જીવન રથ સમતોલપણે ખેંચવાનું પણ કેમ કઠિન બની જાય છે? ઉત્તર સ્પષ્ટ છે - ખેદગ્રસ્ત રહેવાના કારણે તેમની ક્ષમતાઓ કુંઠિત બની જાય છે. જેમ લોખંડ પડ્યું રહેવાથી તે કટાઈ જાય છે. બસ, આવી હાલત માનવીની ક્ષમતાઓની હોય છે. તે બધી ઉપયોગમાં ન આવે તો પોતાની વિશેષતાઓ ગુમાવી બેસે છે. શારીરિક માનસિક અને બૌદ્ધિક શક્તિઓ પરિશ્રમ દ્વારા જ તીક્ષ્ણ બને છે. જે જાતિ અથવા સમાજમાં કર્મ કરવાની તત્પરતાની માત્રા જેટલી વધુ હશે તેટલી જ વધુ પ્રગતિ તે જાતિ કે સમાજની થશે, આ તથ્ય નિર્વિવાદપણે સ્વીકારવું પડશે. તેમની સમૃદ્ધિ અને બૌદ્ધિક ક્ષમતાઓ બંને અતિ ઝડપથી વધશે. આનાથી વિપરીત મેધાવી જાતિ તેઓ પ્રમાદગ્રસ્ત થઈ જાય અને પરિશ્રમનો આધાર છોડી દે તો તેમની જાતીય વિશેષતાઓ ગુમાવી દેશે. કેટલીય જાતિઓ જેમકે રોમન, બેબોલિયન, યૂનાની, જર્મનીનો વિકાસ અને વિનાશ થયાનો ઇતિહાસ સાક્ષી છે. નાઝિયોને પોતાની જાતિ પર ગર્વ હતો. પોતાની જાતિ (વંશ) અને રક્તને સર્વશ્રેષ્ઠ ગણતા હતા. હિટલરનો એવો વિશ્વાસ હતો કે જર્મનોના રક્તમાં ભેળસેળ થવાથી તેમની જાતીય વિશેષતા ખલાઈ થઈ જશે. જાતિવાદને અતિશય મહત્ત્વ અને આધાર તેમણે એટલા માટે આપ્યો. આવો જ કંઈક વિશ્વાસ ગોરાઓનો છે. પરિણામે રંગભેદનું વિકૃત સ્વરૂપ આજે પરમ બુદ્ધિવાદી યુગમાં પણ જોવા મળે છે, પરંતુ આ સત્ય કોઈનાથી છૂપું રહ્યું નથી કે પોતાના પ્રચંડ પરિશ્રમનો પરિચય આપીને પછાત જાતિઓ અને સમાજ પ્રગતિક્રમમાં સતત આગળ વધી રહ્યા છે તથા જેમને પોતાની જાતિ પર ગર્વ હતો તેમને પાછળ પાડી રહેલ છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રતિભા કોઈની બાપદાદાની મિલકત નથી, બલકે પુરુષાર્થની ભેટ છે. પ્રમાદ કરતાં તે ખોવી પડે છે અને પ્રયત્નો દ્વારા વધારી પણ શકાય છે. અલ્સ્ટર વિશ્વવિદ્યાલયે એક આશ્ચર્યકારક તારણ 'ડેલીમેલ' પત્રિકામાં પ્રકાશિત કરાવ્યું છે. આ રિપોર્ટ વિશ્વિવદ્યાલયના મનોવિજ્ઞાનના પ્રોફેસર રિચાર્ડલિનના શોધનિબંધ પર આધારિત છે. આમાં તે પ્રોફેસરે કહ્યું છે કે જાપાનીઓની પ્રતિભા ઉત્તરોત્તર વધી રહી છે. વિશ્વભરમાં જાપાનીઓ સૌથી વધુ બુદ્ધિશાળી છે. સાધારણ રીતે પ્રત્યેક સો વ્યક્તિઓ પૈકી એક જાપાનીનો બુદ્ધિઆંક (I.Q.) ૧૪૫ હોય છે. જો કે પશ્ચિમના અન્ય પ્રગતિશીલ દેશોમાં તેટલો બુદ્ધિઆંક ધરાવતી હજાર દીઠ એક વ્યક્તિ હોય છે. આનો અર્થ એ થયો કે પશ્ચિમની તુલનામાં દસ ગણા વધુ પ્રતિભાશાળી વ્યક્તિઓ જાપાનમાં છે. ડેલીમેલ સમાચારપત્રમાં એ પણ લખ્યું છે કે જાપાની અને અન્ય એશિયાઈ દેશોમાં નાગરિક પેઢી પ્રત્યેક પેઢીમાં વધુ બુદ્ધિશાળી થતી રહી છે અને તે મુજબ આગળ પણ વધી રહી છે. આનું કારણ દર્શાવતાં તેમણે સંભાવના રજૂ કરી છે કે જાપાનીઓનો પરિશ્રમ, કાર્યો પ્રત્યે ગાઢ દિલચસ્પી તથા સમયનો સદુપયોગ જેવા સદ્‌ગુણોથી તેમની બૌદ્ધિક પ્રખરતા ઉત્તરોત્તર વધતી રહી છે. કાર્યોમાં એકાગ્રતા અને તત્પરતાથી પ્રાપ્ત થયેલી પ્રવીણતા, કુશળતા તથા માનસિક પ્રખરતા વારસાગત સ્તરોને પણ અસર કરી રહી છે, તે વિશેષતાઓ પોતાની સાથે વધારાના ગુણોને સાથે જોડતી જઈને પેઢી દર પેઢી ફેરબદલ થઈ રહી છે.

તાંત્રિક ક્ષેત્રમાં જાપાન સામે ટક્કર લેવી દુનિયાના બધા દેશો માટે કઠિન છે. રેડિયો, ટેલિવિઝન તથા ઇલેક્ટ્રોનિક્સનો બધો આધુનિક સામાન જેટલો ચઢિયાતો, સસ્તો તથા ટકાઉ જાપાનમાં બને છે તેટલો બીજે ક્યાંય બનતો નથી. પોતાની મહેનત, ઈમાનદારી તથા વફાદારી માટે જાપાની પ્રજા વિશ્વિવખ્યાત છે. તેમણે સમય અને શ્રમને સૌથી મોટા દેવતા માન્યા છે તથા તેમની ઉપાસનાથી અદૃશ્ય દેવતાઓના વરદાનની તુલનામાં વિશેષ કૃપા મેળવી છે.

એક બાજુ જાપાનની પ્રગતિની હકીકત સામે છે, તો બીજી બાજુ આપણા દેશની વિકટ અને પછાત સ્થિતિ પણ સામે છે, જ્યાંની વધતી જતી વસતી સંખ્યાને લીધે બેકારી ઉત્તરોત્તર વધી રહી છે. જેઓ સરકારી કે અર્ધસરકારી સેવાઓમાં કામ કરી રહ્યાં છે, તેમની કામચોરી અને હડતાળની દુષ્પ્રવૃત્તિને કારણે કેટલું બધું નુકસાન વેઠવું પડે છે, એ વાત કોઈનાથી અજાણી નથી. એને લીધે ઉત્પાદન તો ઘટી રહ્યું છે અને સાથોસાથ માનસિક ખેદ રહેવાથી ધીમેધીમે મગજની ફળદ્રુપતા પણ ખલાસ થઈ રહી છે.

મોટાભાગના કર્મચારીઓ રજાઓના નામ પર સમય અને સંપત્તિનો કેટલો મોટો ભાગ વ્યર્થ ગુમાવે છે, એનું રોચક વર્ણન દિલ્હી વિશ્વવિદ્યાલયના બે અધ્યાપકોએ રજૂ કર્યું છે. શ્રી ઓ. પી. મિત્તલ તથા શ્રી આર. પી. મિત્તલના આંકડા અનુસાર જો દિલ્હી વિશ્વિવદ્યાલયનો એક પ્રાધ્યાપક પોતાની સમગ્ર સગવડોનો ઉપયોગ કરે તો તે ૩૫ વર્ષની નોકરીમાં ૨૮ વર્ષ રજાઓમાં વિતાવી શકે છે. શિક્ષણ જ નહીં, અન્ય સરકારી અને બિનસરકારી સંસ્થાઓમાં કામ કરી રહેલા કર્મચારીઓની પણ લગભગ આ જ સ્થિતિ છે. હડતાળ વગેરેનો વ્યર્થ જતો સમય એના ઉપરાંતનો હોય છે.

ભૌતિક સમૃદ્ધિ અથવા વિશિષ્ટ સ્તરની પ્રતિભાની અપેક્ષા હોય તો એના માટે સર્વપ્રથમ દરેક વ્યક્તિએ આળસ અને પ્રમાદની મનોવૃત્તિથી છુટકારો મેળવવો પડશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આત્મીય અનુરોધ

જના કરતી હૈ જિસ દિન કે લિયે સંતાન સિંહનિયાં ।

મેરે શેરોસે કહ દેના વહ દિન આ ગયા બેટા ॥

(જે દિવસ માટે સિંહણો સંતાનોને જન્મ આપે છે, મારા સિંહોને કહેજો કે તે દિવસ આવી ગયો છે બેટા.)

### હવે અમે કંઈ કરીને જંપીશુ

માનવ સમાજનું ભાવનાત્મક નવનિર્માણ કરીને યુગપરિવર્તનના જે મહાન અભિયાનમાં આપણે જોડાયેલાં છીએ તેના માટેના પ્રયત્નો વધુ બળવત્તર બનાવવા જોઈએ. ગત શતાબ્દીઓમાં માનવજીવનની પ્રગતિ ખૂબ ધીમેથી થઈ છે. સાધનોના અભાવે દરેક કાર્ય ધીમે ધીમે થતાં હતાં. પરંતુ વિજ્ઞાનની પ્રગતિની સાથે સાથે દરેક ક્ષેત્રમાં વિપુલ સાધનો ઉપલબ્ધ છે. સદ્‌પ્રવૃત્તિઓ અને સદ્‌ભાવનાઓનું આરોપણ તથા સંવર્ધન કરવું હોય અને મનવાંછિત ફળ પ્રાપ્ત કરવા હોય તો તદ્‌અનુસાર પરિસ્થિતિઓનું નિર્માણ કરવું પડશે. દુનિયામાં કોઈ પણ કામ અચાનક થઈ જતું નથી. સારાં કે નરસાં કાર્યને કરવા માટેની અનુકૂળતાઓ અને સાધનો જરૂરી છે. પતન તરફ લઈ જનારી પ્રવૃત્તિઓ અચાનક નથી વધી ગઈ. તેની સ્થાપના અને વૃદ્ધિમાં વિપુલ ધન, અસંખ્ય જનશક્તિ અને આધુનિક સાધનોનો ઉપયોગ થયો છે. આ બધાંને કારણે જ તે દુષ્પ્રવૃત્તિઓ વિકસી છે અને પ્રૌઢત્વના ઉંબરે પહોંચી છે. જો આ પ્રમાણેની સગવડ અને સાધન-સામગ્રી ન મળી હોત તો આ પ્રવૃત્તિને તેની વર્તમાન સ્થિતિએ પહોંચતા સેંકડો વર્ષો વીતી ગયાં હોત. પ્રબળ પુરુષાર્થને કારણે લોકો જોતજોતામાં પોતાના આચાર-વિચાર બદલીને કલ્પના બહારની સ્થિતિમાં પહોંચી જાય છે.

આ જ પ્રમાણે જો પ્રગતિની વાત વિચારીએ તો માનવજાતિને પતનની ખાઈમાં જતી રોકીને પ્રગતિના પથ પર ચલાવવા માંગતા હોય તો તેને માટે પણ પ્રબળ પુરુષાર્થની જરૂર છે. તેના માટે ઉચ્ચ દિમાગ, ઉચ્ચ વ્યક્તિત્વ, યોગ્ય સાધનો અને ઉચ્ચ પુરુષાર્થની સાધન-સામગ્રી એકત્રિત કરવી પડશે. સાધન વગરની કલ્પના મશ્કરીને પાત્ર બને છે અને તેની સફળતામાં પણ શકા રહે છે. સફળતા માટે કિંમત ચૂકવવી પડે છે. મનુષ્યનો શ્રમ, એકાગ્રતા અને ધન જે કાર્ય માટે વપરાશે ત્યાં સફળતા ચરણો ચૂમતી હશે. પછી અસફળતાનો દોષ બીજાને માથે નાખવામાં આવે તો પણ આ બધાં વિના કંઈ હાથ લાગતું નથી. પ્રતિભાશાળી અને કર્મઠ લોકો આગળ આવીને પોતાની સાચી લગન અને સાચા આદર્શનો પરિચય આપે છે ત્યારે તેમનું અનુકરણ કરવા માટે લોકસમુદાય ઊમટી પડે છે. આપણે પણ આ પ્રાચીન પરંપરા અપનાવવી પડશે. આગળ આવીને મોરચો સંભાળવો પડશે. વર્તમાન અવ્યવસ્થાને સુવ્યવસ્થિત બનાવવા માટે કોઈકે તો શૌર્ય, સાહસ, ત્યાગ અને બલિદાનનો પરિચય આપવો જ પડશે. આપણને આ શ્રેય મળે તો સારું છે.

શમા પરવાના જેવી જિંદગી અને મોત મનુષ્ય માટે શરમજનક છે. આપણે નર પશુઓની જેમ શિશ્નોદર પરાયણ, મતલબ કે ફક્ત પેટ અને પ્રજનન માટે માનવજીવન જેવા અમૂલ્ય ખજાનાને વેડફી દેવો ન જોઈએ. પરંતુ આપણા આત્માને ગર્વ અને સતોષ થાય તથા તેમાંથી બીજાઓ પણ પ્રેરણા અને પ્રકાશ પામી શકે તેવી જિંદગી જીવવી જોઈએ. જે આવું વિચારી શકે અને તેને કાર્યરત કરવા માટેનું સાહસ એકત્રિત કરી શકે તેમના માટે મહત્ત્વપૂર્ણ અવસર સામે જ ઊભો છે. યુગની માંગ અને વિશ્વમાનવની પોકાર જેના કાન હોય તે સાંભળી શકે છે અને આંખો હોય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તે જોઈ શકે છે અને પોતાનું કર્તવ્ય નક્કી કરી શકે છે. માનવ સમાજનું ભાવનાત્મક નવનિર્માણ એ આજની સૌથી મોટી જરૂરિયાત છે. તેના પર જ સંસારનું ભાગ્ય અને ભવિષ્ય નિર્ભર છે. જો વર્તમાન પ્રવૃત્તિઓ અને પરિસ્થિતિઓને યથાવત્ રાખવામાં આવી તો એ દિવસ દૂર નથી કે જ્યારે જનસાધારણને પારસ્પરિક દ્વેષ, દુર્ભાવ, શોષણ, અપહરણ, રોગ-શોક અને દૈવી પ્રકોપની નાટકીય આગમાં સળગવા માટે વિવશ થવું પડશે. આવી પરિસ્થિતિ ન થાય અને સંભવિત વિનાશિકાને રોકવા માટે કેટલાક બુદ્ધિશાળી અને આદર્શો માટે ફના થઈ જવાનું સાહસ ધરાવનારા કર્મનિષ્ઠ મનુષ્યોએ આગળ આવીને યુગપરિવર્તનની શક્યતાઓનું સાકારરૂપ આપી શકે તેવાં કાર્યો કરવાની જરૂર છે.

આજે કે આજથી હજાર વર્ષ પછી પણ જ્યારે આ દુનિયામાં સુખ-શાંતિની સ્થાપના કરવી હશે ત્યારે આપણે અથવા તો કોઈ બીજાએ લોકમાનસમાં આદર્શવાદિતા અને શ્રેષ્ઠતા પ્રત્યે શ્રદ્ધા ઉત્પન્ન કરવી જ પડશે. પછી ભલે તે પરિવર્તનનું નામ યુગ નિર્માણ યોજના હોય કે કંઈ બીજું હોય, આ ઉપાય અપનાવવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. આજે રાજનૈતિક દબાણના આધારે વ્યક્તિ અને સમાજનું નિર્માણ કરવાના પ્રયોગો ચાલી રહ્યા છે. દબાણવશ મનુષ્યના મનમાં કંઈક જુદુ છે અને બહાર કંઈક જુદુ છે. આ પ્રક્રિયા લાંબું ચાલી શકતી નથી અને તેનાથી સંપૂર્ણ કાર્ય પણ થઈ શકતાં નથી. દબાણથી વિવશ કરીને કોઈને પણ લાંબો સમય કોઈ માર્ગ પર ચલાવી શકાતા નથી. મનુષ્યની પોતાની માન્યતા મુજબ કાર્ય કરવાં માટે તેની સૂઝબૂઝ કોઈ ને કોઈ રસ્તો શોધી કાઢે છે અને પછી જે પ્રગટ હતું તે ચૂપચાપ ચાલતું રહે છે. બંધ મોં વાળું ગૂમડું ખૂબ ભયંકર હોય છે. તેથી તેના સઘળા ઈલાજનો એકમાત્ર આધાર આંતરિક પરિવર્તન જ છે. જ્યારે પણ વિશ્વવ્યાપી સુખશાંતિની સ્થાપના થઈ હશે તેનો આધાર તો આ જ હશે. તેથી આ હકીકતને આજે જ સમજીને પાંદડાં સિંચવાને બદલે કરમાયેલાં વૃક્ષને પલ્લવિત કરવા માટે તેનાં મૂળ સિંચનની સાધન-સામગ્રી એકત્રિત કરાય એ વધુ સારું છે. ખરેખર જો મનુષ્યજાતિનાં દુઃખદર્દ દૂર કરવાની મનોકામના હોય અને ચિરશાંતિની જો ખરેખર જરૂર હોય તો જનમાનસનું ભાવનાત્મક પરિવર્તન કરવા માટે પ્રબુદ્ધ પુણ્યાત્માઓનું, પુરુષાર્થી અને સાહસિક કર્મવીરોનું એક દળ આગળ આવે અને યુગની પોકાર મુજબની પરિસ્થિતિ પેદા કરવા માટે પોતાની સેવાઓ અર્પણ કરે.

સંઘર્ષ સરળ છે, નિર્માણ મુશ્કેલ છે. સંઘર્ષ માટે મનુષ્યનું શૂરવીર, સાહસિક અને ત્યાગી હોવું પૂરતું નથી, પરંતુ નિર્માણ માટે તો પ્રેમ, ઉદારતા, સતર્કતા, કરુણા, સેવા, સંયમ, સૌજન્ય અને અવિરત શ્રમ જેવા અનેક ગુણોની જરૂરિયાત છે જે શ્રેષ્ઠતા અને આદર્શવાદિતાને કારણે જ ઉત્પન્ન થાય છે. આજે એવા મનુષ્યોની જરૂર છે જે રાજનૈતિક સ્વતંત્રતાની સાથે સાથે આર્થિક, સામાજિક, બૌદ્ધિક અને ભાવનાત્મક સ્વતંત્રતાના સર્જનાત્મક સંઘર્ષમાં પોતાનું શ્રેષ્ઠ પાત્ર ભજવી શકે.

**આને સર્વોચ્ચ પ્રાથમિકતા આપો**

આજે માનવતાની સૌથી મોટી જરૂરિયાત સંસારના ભાવનાત્મક નવનિર્માણની છે જેનાથી વ્યષ્ટિ, સમષ્ટિ અને સૃષ્ટિમાં સત્પ્રવૃત્તિઓની વૃદ્ધિ થઈ શકે. તેના માટે યુગઋષિ પૂજ્ય ગુરુદેવના ક્રાંતિકારી વિચારોને લઘુ પુસ્તિકાઓમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. સપ્તસૂત્રી આંદોલન માટે લોકમાનસની સજાવટનું કાર્ય આ પુસ્તિકાઓના માધ્યમથી થશે. આંદોલન સંબંધી પૂજ્યવરના વિચારો લોકો સુધી પહોંચાડવા માટે આ નાની નાની પુસ્તિકાઓ જ પૂરતી છે. દરેક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આંદોલન પર દસ પુસ્તિકાઓનો સેટ પ્રગટ કરવામાં આવ્યો છે. દરેક યુગસૈનિક અને પ્રાણવાન પરિજનોની જવાબદારી છે કે આ પુસ્તકો દ્વારા વિચાર ફેલાવવા માટે પોતાનો સમય, શ્રમ અને ધનનો સદુપયોગ જરૂર કરે. જેટલું વધારે પ્રમાણમાં આ સાહિત્ય સમાજમાં ફેલાશે તેટલો સંઘર્ષ ઓછો કરવો પડશે. જો લોકોમાં મનમાં ક્રાંતિની લહેર જાગૃત થઈ ગઈ તો યુગસૈનિકોની જવાબદારીઓ ઓછી થતી જશે. શમન અને દમનમાંથી શમનને પ્રાથમિકતા આપવી જોઈએ. શમન મતલબ સમજાવવું. મહાભારતનું યુદ્ધ ટાળવા માટે શ્રીકૃષ્ણે છેક છેલ્લી ઘડી સુધી દુર્યોધનને સમજાવવાનો અને મનાવવાનો પ્રયત્ન કર્યો હતો. સમજાવટના સમસ્ત માર્ગો બંધ થઈ જશે તો પછી મહાભારત તો થવાનું જ છે.

આ યુગ આ સમય માટે અત્યારે મહાન જવાબદારીઓથી પૂર્ણ છે. સૃષ્ટિની શરૂઆતથી માંડીને આજ સુધી આપણે પેટ અને પ્રજનનની પશુક્રિયા અપનાવતા રહ્યા છીએ. આ પશુપ્રક્રિયાને તો કાલે પણ અપનાવાશે. થોડાક સમય માટે તેમાં ઢીલ મૂકીને માનવતાની મહાન જવાબદારીઓનું પાલન કરવા માટેનો જે સંદેશો આવ્યો છે અને તેના પાલન માટે થોડુંઘણું સાહસ દેખાડવાની જરૂરિયાત છે. તેના માટે કોઈપણ પ્રકારનો સંકોચ કે ખચકાટ રાખવો જોઈએ નહીં. ક્યારેક ક્યારેક થોડું સાહસ બતાવવું પણ જરૂરી બની જાય છે. આજે બરાબર આવો જ સમય આપણી સામે છે. વ્યક્તિગત સંકટને સ્થાને સમષ્ટિગત, સૃષ્ટિગત સંકટ છે. વિગ્રહ તે પ્રકારનો જ છે, જેના માટે સંઘર્ષ કરવો દરેક સહૃદયી, સજીવ અને પ્રબુદ્ધ વ્યક્તિ માટે આપત્તિ ધર્મ છે. આવી પળોમાં વાસના-તૃષ્ણાની બાળક્રિયાઓ કરવામાં સમય ગુમાવવો પાલવે તેમ નથી. ગાયત્રી પરિવારના પરિજનો ગાયત્રી જપ અને યજ્ઞ સુધી સીમિત ન રહે. ગાયત્રીનો અર્થ છે સાહસ, ગાયત્રીનો અર્થ છે આત્મશુદ્ધિ, ગાયત્રીનો અર્થ છે કર્તવ્યપરાયણતા. યજ્ઞનો અર્થ છે કુરિવાજો વિરુદ્ધ સંઘર્ષ, પરોપકાર, ત્યાગ, પરમાર્થ, બલિદાન અને વીરતા. પૂજ્ય ગુરુદેવનો ગાયત્રી અને યજ્ઞનો અર્થ પરિજનો બહુ સારી રીતે સમજી લે. આ સદ્‌ગુણોને આચાર-વિચારમાં અપનાવીને જ આપણે બધા યુગઋષિના અંગ કહેવાઈશું.

યુગ નિર્માણ યોજના આ કર્તવ્યોનું જ્ઞાન કરાવી રહી છે. તેનાં ચારણ ગીતો ભારતના આત્માને જાગૃત કરવામાં અને તેને પોતાના સ્વરૂપ, લક્ષ્ય અને કર્તવ્ય સમજાવવામાં સંલગ્ન છે.

આપણા પરિજનો ફક્ત બુદ્ધિ-વિલાસ માટે એક પત્રિકાના પાના ઉથલાવનારા વાચકો માત્ર બની રહેશે તો આ યુગના મહાન અભિયાન માટે શરમથી ડૂબી મરવા જેવી આત્મગ્લાનિનો સામનો કરવો પડશે. ત્યારે આપણે વિચારવા માટે વિવશ થઈશું કે મનુષ્યનો આત્મા મરી ગયો છે. નરમાંથી નારાયણનું સર્જન કરનારી આધ્યાત્મિક શક્તિનો અંત આવી ગયો છે. ગરીબ, દુર્બળ, આળસુ અને પરાવલંબી તથા દરેકની પાસે વરદાન અને આશીર્વાદની ભીખ માગવા માટે હાથ ફેલાવનારા અપંગોના એક વર્ગ માત્રથી જો અધ્યાત્મ ક્ષેત્ર બની ગયું તો ભારતીય મહાન પરંપરાઓ માટે તે એક કલકરૂપ હશે. આપણા પરિવારે આવી સ્થિતિનો વિરોધ કરવો પડશે અને આપણાં વર્તન દ્વારા સાબિત કરવું પડશે કે અમે અમારી મહાન પરંપરાઓ અને જવાબદારીઓને સંપૂર્ણપણે છોડી દીધી નથી. જરૂર પડે ત્યારે ત્યાગ અને બલિદાન માટે જરૂરી વીરતાનું પ્રદર્શન કરનાર ઋષિરક્ત હજુ પણ અમારામાં હયાત છે.

આપણા પરિવારના દરેક સભ્યને લઘુ પુસ્તિકાઓના માધ્યમથી આંદોલન માટેનું વાતાવરણ તૈયાર કરવા માટે વારંવાર આગ્રહ કરવામાં આવી રહ્યો છે તેને નજરઅંદાજ કરવામાં ન આવે અને તેનાં કાર્યોમાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શિથિલતા કે ઉપેક્ષા ન રાખવામાં આવે. આજથી જ ઉદાસીનતા અને આળસને તિલાંજલી આપી ઝોલા પુસ્તકાલય અને જ્ઞાનમંદિરોની સ્થાપનાને ભોજન અને શયન જેવાં જરૂરી દૈનિક કાર્યોમાં સામેલ કરવામાં આવે. ઘેર-ઘેર થનારા યજ્ઞોમાં, સંસ્કારોમાં તથા પાંચકુંડીય અને ૧૦૮ કુંડીય સંસ્કાર મહોત્સવોમાં દાનવીરોની સહાયતાથી આ સાહિત્ય પ્રસાદરૂપે વહેંચવું જોઈએ.

## યુગ નિર્માણ પરિવારનું પુનર્ગઠન

### યુગસેનાનું સંગઠન

યુગ નિર્માણ પરિવારમાં પૂજ્ય ગુરુદેવના સંપર્ક, સૌજન્ય અને ભાવભર્યા આદાનપ્રદાનને આધારે કરોડો પ્રાણવાન પરિજનો પૂજ્ય ગુરુદેવના વ્યક્તિત્વ સાથે જોડાઈ ગયા છે. આ પરિવારમા આમ તો અનેક પ્રકારનાં મણિ-માણેક, કમળ, પારિજાત છુપાયેલાં હતા. હવે તેમનામાંના પ્રત્યેકને સજાગ અને સક્રિય બનાવવાના છે નિષ્ક્રિયતાને સક્રિયતામાં ફેરવી નાખવાની છે જે પ્રતિભાઓ અત્યાર સુધી પૂજ્ય ગુરુદેવના વિચારો પ્રત્યે શ્રદ્ધા રાખવા સુધી મર્યાદિત હતી તેમને હવે ખભેખભો મિલાવીને ડગલે ડગલું મિલાવીને ચાલવા માટે કહી રહ્યા છીએ વિચારક્રાંતિ, નૈતિક ક્રાંતિ અને સામાજિક ક્રાંતિના ત્રણે મોરચા પર અડગ થઈને ઊભા રહેવું પડશે. અત્યારે જે ઝડપે અભિયાનનુ કામકાજ ચાલી રહ્યુ છે તેનાથી તેની મહાન ભૂમિકા માટે સદેહની કોઈ ગુજાઈશ રહેવી જોઈએ નહીં.

અત્યારે વ્યક્તિગત અને સામાજિક જીવનમાં રહેલી વિવિધ સમસ્યાઓ અને વિવિધ વિસંગતિને કારણે દુઃખ, ક્લેશ, અશાંતિ અને ઉપદ્રવ વધ્યાં છે. આ તમામ માટે પરિસ્થિતિઓને દોષિત ગણવામાં આવે છે પરંતુ વાસ્તવમાં એવું નથી. પરિસ્થિતિ નહીં પરંતુ મનઃસ્થિતિ મનુષ્યને સમસ્યાગ્રસ્ત બનાવે છે. જો વિશાળ દૃષ્ટિકોણ અપનાવવામાં આવે તો રસ્તામાં પડેલો પથ્થર પણ સીડી બની શકે છે, પરંતુ દૃષ્ટિકોણ સંકુચિત હોય તો ઉપર જનારી સીડી પણ રસ્તાનો અવરોધ બની જાય છે.

દૃષ્ટિકોણની સજાવટની વ્યાપક પ્રક્રિયાનું નામ જ વિચારક્રાંતિ છે. બીજા શબ્દોમાં તે વ્યાવહારિક જીવનમાં ઉતારવાની શૈલી પણ છે. અધ્યાત્મનો અર્થ છે દરેક પરિસ્થિતિઓનું કારણ સમજવું. જો દરેક મનુષ્ય આટલુ કરવા લાગે તો સમસ્યાઓનું નિરાકરણ બહુ જલદી આવી જાય.

વિચારક્રાંતિનું આગલું ચરણ નૈતિક ક્રાતિનું છે. દૃષ્ટિકોણની સજાવટમાં પ્રત્યેક પરિસ્થિતિ માટે સ્વયને જવાબદાર ગણવામાં આવે છે તો નૈતિક વિકાસમા પોતાના વ્યક્તિત્વની મહાનતાનો અનુભવ કરી તેના વિકસાવવાની પ્રક્રિયા થાય છે. આપણે આપણા સ્વરૂપને સમજી શકતા નથી તેથી આપણા વિચારોમાં ક્ષુદ્રતા, સકુચિતતા અને વિરુદ્ધતા આવી જાય છે, પરિણામે આપણી દિશા ભટકી જાય છે.

વ્યક્તિ અને સમાજ વચ્ચેના ઉજ્જવળ અને સજાવટ ભરેલા સ્વરૂપ ઉપર જ લોકોની સુખશાંતિ ટકેલી છે. સમાજનો અમુક વર્ગ જ ઇમાનદાર હોય અને બીજાઓની સુખસગવડ માટે વિચારતો હોય અને બાકીના લોકો લૂટમાર અને ખેંચતાણ કરતા હોય તો સામાજિક સુખશાતિ તો સ્વપ્નવત્ જ બની રહેશે. આવી પરિસ્થિતિઓનુ નિર્માણ કરવા માટે સમાજમાંથી અનીતિ અને અનિચ્છનીયતાઓને દૂર કરવાની જવાબદારી પણ નવનિર્માણના દિવ્ય પ્રયોજનમાં જોડાયેલાં પરિજનોની છે. સમાજમા ફેલાયેલી વિકૃતિઓનો નાશ કરવા માટે ઈશ્વરીય સત્તાના અવતરણ ''પરિત્રાણાય સાધુનાં વિનાશાય ચ દુષ્કૃતા''ની જવાબદારી પણ નવનિર્માણની જવાબદારી સભાળનારા દિવ્ય આત્માઓ દ્વારા પૂરી થાય છે.

અત્યારે ચાલતાં સંગઠનોમા પાત્રતાની કોઈ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિશેષ કસોટી કરવામાં આવતી નથી. યજ્ઞ, હવન, જપ વગેરેમાં ઓછોવત્તો રસ ધરાવનાર દરેકને પરિવારના સભ્ય માનવામાં આવે છે. નિયમિત વિચારપોષણ ન મળવાને કારણે અને મિશનનો ઉદ્દેશ આત્મસાત્ ન કરવાને કારણે આવા લોકો લડાઈ ઝઘડા ફેલાવતા અને વિઘટનકારી પ્રવૃત્તિઓ કરતા જણાય છે. જોકે પરિવારમાં બહુમતિ તો સજ્જનોની જ છે. પરંતુ આટલી મોટી જવાબદારીવાળા મિશનમાં થોડાંઘણાં પણ અનિચ્છનીય તત્ત્વો ઘૂસી જાય તો તે ચિંતાજનક છે. તેથી અમે ઇચ્છીએ છીએ કે જે લોકોનો દૃષ્ટિકોણ સ્પષ્ટ છે, જે લોકો યુગ નિર્માણ મિશનનું સ્વરૂપ સારી રીતે સમજી શકે છે અને યોગ્ય દિશામાં આગળ વધવા માટે સંમત છે તેવા લોકોની સંખ્યા અલ્પ પ્રમાણમાં હોય તો પણ તેમને સાથે રાખવા સંખ્યા કરતાં શ્રેષ્ઠતાને મહત્ત્વ આપવું જોઈએ. આત્મા પરમાત્માની સાક્ષીએ જે મહાન ઉદ્દેશ માટે ત્યાગ અને બલિદાન આપવાની તૈયારી આપણે કરી છે તેના માટે યોગ્યતા જળવાવી અત્યંત જરૂરી છે.

**એક કામ જે હવે કરવાનું છે**

મે ૯૭ના અંકમાં અને હવે સંઘર્ષના રસ્તે'' તથા જૂન ૯૭ના અંકમાં ''પરિજન પ્રામાણિકતા સાબિત કરે'' આ બંને આત્મીય આગ્રહપૂર્ણ લેખોમાં ખૂબ દુઃખ અને આક્રોશ સાથે સપ્તસૂત્રીય આંદોલન માટે પરિજનોને એક પ્રચંડ મોરચો રચવાનું આવાહન આપવામાં આવ્યું હતું. યુગ સૈનિકોની આ યુગ સેનાના સંગઠનની મોટી જવાબદારી અમે અમારા પરિજનોને સોંપી રહ્યા છીએ. તેથી પ્રામાણિકતાની કસોટી પર આપણે કસાઈને સાચા સાબિત થવાનું છે તથા ખોટી મજબૂરીઓના બહાનાં બતાવ્યાં વિના સમય આવ્યે કંઈક કામ કરી દેખાડવાનું છે. અમને આત્મામાં દઢ વિશ્વાસ છે કે અમારું આ આવાહન નિષ્ફળ નહીં જાય. ઉપરના બંને આત્મીય આગ્રહોને વાંચીને તેના પર ગંભીરતાપૂર્વક ચિંતન મનન કરવા વિનતી છે.

મિશનનાં બધાં જ સંગઠનો સાથે જોડાયેલાં ભાઈ-બહેનો ક્રાંતિ વિશેષાંક પૂર્ણ એકાગ્રતાથી વાંચે અને આંદોલનમાં સક્રિય ફાળો આપવાની પ્રતિજ્ઞા પોતાના મનમાં જ કરે. જરૂરિયાત મુજબના પ્રતિજ્ઞાપત્રો અહીંયાથી (મથુરાથી) પણ મંગાવી શકાશે. બધા જ સભ્યો પાસેથી યોગ્યતા મુજબ આર્થિક સહકાર મેળવી નાની શાખાઓ માટે ઓછામાં ઓછા સો અને શક્તિશાળી શાખાઓએ ઓછામાં ઓછા એક હજાર ક્રાંતિ વિશેષાંક મંગાવી લેવા જોઈએ. બબ્બે ભાઈ-બહેનોની ટોળી બનાવીને વિચારશીલ પરિજનો સાથે સંપર્ક સાધી, વિશેષાંક આપી તેમને વિચારગોષ્ઠિમાં સામેલ થવા માટે આગ્રહ કરો. વિચારગોષ્ઠિઓમાં આંદોલનની જરૂરિયાત તથા રૂપરેખા પર પ્રકાશ પાડવામાં આવે. જે પરિજનો અંતરાત્માનો અવાજ સાંભળીને યુગસૈનિકની ભૂમિકા નિભાવવા ઇચ્છતા હોય તેમની નોંધ કરવામાં આવે અને અન્ય સમર્થક મદદનીશ પરિજનોની અલગ નોંધ કરવામાં આવે. યુગસૈનિક અને સમર્થકોને યુગ નિર્માણ યોજના પત્રિકાના સભ્ય બનાવવા જેથી ભવિષ્યમાં આંદોલન સંબંધી સૂચનાઓ અને પ્રેરણાઓ તેના દ્વારા મળતી રહે. આ પત્રિકા આંદોલનકારીઓ માટે માર્ગદર્શિકા (ગાઈડ)નું કામ કરશે.

યુગસૈનિક બનેલાં બધા ભાઈબહેનોને સગવડ મુજબ એકકુંડીય યજ્ઞમાં પ્રતિજ્ઞાપત્ર ભરાવડાવીને યજ્ઞ ભગવાનની સાક્ષીએ પૂજ્ય ગુરુદેવ અને વંદનીયા માતાજી સમક્ષ સમર્પિત કરાવી દો. પ્રતિજ્ઞાપત્રો (સંકલ્પપત્રો) એકઠા કરી ટપાલ દ્વારા મથુરા મોકલી દેવા. આ રીતે યુગસેનાનુ સંગઠન થઈ જશે. જે પરિજન રજિસ્ટર, પત્ર, પ્રચારસામગ્રી વગેરેની જવાબદારી રાખે અને આંદોલનમાં પ્રભાવાત્મક ભૂમિકા ભજવે તેવા એક પરિજનને યુગસૈનિકોએ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સર્વસંમતિથી પોતાના સેનાનાયક તરીકે પસંદ કરી લેવો. સમયે સમયે આત્મીય અનુગ્રહ દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવે. ઑગષ્ટ '૯૭ સુધીમાં સંગઠનનું પ્રાથમિક કામકાજ પૂરું કરી લેવું જોઈએ જેથી સપ્ટેમ્બર મહિનાથી આંદોલનનો અમલ થઈ શકે. સંકલ્પપત્રની પાછળ યુગસૈનિકોની જવાબદારીઓ લખેલી છે.

દરેક સેનાનાયકે પોતાની યુગસેનામાં ઓછામાં ઓછા ૨૪ યુગ સૈનિકો પાસે પ્રતિજ્ઞાપત્રો ભરાવવા જ જોઈએ. દરેક યુગ સૈનિકે ૯૬ રૂપિયા મોકલીને ૨૪ ક્રાંતિ વિશેષાંક મંગાવી લેવા જોઈએ. તેમના દ્વારા આંદોલનોની જાણકારી લોકો સુધી પહોંચવી જોઈએ અને તેમણે ઓછામાં ઓછા દસ સમર્થકોને તૈયાર કરવા જ જોઈએ. વધારે તૈયાર કરવા તેમની સક્રિયતા પર આધાર રાખે છે. દરેક યુગ સૈનિકે રૂ. ૧૦૦ મોકલીને આંદોલનનાં ૭૭ પુસ્તકોનો સેટ મંગાવવો જરૂરી છે. આ પુસ્તકોને ઝોલા પુસ્તકાલય દ્વારા પોતાના સમર્થકોને વંચાવવાનો પ્રયત્ન કરતા રહેવું જેથી આંદોલનોની પ્રેરણા પરિજનોને સાહિત્યના માધ્યમ દ્વારા મળતી રહે. સાહિત્યના પ્રભાવથી જે સમર્થકો યુગસૈનિક બનવા ઇચ્છતા હોય તેમને પહેલાંની જેમ સંકલ્પ લેવડાવી યુગ સૈનિકની જવાબદારી નિભાવવાની પ્રેરણા આપવામાં આવે. દરેકે આવા દસ યુગ સૈનિકો બનાવવાની જવાબદારી લેવી જ જોઈએ.

**આર્થિક વ્યવસ્થા** : યુગસેનાના સૈનિકોએ દર મહિને પોતાની કમાણીમાંથી એક અંશ સ્વેચ્છાએ આપીને તથા ઉદાર દાતાઓ અને ભાવનાશીલ પરિજનો પાસેથી આર્થિક સહકાર મેળવી યુગસેના માટે આર્થિક વ્યવસ્થા કરવી જોઈએ. આવકજાવકનો સ્પષ્ટ હિસાબ રાખવો.

શરૂઆતમાં તાલુકા લેવલે અને પછી જિલ્લા લેવલે યુગસેનાનું સંગઠન કરવામાં આવે. શાખા લેવલે દર મહિને એક વાર યુગસૈનિકોની સભા ભરાવી જોઈએ. તે સભામાં દરેક યુગસૈનિક પોતાના કાર્યનો રિપોર્ટ આપે અને ભવિષ્યના કાર્યક્રમો પણ નક્કી થાય. દર મહિનાને અંતે તાલુકા, જિલ્લા અને કેન્દ્રને રિપોર્ટ મોકલવો. પ્રશંસનીય કાર્ય કરનાર સૈનિકોનું પુષ્પવર્ષા અને તિલક વગેરેથી શાખામાં જ સન્માન કરવું. જે તે વિસ્તારના વિચારકો, સમાજસેવકો, સાહિત્યકારો, પત્રકારો વગેરેની હાજરીમાં વિચારગોષ્ઠિઓનું આયોજન કરવું. તેમાં આપણાં કાર્યોની માહિતી આપવી તથા તે લોકોના વિચારો અને સલાહો કેન્દ્રને મોકલી આપવાં. અન્ય સ્થાનિક સમાજસેવી સંસ્થાઓ અને સંગઠનોનો પણ સહકાર લેવામાં આવે. અભિમાન અને સફળતાના શ્રેયને એક તરફ રાખી ફકત લક્ષ્ય તરફ ધ્યાન આપવું. યુગ નિર્માણ યોજના પત્રિકાના માધ્યમથી આંદોલન સંબધી જે જે સલાહસૂચનો મળે તેના પર વિચારગોષ્ઠિમાં વિચાર કરવો અને પૂર્ણ શ્રદ્ધા તથા નિષ્ઠાથી તેનું પાલન કરવું. આંદોલનોમાં સ્થાનિક પરિસ્થિતિ મુજબ જે-તે રાજકીય વિભાગોની પણ મદદ લઈ શકાય. દરેક પરિજનને કેન્દ્ર તરફથી આદેશ આપવામાં આવે છે કે આપણું આંદોલન સંપૂર્ણપણે અહિંસાત્મક હોવું જોઈએ. અનિચ્છનીયતા વિરુદ્ધ અસહયોગ આંદોલનને જ પ્રાધાન્ય આપવું જોઈએ.

જ્યાં ઉપદેશ વધુ અપાય છે ત્યાં ગંભીરતા ઓછી હોય છે.
જ્યાં ગંભીરતા હોય છે ત્યાં વાતો ઓછી અને કામ વધુ થાય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

૧૪-૧૫ જૂને સકલ્પ શ્રદ્ધાંજલિ સમારોહમાં ધાર્યા કરતાં વધુ પરિજનોએ ભાગ લીધો ૧૪મી જૂને સવારના નિયમિત ધ્યાન, યજ્ઞ ઉપરાંત ઋષિયુગ્મના પવિત્ર પ્રતીકો પ્રખર પ્રજ્ઞા—સજલ શ્રદ્ધાને દસ સ્નાન કરાવવામાં આવ્યાં. મૃદા, ભસ્મ, છાણ, ગૌમૂત્ર, દૂધ, દહીં, ઘી, હળદર, મધ, મીઠું અને અતમાં ફુવારા દ્વારા ગંગાજળથી સ્નાન કરાવવામા આવ્યું. સ્નાનથી વહેતા પાણીને ઋષિયુગ્મનું ચરણામૃત માનીને શ્રદ્ધાળુ ભાઈબહેનોએ જલપાંન કર્યું અને આ પ્રસંગે હાજર રહેવાનો ગર્વ અનુભવી લ્હાવો માણ્યો.

બપોર પછી પૂજ્ય પડિતજીએ ભાવભર્યું ઉદ્બોધન કર્યું. તેમાં તેમણે યજ્ઞના કર્મકાડને જ સર્વસ્વ ન માનીને પવિત્ર જીવન જીવવા ઉપર ભાર આપ્યો. દ્રવ્ય યજ્ઞની સાથે જ્ઞાનયજ્ઞને જોડવાનો આગ્રહ ફરજિયાત કર્યો. યજ્ઞો માટે એકત્રિત થતા ધનમાથી અડધા ધનના ઉપયોગ દ્રવ્યયજ્ઞમા અને અડધાનો ઉપયોગ જ્ઞાનયજ્ઞમાં કરવા માટે ખૂબ જ આભાર માન્યો. તેમણે કહ્યું કે જે ગાયત્રી તપોભૂમિ માત્ર પ્રેસ, મંદિર અને ધર્મશાળા જ બની ગઈ હતી તે તપોભૂમિ આ પ્રતીકોના આગમનથી વિવિધ યોજનાઓ અને કાર્યક્રમોનું કેન્દ્ર બની ગઈ અને હવે પૂજ્ય ગુરુદેવની ભાવનાઓને અનુકૂળ સઘર્ષાત્મક આદોલનોનું કેન્દ્ર બની ગઈ છે. કાર્યકર્તા ભાઈઓની ભિન્ન ભિન્ન પ્રકારની શંકાઓનુ સમાધાન બહુ સુદર રીતે કરતા કરતાં તેમણે કહ્યું કે આપણે સાધનોથી થોડા નબળા છીએ પરંતુ ગુરુજીની શક્તિ આપણી સાથે છે પરિજનોની ખોટ આપણા ભાઈબહેનો ક્રાંતિ વિશેષાંકની ૨૪ લાખ પ્રતો સમાજમા વિતરણ કરીને પૂર્ણ કરશે એવો અમને પૂર્ણ વિશ્વાસ છે. કાર્યકર્તાઓના પ્રશિક્ષણનું કાર્ય આપણા શાંતિકુંજના ભાઈઓએ પોતાને શિરે ઉપાડી લીધું છે આપે અખંડજ્યોતિ જૂન ૧૯૯૭ના અંકમા 'અપનોંસે અપની બાત''ના સ્તભમા વાંચ્યું હશે. ત્યા ૫-૫ દિવસની શિબિરોના પ્રારંભની પ્રેરણા આપવામાં આવી. જ્ઞાનયજ્ઞ માટે પૂજ્ય ગુરુજીના વ્યક્તિ, પરિવાર અને સમાજ નિર્માણમા ઉપયોગી એવી રૂા. ૧-૫૦ની લઘુ પુસ્તિકાઓની શ્રેણી પ્રકાશિત કરવામાં આવી છે. આ પુસ્તિકાઓને જ્ઞાનયજ્ઞ માટે વધુમાં વધુ વ્યક્તિઓ સુધી પહોંચાડવી આવશ્યક છે. ક્રાતિ પુસ્તકમાળામાં પ્રત્યેક આંદોલન ઉપર દસ પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે. યજ્ઞોમાં આ પુસ્તકોને જન જન સુધી પહોંચાડવા જોઈએ. પૂજ્ય પંડિતજી ખૂબ દુ:ખી હૃદયથી પૂજ્ય ગુરુદેવના અંતઃકરણની પીડાને વ્યક્ત કરતા રહ્યા. જનસમૂહમાં કેટલીય વ્યક્તિઓને આંસુ લૂછતી જોવામા આવી. કેટલાય ભાઈઓએ કહ્યું કે આજે પંડિતજીની વાણીમાં પૂજ્ય ગુરુદેવના હૃદયનું દુઃખ વ્યક્ત થઈ રહ્યું હતું.

ત્યારબાદ આદરણીય ચૈતન્યજીનું માર્મિક ઉદ્બોધન થયું. તેઓએ શાંતિકુંજના શ્રેષ્ઠ કાર્યકર્તાઓના પ્રખર પ્રજ્ઞા—સજલ શ્રદ્ધાને અહીં મોકલી આપવાનો ઘણો આભાર માન્યો. આ પ્રમાણે આ ક્રાંતિકારી આંદોલનોના હેતુસર બધા સાધનો પૂજ્યવરની સૂક્ષ્મ સત્તા સાથે જોડાઈ રહ્યા છે. આદરણીય ચૈતન્યજીએ સપ્ત સૂત્રીય આંદોલનની જરૂરિયાત તેમજ એકરૂપતા ઉપર પ્રકાશ પાડ્યો અને તેને સમગ્ર ક્રાતિનો સૂત્રપાત બતાવ્યો. તેમણે સક્રિય કાર્યકર્તાઓને પ્રથમ ચરણમાં ક્રાંતિ વિશેષાક, પ્રત્યેક આંદોલન ઉપર પ્રકાશિત



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ફોલ્ડરનો સેટ તથા ક્રાંતિ પુસ્તકમાળાની પુસ્તિકાઓ જન જન સુધી પહોંચાડવામાં પોતાનો સમય, ધન તેમજ શ્રમનો સદ્દુપયોગ કરવા માટે પ્રબળ આહ્વાન કર્યું.

સાંજે ૭-૩૦ કલાકે ૨૪ જલતી મશાલોનું એક વિશાળ સરઘસ પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રદ્ધાથી શરૂ કરીને કાઢવામાં આવ્યું. તેમાં ૫૦૦૦ ભાઈબહેનોએ ભાગ લીધો. આ સરઘસમાં નારી જાગરણ, કુરિવાજો નાબૂદી, દહેજ પ્રથા નાબૂદી વગેરે સંબંધી સૂત્રો પોકારતા. પોકારતા યુવાન ભાઈબહેનો ખૂબ જ આનંદ અને ઉત્સાહની સાથે ચાલી રહ્યા હતા. સરઘસ સ્થાનિક બિરલા મંદિર સુધી જઈને પાછું આવ્યું.

૧૫ જૂનની સવારે નિયમિત ધ્યાન, યજ્ઞ ઉપરાંત પ્રાણપ્રતિષ્ઠા સમારંભ અત્યંત ભાવભર્યા સંગીતથી શરૂ થયો. પૂજ્ય પંડિત લીલાપત શર્મા (સપત્ની), શ્રી મૃત્યુંજય શર્મા (સપત્ની) તેમજ મસૂરીથી પધારેલા શ્રી રાવલજીએ ચરણપૂજન ભાવભર્યા વાતાવરણમાં કરાવ્યા. પ્રખર પ્રજ્ઞા અને સજલ શ્રદ્ધાને પહેલીવાર હજારી ગર્લના પુષ્પો તેમજ વીજળીના ગોળાઓથી આકર્ષક રીતે એવા શણગારવામાં આવ્યાં હતાં કે જેથી દર્શનાર્થીઓની ભીડ હંમેશાં તેને ઘેરાયેલી રહેતી. નિરંતર દર્શન કરતા રહેવાની સતત ઇચ્છા થયા કરતી હતી. સૌને પૂજ્ય ગુરુદેવ તેમજ વંદનીય માતાજીની હાજરીનો ભાસ થઈ રહ્યો હતો. પ્રાણપ્રતિષ્ઠા ઉપરાંત પ્રવચન શ્રેણીમાં ક્રાંતિકારી ગીતોના માધ્યમથી જનમાનસને સંઘર્ષ માટે આંદોલિત કરવામાં આવ્યું. ત્યારબાદ શંખ ધ્વનિની સાથે પૂજ્ય પંડિતજીનું ક્રાંતિકારી ઉદ્‌બોધન થયું જેમાં તેમણે ૧૦,૦૦૦ પરિજનોના સમૂહને વિવેકાનંદ અને હનુમાનજીના ઉદાહરણો આપીને સમર્પણનું મહત્ત્વ સમજાવ્યું. તેમણે કહ્યું કે જે કોઈ વ્યક્તિ મહાપુરુષોની સામે સમર્પણ કરે છે તે કોઈ પણ પ્રકારે નુકસાનીમાં રહેતી નથી. ભગવાનની સમક્ષ સોગંદ લઈને તેને પૂર્ણ કરવામાં જે પોતાનું જીવન લગાડે છે તે હંમેશાં અમર થઈ જાય છે. આજે પૂજ્યવરનું અંતઃકરણ સમાજમાં વ્યાપેલ કુરિવાજો, દુષ્પ્રવૃત્તિઓ તેમજ વ્યસનોથી બહુજ ઘાયલ થઈ રહ્યું છે. પૂજ્યવરે ''એકવીસમી સદી ઉજ્જ્વળ ભવિષ્ય''નું સૂત્ર આપ્યું. એકવીસમી સદીના હવે ત્રણ વર્ષ બાકી છે. તેથી પૂજ્યવર દ્વારા નવેમ્બર ૧૯૭૧માં આપેલા નિર્દેશોનું પાલન કરવાના હેતુસર સાત સૂત્રીય આંદોલનની જાહેરાત કરવામાં આવી રહી છે. આશા એવી રાખવામાં આવે છે કે આપ પૂજ્ય ગુરુદેવના ચરણોમાં આ સોગંદ લઈને જાઓ, આ કરાર કરીને જાઓ કે સમાજને કુરિવાજોથી મુક્ત કરવામાં અમે પાછળ નહીં રહીએ. ત્યારબાદ પૂજ્ય પંડિતજીના નિર્દેશ ઉપર શ્રી પ્રમોદકુમાર શર્માએ સૌ પરિજનોને સોગંદ લેવડાવ્યા. સૌ ક્રાંતિકારી યુગસૈનિકોએ હાથ ઉઠાવીને સોગંદ લીધા.

''શપથ જો ભી લી હૈ વહ પૂરી કરેંગે'' ગીતની સાથે પરિજનોએ સંકલ્પપત્ર પ્રખરપ્રજ્ઞા - સજલ શ્રદ્ધાના ચરણોમાં સમર્પિત કર્યું.

અંતમાં પૂજ્ય પંડિતનું વિદાય ઉદ્‌બોધન થયું જેમાં તેમણે પૂજ્યવરના ''बोया काटा''ના સિદ્ધાંતની વ્યાખ્યા આપી. અંતમાં સૌને આ આશા સાથે ભાવભીની વિદાય આપી કે સૌ ભાઈબહેનો ક્રાંતિ પુસ્તકમાળાને ઘરે ઘરે પહોંચાડશો અને સમાજના કુરિવાજોને દૂર કરવામાં પૂરા પ્રયાસથી યુદ્ધના ધોરણે લાગી જશે. સૌ પરિજનોને ઉતરવાની વ્યવસ્થા મથુરા-વૃંદાવનની ૧૩ ધર્મશાળાઓ તેમજ આશ્રમોમાં કરવામાં આવી હતી. આવવા જવા માટે બસોની મફત સેવા ઊભી કરવામાં આવી હતી. સ્થાનિક ગાયત્રી પરિવારના પરિજનોએ પ્રશંસનીય યોગદાન આપ્યું. ગાયત્રી પરિવાર, ઢવરા (ગ્વાલિયર)ના પરિજનોએ ખૂબ પરિશ્રમ ઉઠાવીને ક્રાંતિ પુસ્તકમાળાનો સ્ટોલ ચલાવ્યો. આ આયોજનમાં કાનપુરથી એક વિકલાંગ ભાઈશ્રી અશોકભાઈ પાલ ટ્રાઈસિકલ ઉપર ચાલીને આવ્યા હતા.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગુરુદેવે કોલબેલનું બટન દખાવ્યું. હાજર થએલા કાર્યકર્તાને ક્ષેત્રના એક પરિજનનું નામ લઈ તેને પોતાની પાસે મોકલવા જણાવ્યું. આવનાર વ્યક્તિ સમયથી પોણો કલાક મોડો પહોંચ્યો હતો, તેથી તેણે થોડું ખચકાતાં ખચકાતાં પૂજ્ય ગુરુદેવના રૂમમાં પ્રવેશ કર્યો. ગુરુદેવ છાપું વાંચી રહ્યા હતા. પરિજનને જોઈને એમણે છાપું બાજુ પર મૂકી દીધું અને તેની સાથે વાતો કરવા લાગ્યા. એમની કોમળતા અને વિનોદપ્રિયતાએ તેના સંકોચને ધોઈ નાખ્યો. વાતચીતનો ક્રમ શરૂ થયો. આ સમય દરમ્યાન એમણે તેના કાંડા ઘડિયાળ તરફ ઈશારો કરતાં પૂછયું-''ઘડિયાળ સુંદર છે, કયાંથી ખરીદયું ?'' પરિજને કહ્યું-આ વિદેશી ઘડિયાળ છે, ગમી ગયું એટલે ખરીદી લીધું. ગુરુદેવે કહ્યું-''ભલે, પરંતુ તેનો ઉપયોગ કરવાનું તો તું જાણતો નથી. પછી ઘડિયાળ પહેરવાનો શું અર્થ ?'' જ્યારે બધાં જ કામ સમયસર પૂરાં કરવામાં આવે, સમયની સાથે સાથે ચાલવામાં આવે, ત્યારે ઘડિયાળનો સાચો ઉપયોગ કર્યો ગણાય. જો આગળ વધવું હોય, ઊંચા ઊઠવું હોય તો મહાકાળની સાથે સાથે ચાલવું પડશે, ત્યારે જ આ ઘડિયાળ ઉપયોગી સાબિત થશે. પરિજન સમયનું મહત્વ સમજી ગયા અને દરેક કામ નિયમિત રીતે કરવા લાગ્યા.

એક દિવસ એક મોટા અમલદાર પોતાના એક મિત્ર સાથે પધાર્યા. તપોભૂમિના એક ઓરડામાં એમની મુલાકાતની વ્યવસ્થા થઈ. પૂજ્ય ગુરુદેવે એમને ખુરશી પર બેસવા કહ્યું. પરંતુ તેઓ તૈયાર ન થયા. અનેકવાર ના....નાં..... કરવા છતાં પૂજ્ય ગુરુદેવે એમને આગ્રહપૂર્વક ખુરસી પર બેસાડયા. સુપ્રસિદ્ધ સંત આટલું સન્માન આપશે, તેની કોઈને કલ્પના નહોતી. લગભગ અડધો કલાક વાતચીત ચાલી. ત્યાર પછી બંને બહાર આવ્યા. પોતાની મોટરમાં બેસતા અમલદારે પોતાના મિત્રને કહ્યું-

''આશ્ચર્યજનક વ્યક્તિ, દરેકનું સન્માન એમના હાથોમાં સલામત છે.''

એમની આ ટિપ્પણી પાસે ઊભેલા એક કાર્યકર્તાએ સાંભળી. એણે જ્યારે આ વાત ગુરુદેવને સંભળાવી તો હસતાં-હસતાં કહેવા લાગ્યા-શિષ્ટાચાર તથા પ્રશંસામાં અદ્‌ભૂત શક્તિ છે. તેનો સદુપયોગ કરી તું પણ આખી દુનિયાના હૃદયનો સમ્રાટ બની શકે છે.

ગુરુદેવ સ્ટીમરમાં બેસી ઈસ્ટ આફ્રિકા જઈ રહ્યા હતા. ઉદ્દેશ્ય એક જ હતો-ત્યાંની સભ્યતાના અહંમાં ગ્રસ્ત લોકો દ્વારા તિરસ્કૃત, અપમાનિત સમુદાયને ગળે લગાવવાનો. ત્યાં સભ્યતા અને સંસ્કૃતિનાં બીજ વાવવાનો. જેમને સમુદ્રી યાત્રાનો અભ્યાસ નથી એમને તો આ યાત્રામાં બહુ મુશ્કેલી પડે છે. પરંતુ એમનું લેખન ચિંતન તથા અન્ય દૈનિક કામ યથાવત્ ચાલી રહ્યા હતા. આ સમય દરમ્યાન એમને ખબર પડી કે જ્યાં જવાનું છે, ત્યાંના પણ કેટલાક લોકો જહાજમાં મુસાફરી કરી રહ્યા છે. બસ, મનની શીખવાની વૃત્તિએ ત્યાંની ભાપા શીખવા માટે પ્રોત્સાહિત કર્યા. ઉમંગ ઉત્સાહમાં અને ઉત્સાહ કાર્યમાં બદલાઈ ગયો. શીખવાનું શરૂ કરી દીધું. માત્ર નવ દિવસમાં એમણે ત્યાંની સ્વહિલી નામની ભાષા પર કાબુ મેળવી લીધો, શિખવાડનારા આશ્ચર્યમાં પડી ગયા. એમ તો પ્રસિદ્ધ પ્રાચ્યવિદ સર વિલિયમ જોન્સને પણ કલકત્તાના પંડિતો પાસેથી સંસ્કૃત શીખ્યું હતું, પરંતુ અહિયાં ગતિની તીવ્રતા અદ્‌ભૂત હતી. શીખવાની વૃત્તિના આ વરદાનના બળ પર એમણે ત્યાં પહોંચીને બધી જ વાતચીત એમની ભાપામાં કરીને સૌને આશ્ચર્યચકિત કરી દીધા.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મહાક્રાંતિ ગીત

નઈ સાધના કા બિગુલ બજાઓ,
ચલે હૈં નઈ ક્રાંતિ કા ગીત ગાને,
યહી તો સમય હૈ, સભી કો જગાઓ.

યહી તો પ્રહર હૈ, રાગ ક્રાંતિ સુનાઓ,
ચલો સબ વિષમતા કી હોલી જલાને,
મહાક્રાંતિ કા સબ નયા રાગ ગાઓ,
યહી તો સમય હૈ, સભી કો જગાઓ.

નઈ ક્રાંતિ કા ગીત ફિર સે સુનાઓ,
અબ ભરો પ્રાણ ઊર્જા, સાધક બનાઓ,
સભી કે હૃદય મેં પ્રાણ શક્તિ જગાઓ,
યહી તો સમય હૈ, સભી કો જગાઓ.

શાશ્વત શાંતિ કા, ક્ષણ ફિર સે લાને,
ક્ષિતિજ પર ચલો અબ ઉષા કો જગાઓ,
યુગ ઋષિ કી પ્રેરણા સે નયા રાગ ગાઓ,
યહી તો સમય હૈ, સભી કો જગાઓ.

નઈ ક્રાંતિ કા દૃઢ સંકલ્પ લેકર,
મહાચેતના કા બિગુલ અબ બજાઓ,
ચલો સબ નયા સાધના-ગીત ગાઓ,
યહી તો સમય હૈ, સભી કો જગાઓ.

નિષ્ઠા જગાઓ કિ વિશ્વાસ જાગા,
વિશ્વાસ જાગા કિ શ્રધ્ધા બનેગી,
યહી તો સમય હૈ બિગુલ અબ બજાઓ,
યહી તો સમય હૈ, સભી કો જગાઓ.

નઈ સાધના કા નયા ગીત ગાઓ,
પ્રભાતી સુનાઓ ઉષા જાગ જાએ,
ઉષા કા કિરણ સે સાધક જગાઓ,
યહી તો સમય હૈ, સભી કો જગાઓ.

મહાક્રાંતિ કા બિગુલ અબ બજાઓ,
ચલો અબ નઈ ક્રાંતિ કા ગીત ગાઓ,
નઈ સાધના કા બિગુલ અબ બજાઓ,
યહી તો સમય હૈ, સભી કો જગાઓ.

**-રતનસિંહ પંવાર**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.